કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com

તા.૨૯ એપ્રિલ, ૨૦૨૬ બુધવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

◆અંક નંબર : ૩૦૨◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ - ૧૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# પ. બંગાળમાં બીજા તબક્કાના મતદાનનો ધમધમાટ



## ભવાનીપુર બેઠક પર મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભાજપના ઉમેદવાર સુવેદુ અધિકારી વચ્ચે ખરાખરીનો જંગ

કોલકત્તા:પશ્ચિમ બંગાળની વિધાનસભા ની બીજા તબક્કાની ૧૪૨ બેઠકો ઉપર આજે શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે. બીજા તબક્કાની ચૂંટણીમાં ભવાનીપુર બેઠક પરથી મુખ્યમંત્રી મમતા બેનર્જી ચૂંટણી લડી રહ્યા છે તેમની સામે ભાજપે ભાજપના નેતા સુવેંદુ અધિકારીને ચૂંટણી જંગના મેદાનમાં ઉતારતા ભવાનીપુર ની બેઠક પર આ વખતે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ભાજપના ઉમેદવાર સુવેન્દુ અધિકારી વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ ખેલાશે.

**બંગાળમાં ચુંટણી મતદાન વચ્ચે હોબાળો** : ફાલ્ટામાં ઈવીએમમાં ગડબડનો ભાજપના ઉમેદવારે લગાવ્યો આરોપ : મશીનમા બટનો કામ કરતા નથી : ભાજપના ઉમેદવાર વિકાસ સરદાર પર હુમલો થયો : સુરક્ષા કર્મીઓએ સ્થિતી કાબુમાં મેળવી : ગાડીમાં પણ થઈ તોડફોડ

### 11.00 વાગ્યા સુધી 39.97 ટકા મતદાન નોંધાયું



નોર્થ બેરકપુરમાં મહિલા મતદારોની લાંબી લાઈન લાગી.



હાવડામાં વરસાદ વચ્ચે મતદારો પોલિંગ બૂથની બહાર લાઈનમાં ઉભા રહ્યા.

કોલકત્તા : પશ્ચિમ બંગાળ વિધાનસભાની બીજા તબક્કાની ૧૪૨ બેઠકો માટે આજે યોજાયેલા મતદાનમાં વહેલી સવારથી જ મતદારોએ મતદાન માટે મતદાન મથકો પર લાંબી લાઈનો લગાવી દીધી હતી. બીજા તબક્કામાં યોજાયેલા મતદાન મા પ્રથમ બે કલાકમાં ૧૮.૩૯ ટકા મતદાન નોંધાયું હોવાના

**અનુસંધાન પાના નં.૪ પર**

## બંગાળ, તમિલનાડુ, કેરલ, અસમ અને પૉંડિચેરીમાં કોની સરકાર ?

નવી દીલ્હી : પશ્ચિમ બંગાળમાં બીજા ચરણની ૧૪૨ સીટો પર મતદાન પ છી બુધવારે સાંજે ૭ વાગયાથી પાંચ રાજ્યો (પશ્ચિમ બંગાળ, અસમ, કેરલ, તમિલનાડુ અને પોંડિચેરી) માં થયેલ વિધાનસભા ચૂંટણી માટે એક્ઝિટ પોલ બુધવારે શરૂ થશે. પશ્ચિમ બંગાળની ૨૯૪ સીટો પર ભાજપા અને તૃણમૂળ કોંગ્રેસમાં કડક મુકાબલો છે. અહી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, અમિત શાહ અને મમતા બેનર્જીની પ્રતિષ્ઠા




દાવ પર લાગી છે.

અસમની ૧૨૬ સીટો પર ભાજપા અને કોંગ્રેસ વચ્ચે મુકાબલો છે તો તમિલનાડુની ૨૩૪ સીટો પર દ્રમુક, અન્નાદ્રમુક અને ટીવીકેમાં ત્રિકોણીય મુકાબલો જોવા મળી રહ્યો છે. કેરલની ૧૪૦ સીટો પર એલડીએફ અને યૂડીએફ અને યૂડીએફ વચ્ચે કાંટાની ટક્કર થઈ શકે છે. તમિલનાડુ અને કેરલમાં ભાજપાએ પણ પૂરૂ જોર લગાવ્યુ છે.

અસમ, કેરલ, તમિલનાડુ અને પોંડિચેરીમાં મતદાન થઈ ચુક્યુ છે. આવામાં બધાની નજર એક્ઝિટ પોલ પર લાગી છે. જો કે અનેકવાર ચૂંટણી પરિણામ એક્ઝિટ પોલના પરિણામથી જુદા પણ આવ્યા છે. હાલ બધી એજંસીઓના એક્ઝિટ પોલના પરિણામ જાણવા માટે બન્યા રહો વેબદુનિયા પર.

## ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં સ્થપાશે અત્યાધુનિક 'ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન'

ગાંધીનગર : ગુજરાતના મુખ્ય પર્યટન સ્થળો પર આવતા પ્રવાસીઓની સુરક્ષા, સુવિધા અને સુખદ અનુભવમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ DG & IG કોન્ફરન્સની ભલામણો મુજબ રાજ્યના મહત્વના પ્રવાસન જિલ્લાઓમાં સમર્પિત 'ટુરિસ્ટ પોલીસ સ્ટેશન' કાર્યરત કરવાનો



**આ પહેલનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો જ નહીં, પરંતુ ગુજરાતની મુલાકાતે આવતા દેશ-વિદેશના પર્યટકોને એક સુરક્ષિત અને ટુરિસ્ટ ફ્રેન્ડલી વાતાવરણ પૂરું પાડવાનો છેઃ ડો. કે.એલ.એન.રાવ : રાજ્યના પોલીસ વડા ડો.કે.એલ.એન.રાવની અધ્યક્ષતામાં યોજાઇ મહત્વપૂર્ણ બેઠક**

હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ પ્રથમ તબક્કે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને ડાંગ જેવા મુખ્ય પ્રવાસન જિલ્લાઓમાં

**અનુસંધાન પાના નં.૪ પર**

## પીએમ મોદીનો વારાણસી મુલાકાતનો બીજો દિવસ

નવી દીલ્હી :પીએમ મોદીની વારાણસી મુલાકાતનો આજે બીજો દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા છે. મોદીએ બાબા વિશ્વનાથની ખાસ (પૂજા વિધિ) કરી હતી. પીએમ મોદી વારાણસીમાં વિવિધ સ્થળોએ બનાવેલા વિવિધ ઔપચારિક સ્વાગત કમાનોમાંથી પસાર થઈને મંદિર પહોંચ્યા. અહીં પૂજા સમારોહ પછી, પીએમ મોદી ગંગા એક્સપ્રેસ વેના ઉદ્ઘાટન માટે હરદોઈ જશે.પીએમ મોદી મંદિર સંકુલમાં પ્રવેશતા જ, સમગ્ર પરિસર વૈદિક મંત્રોના જાપથી ગુંજી ઉઠ્યું. આ સમય દરમિયાન, ઘણા પૂજારીઓ હરોળમાં ઉભા હતા,



**કાશી વિશ્વનાથમાં ષોડશોપચાર પદ્ધતિથી કરી પૂજા-અર્ચના**

ડમરુ વગાડતા હતા; તેઓએ હાથમાં મોટો ડમરુ પકડ્યો હતો. પીએમ મોદી શ્રદ્ધાના સંકેત રૂપે હાથ જોડીને મુખ્ય દરવાજા દ્વારા સંકુલમાં પ્રવેશ્યા. તેમણે તેમનું સ્વાગત કરવા માટે ભેગા થયેલા પૂજારીઓનો પણ ખાસ આભાર માન્યો. પીએમ મોદીએ ષોડશોપચાર વિધિ પદ્ધતિ અનુસાર બાબા વિશ્વનાથની પૂજા કરી હતી. તેમણે પહેલા દેવતાને આહ્વાન કર્યું. ત્યારબાદ, તેમણે પદ્ય અને અર્ઘ્ય અર્પણ કર્યું હતું. મોદીએ તમામ નિર્ધારિત વિધિઓનું પાલન કરીને, તેમણે ભગવાન બાબા વિશ્વનાથને પવિત્ર ગંગાજળ, હળદરનું પાણી, અક્ષત (પવિત્ર ચોખાના દાણા) અને દૂધનો ઉપયોગ કરીને અભિષેક કર્યો હતો.

## કર્ણાટક સરકારે SC શ્રેણી માટે આંતરિક અનામત લાગુ કરવાનો આદેશ આપ્યો

**૫૬,૪૩૨ જગ્યાઓ પર સીધી ભરતીનો માર્ગ મોકળો**

બેંગલુરુ : કર્ણાટક સરકારે રાજ્યમાં અનુસૂચિત જાતિ માટે ઉપલબ્ધ ૧૫ ટકા અનામતની અંદર આંતરિક અનામત લાગુ કરવા માટે એક સત્તાવાર આદેશ જારી કર્યો છે. સરકારે આ હેતુ માટે ૫.૨૫, ૫.૨૫ અને ૪.૫૦ ટકાનું સુધારેલું ફોર્મ્યુલા ઘડ્યું છે.આ મહત્વપૂર્ણ નિર્ણયની સાથે, મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ તમામ નિમણૂક અધિકારીઓને નાણા વિભાગ દ્વારા પહેલાથી જ મંજૂર કરાયેલ ૫૬,૪૩૨ જગ્યાઓ પર સીધી ભરતી માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે, જે પ્રક્રિયા છેલ્લા કેટલાક સમયથી અટકી પડી હતી.મંત્રીમંડળના નિર્ણય મુજબ, કર્ણાટકની ૧૦૧ અનુસૂચિત જાતિઓને ત્રણ મુખ્ય શ્રેણીઓમાં વિભાજીત કરવામાં આવશે અને તેમને અનામતનો લાભ આપવામાં આવશે. આમાં શ્રેણી છ (માડિગા અને સંલગ્ન જાતિઓ/દલિત ડાબેરીઓ) માટે ૫.૨૫ ટકા, શ્રેણી B (હોલિયા અને સંલગ્ન જાતિઓ/દલિત જમણેરી) માટે ૫.૨૫ ટકા અને શ્રેણી C (ભોવી, લંબાણી, કોરમા, કોરચા અને ૫૯ વિચરતી સમુદાયો) માટે ૪.૫ ટકા અનામતનો સમાવેશ થાય છે.

## કમલમમાં ભાજપ યોજશે કાર્યકર્તા સમારોહ



**સીએમ-ડે.સીએમ-પ્રદેશ અધ્યક્ષ સહિતનાઓ રહેશે ઉપસ્થિત : ભવ્ય જીત બદલ કાર્યકર્તાઓની ભુમિકાને બિરદાવાશે : ભોજન સમારોહનું પણ આયોજન**

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો ભગવોરાજયમાં ઠેર ઠેર લહેરાઈ જવા પામ્યો છે. ૨૦૨૧ કરતા પણ સારૂ પરીણામ ભાજપે મેળવી લીધુ છે. દરમ્યાન જ મળતી માહીતી અનુસાર કમલમ મધ્યે પ્રદેશ ભાજપ દ્વારા આ જીતને વધાવવા માટે કાર્યકર્તાઓ સાથે એક બેઠકનું આયોજન કરવામા આવ્યું છે. ભોજન સમારોહ સાથે યોજાઈ રહેલી આ બેઠકમાં રાજયના મુખ્યપ્રધાન

**અનુસંધાન પાના નં.૪ પર**

## બંગાળ પછી હવે 'મિશન ૨૦૨૭': ભાજપે તૈયારીઓ શરૂ કરીઃ સાત રાજ્યો માટે 'વિનિંગ પ્લાન'

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ આ રાજ્યોમાં ગ્રાઉન્ડવર્ક શરૂ કરી દીધું : ગોવા, ગુજરાત, મણિપુર, પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી યોજાશે**

નવી દિલ્હી : બંગાળમાં મતદાન પૂર્ણ થાય તે પહેલાં જ, ભાજપે આગામી વર્ષે ઉત્તર પ્રદેશ અને ગુજરાત સહિત સાત રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ આ રાજ્યોમાં ગ્રાઉન્ડવર્ક શરૂ કરી દીધું છે.ભારતીય રાજકારણમાં એક પ્રખ્યાત કહેવત છે ભાજપ ક્યારેય સૂતો નથી. છેલ્લા ત્રણથી ચાર દિવસની રાજકીય ગતિવિધિ આનો સ્પષ્ટ પુરાવો છે. જ્યારે વિરોધ પક્ષો બંગાળમાં મતદાનના અંતિમ તબક્કામાં વ્યસ્ત છે, ત્યારે ભાજપ અન્ય રાજ્યોમાં તેની સ્થિતિ મજબૂત કરી રહી છે.

પાર્ટીના એક સૂત્રએ જણાવ્યું હતું કે મોટાભાગના પ્રાદેશિક અને રાષ્ટ્રીય પક્ષો ચૂંટણી નજીક આવતાની સાથે તેમની નીતિઓ અને

**અનુસંધાન પાના નં.૪ પર**

## ચૂંટણી બાદ પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાની અફવા !

**પેટ્રોલ પંપો પર ભીડ ઉમટતાં સરકારે કરી સ્પષ્ટતા**

નવીદિલ્હી : અમેરિકા-ઈરાન વચ્ચે હજુ પણ વિવાદ ચાલી રહ્યો છે, જેના કારણે વિશ્વ માટે સૌથી મહત્ત્વનો અને એક સમયે વ્યસ્ત કહેવાતો હોર્મુઝ જળમાર્ગ બંધ સ્થિતિમાં છે. આ માર્ગ પરથી પસાર થતો મોટાભાગનો સપ્લાય અટકી પડ્યો છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે કેટલાક અહેવાલોમાં આશંકા વ્યક્ત કરાઈ છે કે, ભારતમાં હાલ ચાલી રહેલી ચૂંટણી બાદ પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો થઈ શકે છે.

## ભારત પહેલેથી જ હિન્દુ રાષ્ટ્ર છેઃ તેને જાહેર કરવાની જરૂર નથી

**મોહન ભાગવતે આપ્યું મોટું નિવેદન**

નાગપુર : અયોધ્યામાં રામ મંદિર સત્તામાં રહેલા લોકોની પ્રતિબદ્ધતા અને દેશના પ્રત્યેક વ્યક્તિના સમર્થનને કારણે બની શક્યું હતું એવી સ્પષ્ટતા કરી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતને હિન્દુ રાષ્ટ્ર છે જ એટલે એને હિન્દુ રાષ્ટ્ર તરીકે જાહેર કરવાની કોઈ જરૂર નથી.આરએસએસ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અનુસાર ભાગવત જેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રામ મંદિરનું નિર્માણ શક્ય બન્યું હતું એવી વ્યક્તિઓના સન્માન માટે એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. આ કાર્યક્રમ ડો. હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા રેશીમબાગમાં આયોજિત કરવામાં આવ્યો હતો.ભાગવતે વધુમાં જણાવ્યું હતું કે મંદિર ભગવાન રામની પોતાની ઈચ્છાથી બનાવવામાં આવ્યું હતું.



કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**વૈશાખ સુદ-૧૩, તા.૨૯ એપ્રિલ, બુધવાર**

# પાટીલથી સવાયા સાબિત થયા પંચાલ




વિશ્વકર્માનું ગજબનું માઈક્રો મેનેજમેન્ટ સમગ્ર ચૂંટણીનું ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ માઈક્રો મેનેજમેન્ટ કર્યું હતું. રાજ્યભરમાં ડોર-ટુ-ડોર પ્રચાર સાથે ગ્રૂપ મીટિંગ પર ભાર મૂકી સૌને સાથે લઈને ચાલવાની નીતિ અપનાવી હતી. ચૂંટણી દરમ્યાન ભાજપે તમામ જિલ્લાઓ તથા તાલુકાઓમાં ગ્રુપ મિટિંગ અને સામાજિક બેઠકો કરી હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપે બૂથ લેવલથી વોટ બેંક સુધી પહોંચવા માટે આખું પ્લાનિંગ ઘડ્યું હતું.

પાટીલથી સવાયા સાબિત થયા પંચાલ ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ હતા અને તેમના નેતૃત્વમાં પાર્ટીએ ૬૧ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ૯૦ ટકા બેઠકો જીતી હતી. હવે પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ છે અને પરિણામો જાળવી રાખવાની સૌથી મોટી ચેલેન્જ હતી. જગદીશન પંચાલના નેતૃત્વમાં આ પહેલી ચૂંટણી લડાઈ છે અને અહીં જ તેમની અગ્નિપરીક્ષા થઈ હતી. જો કે તેઓ આ પરીક્ષામાં સંપૂર્ણ પાસ થઈ ગયા છે. માત્ર એટલું જ નહીં, તેઓનું પર્ફોર્મન્સ પાટીલથી પણ સવાયું છે. આ વખતે ભાજપે ૯૦ ટકાથી પણ વધુ જીત મળી છે.૨૦૨૧માં ૯૦% સીટ પર કેસરિયો ૨૦૨૧માં ભાજપે શાનદાર જીત મેળવી ત્યારે તેની પાસે ૧૦૦ ટકા સાંસદ, ૧૦૦ ટકા જિલ્લા પંચાયત, ૯૩ ટકા નગરપાલિકા, ૮૬ ટકા તાલુકા પંચાયત અને ૬૧ ટકા ધારાસભ્યો હતા. જેનો સીધો ફાયદો ત્યાર બાદ આવેલી વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં થયો હતો. જેમાં ભાજપે ૧૫૬ સીટ મેળવી હતી અને કોંગ્રેસ માત્ર ૧૭ સીટ પર સમેટાઈ ગઈ હતી. જ્યારે આપને ૫ બેઠક મળી હતી.ત્યાર બાદ બે વર્ષમાં જ ભાજપે કોંગ્રેસના ૪ અને એક અપક્ષ ધારાસભ્યને પોતાની પાર્ટીમાં ભેળવી લેતા ૧૬૧એ સંખ્યાબળ પહોંચ્યું છે.

# જનતા જનાર્દનના પોલાદી પંજાએ કોંગ્રેસના પંજાને, ઝાડુ સહિત હડસેલી દીધો : દેવજીભાઈ વરચંદ





## મા આશાપુરાના ચરણે આભાર દર્શન કરી, માના સાંનિધ્યમાં લોકોનો ઋણ સ્વીકાર કરવા અધ્યક્ષ, સંગઠન હોદ્દેદારો, સર્વે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જિલ્લા મથક ખાતે વિજયોત્સવ મનાવવામાં આવ્યો

ભુજ - કચ્છઉદય : ગુજરાત સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીના જાહેર થયેલ પરિણામોમાં સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનો દબદબો યથાવત રહ્યો છે ત્યારે કચ્છમાં પણ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેતૃત્વ હેઠળ કમળ સોળે કળાએ ખીલ્યું છે અને જિલ્લા પંચાયતની ૩૮માંથી ૩૪ બેઠકો, પ્રથમ વખત ચૂંટણી યોજાયેલી એવી નવનિર્મિત ગાંધીધામ મહાનગરપાલિકામાં ૫૨ માંથી ૪૧ બેઠકો, પાંચે પાંચ નગરપાલિકાઓ તેમજ નવે નવ તાલુકા પંચાયતોમાં ભારતીય જનતા પાર્ટીએ લોકોના પ્રેમ અને આશીર્વાદથી સ્પષ્ટ બહુમતી મેળવી છે અને ફરી એક વખત જનસેવા અને વિકાસ પથ પર અડગ સંકલ્પ સાથે ડગ માંડ્યા છે.

આ હર્ષવર્ધક પરિણામો પશ્ચાત કચ્છ જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય, કચ્છ કમલમ ખાતે એક પછી એક બેઠકોના વિજેતા ઉમેદવારો એમના ટેકેદારો, સમર્થકોના ધાડેધાડા સાથે ઉમટતા હતા ત્યારે જિલ્લા ભાજપ કાર્યાલયમાં આનંદ અને ઉત્સાહ ચરમસીમાએ વર્તાઈ રહ્યા હતા. આ તબક્કે ઉપસ્થિત તમામ આગેવાનો, વિજયી ઉમેદવારો અને કાર્યકરોએ એકબીજાને મીઠુ મોઢું કરાવી, પરસ્પર શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી, જેમાં ઉપસ્થિત પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, હિતેષભાઈ ખંડોર સહિત આગેવાનોએ આ વિજયને કચ્છભરના ખુણે ખુણે ફેલાયેલા ભારતીય જનતા પાર્ટીના નામી અનામી હજારો કાર્યકર્તાઓને સમર્પિત કરીને સૌ આગેવાનો, કાર્યકર્તાઓ, ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા. પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવેએ લખપતથી રાપર સુધીના પરિણામોમાં સાર્વત્રિક ધોરણે ભાજપનો જે જ્વલંત વિજય જોવા મળ્યો છે તે કેન્દ્ર અને ગુજરાતની પરસ્પર તાલમેલથી ચાલતી ડબલ એન્જીન વાળી સરકારો દ્વારા જનહિતમાં જારી કરાયેલ અગણિત જનકલ્યાણકરી યોજનાઓની સ્વીકૃતિ તેમજ ભારતીય જનતા પાર્ટીના સર્વે કર્મઠ સૈનિકોને આભારી હોવાનું જણાવી વિશેષપણે માંડવી નગરપાલિકામાં ૩૬ માંથી ૩૬ બેઠકો મેળવી માંડવીને સંપૂર્ણ કોંગ્રેસમુક્ત બનાવવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, કચ્છની તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં જનતા જનાર્દનના સર્વોચ્ચ જનાદેશ, જનાધારને આધારે ભગવો લહેરાયો છે જે ખૂબ આનંદ અને ગૌરવની બાબત છે. કચ્છ ભાજપ માટે સાચા અર્થમાં સોનાનો સૂરજ ઊગ્યો છે. વિશેષમાં સૌ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને ટકોર કરતા જણાવ્યું હતું કે૪ એક નિષ્ઠાવાન જનસેવકને છાજે એવી રીતે પાર્ટીના અંત્યોદયના સિદ્ધાંતને અનુસરીને, પારદર્શક છબી સાથે પક્ષની ઊજળી પરંપરા આગળ ધપાવવામાં અવિરત, અવિરામ પ્રવૃત રહેવાનો સમય આવી ચુક્યો છે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ આ ભવ્યાતિભવ્ય વિજયને મોદી સાહેબના વિકાસ, સુશાસન અને રાષ્ટ્રવાદી નેતૃત્વની જીત ગણાવી જણાવ્યું હતું કે લોકોએ વિકાસ મોડેલને વધાવ્યું છે, અપનાવ્યું છે અને ફરી વિકાસની રફતારને વેગ આપવા ભારતીય જનતા પાર્ટીની ઝોળીમાં ખોબેખોબા ભરીને મતો આપીને તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનું સુકાન સોંપ્યું છે. જિલ્લાભરના પરિણામો જાહેર થયા બાદ સાયંકાળે શ્રી વરચંદ સહિત જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોર, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ પ્રફુલસિંહ જાડેજા, અશોકભાઈ હાથી આશિકાબેન ભટ્ટ, ભુજ શહેર ભાજપ અધ્યક્ષ મીતભાઈ ઠક્કર, મહામંત્રી જીગરભાઈ શાહ સહિત ભુજ નગરપાલિકામાં ચૂંટાયેલા ભાજપના તમામ ૨૮ નગરસેવકોએ કચ્છ દેશ કુળદેવી આઈ આશાપુરાના ચરણે શિશ ઝુકાવીને આભાર દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને ત્યાર બાદ મંદિર પરિસર બહારના ચોકમાં વિજયોત્સવ મનાવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, તમામ નગરપાલિકાઓ તેમજ તમામ તાલુકા પંચાયતો કબ્જે કરીને જે ઐતિહાસિક વિજય આલેખ્યો છે એના પછવાડે પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી સહિત સમગ્ર જીલ્લા ભાજપ પરિવારનો સંગઠનાત્મક પુરુષાર્થ રંગ લાવ્યો હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી તેમજ સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.

## કચ્છની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયને આવકારતા સાંસદ વિનોદભાઈ ચાવડા



ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજયની ખુશાલી અને મતદારોનો આભાર માનતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જીત એ ઉમેદવારોનો કાયમી લોકસંપર્ક અને લોકો સાથે સુખ-દુઃખના સંબધો, લોકોના પ્રશ્નોને સદૈવ વાચા આપતા ભાજપની જીત છે. બધા કાર્યકરો, સંગઠનને સાંસદે અભિનંદન પાઠવ્યા હતા. જનતાએ લોકશાહીની પરંપરાને જીવંત રાખી છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહા નગરપાલિકાની જીત અને કાર્યકરાનો ઉત્સાહ ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ધારાસભ્યો, સંગઠન પદાધિકારી સૌએ ઉત્સાહ, જીતના વિશ્વાસ સાથે ઉમેદવારોને માર્ગદર્શન અને પ્રેરણા આપી ભાજપનો ભગવો કચ્છમાં પ્રસરાવ્યો તે બદલ સૌનો આભાર માન્યો હતો.

## ભચાઉમાં રાયોટીંગ વીથ ધાડના ગુનામાં આરોપીને ઝડપી લેવાયા



ભચાઉ - કચ્છ ઉદય : શહેરમાં વીર સાવરકર ચોક ખાતે જાહેરમાં મારામારીની ઘટના બની હતી. જેમાં આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. ફરિયાદી જતા હતા ત્યારે આરોપીએ એક્ટિવા અથડાવી નીચે પાડી દઈ ઝઘડો કર્યો હતો. રફીક મોહમદ લંગા, સલીમ ઈસ્માઈલ કુંભાર, મુસ્તાક ઉમર કુંભાર, ગફુર આમદ કુંભાર, એક અજાણ્યા ઈસમે ભેગા મળી ગાળો આપી ધમકી આપી માર માર્યો હતો. તેમજ રોકડા રૂા.૫,૨૦૦ લૂંટી લેવામાં આવ્યા હતા. જે અંગે ફરિયાદ કરવામાં આવી હતી. ભચાઉ પોલીસે આ બનાવમાં મદીના નગરમાં રહેતા સલીમ ઈસ્માઈલ કુંભાર, હિંમતપુરામાં રહેતા રફીક મોહમદ લંગા, ગફુર આમદ કુંભારને ઝડપી લીધા હતા. જ્યારે મુસ્તાક ઉમર કુંભાર, એક અજાણ્યો ઈસમ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની ધરપકડ બાકી હોવાનો પોલીસે જણાવ્યું હતું.

## કિડાણામાં પત્નીની હત્યા કરનાર પતિની ધરપકડ કરાઈ



ગાંધીધામ - કચ્છ ઉદય : તાલુકાના કિડાણા ગામે એકતાનગર વિસ્તારમાં પત્નીની હત્યા કરવામાં આવી હતી. આ બનાવમાં બી-ડિવિઝન પોલીસે આરોપીને ઝડપી લીધો છે. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસના જણાવ્યા પ્રમાણે ઘરકામ કરવા, જમવાનું બનાવવા બાબતે મનદુઃખ રાખીને કપાળ તથા માથાના ભાગે તથા ચહેરાના ભાગે કૂહાડીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. આ બનાવમાં આરોપી ભાગી જતા પોલીસે તેને ઝડપી લીધો હતો. આરોપી અશરફ ઉર્ફે સુમાર અલ્લાના લંગાની ધરપકડ કરવામાં આવી છે.

## ભુજના વોકળા ફળિયામાં મહિલાએ આપઘાત કર્યો

ભુજ - કચ્છ ઉદય : શહેરના વોકળા ફળિયામાં મહિલાએ આપઘાત કર્યો હતો. આ અંગેની વિગતો મુજબ ૨૮ વર્ષિય મનીષાબેન સંજયભાઈ પરમારે કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈને મોતને વ્હાલું કરી લીધું હતું. બનાવ અંગે એ-ડિવિઝન પોલીસે એડી દાખલ કરી હતી.

## કોટડા (મઢ)માં બાઈક ધીમુ ચલાવવા મુદ્દે મારામારી

ભુજ - કચ્છ ઉદય : લખપત તાલુકાના કોટડા (મઢ) ગામે બાઈક ધીમુ ચલાવવા બાબતે મારામારી કરવામાં આવી હતી. ફરિયાદી ધનજીભાઈ ડાયાભાઈ બલિયાના જણાવ્યા પ્રમાણે આરોપી સિકંદર સાલેમામદ રાયમા, નવાજ સાલેમામદ રાયમા, ઈરફાન ઈશાક રાયમાએ ફરિયાદી અને સાહેદો સાથે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાઈક ધીમુ ચલાવવા બાબતે કહેતા ઝઘડો કરવામાં આવ્યો હતો. દયાપર પોલીસે ગુનો દાખલ કર્યો છે.

હાઈબોન્ડ સિમેન્ટ
બી. કે. ટી. ટાયર્સ
સ્મશાનગૃહ માટે જલાઉ લાકડા કટિંગ કરેલા
સિમેન્ટ બ્લોક બનાવવાના પાટલા તૈયાર મળશે
સમગ્ર કચ્છમાં જથ્થાબંધ ભાવે
M.9824233347
M.9898999523

::: જાહેર નોટીસ :::
કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના ગામશ્રી વરસામેડીમાં આવેલ રે.સ. નં. ૪૬૧ માં પાડવામાં આવેલ પ્લોટ નં. ૨૬૪, જેનું ક્ષેત્રફળ ૫૪.૩૩ ચો.મી. વાળી મિલકતના કાયદેસરના માલિક અને કબજેદાર શ્રીમતી ધનલક્ષ્મી ધનપાલ છત્રીકોનટર છે. ઉપરોક્ત મિલકતના ઉત્તરોતર દસ્તાવેજો પૈકી (૧) વેચનાર નિયાઝ અહેમદ જાનમામદ સિંધી તથા ખરીદનાર ચંપાબેન પ્રભુજી આદીવાલ વચ્ચે થયેલ દસ્તાવેજ નં. ૧૦૩૨૪, તા. ૧૭/૧૨/૨૦૦૫ તથા (૨) વેચનાર ચંપાબેન પ્રભુજી આદીવાલ તથા ખરીદનાર કે. ધનપાલ ગોદર વચ્ચે થયેલ દસ્તાવેજ નં. ૧૦૮૬, તા. ૨૧/૦૪/૨૦૧૨ વાળા બે અસલ દસ્તાવેજો ક્યાંક ગુમ થઇ ગયેલ છે તેવું જણાવી અમારી પાસેથી ટાઇટલ ક્લીયરની માંગણી કરેલ છે. આ મિલકત અંગે કોઇપણ વ્યક્તિ, બેંક કે સંસ્થાને કોઇપણ પ્રકારનો હક્ક, હિસ્સો, અધિકાર, લેણું કે બોજો હોય અથવા કોઇપણ પ્રકારનો કાયદાકીય વાંધો હોય તો દિવસ ૭ (સાત) માં નીચે જણાવેલ સરનામે આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી તેમજ મુદત વીત્યે સદરહુ મિલકતનું ટાઇટલ ક્લીયર આપવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.
આશિષ બી. સિસોદીયા (એડવોકેટ)
ઓફીસ નં. ૪, ગ્રાઉન્ડ ફ્લોર, શાહ એવન્યુ-૧, પ્લોટ નં. ૨૧૧, વોર્ડ-૧૨/બી, પોલીસ સ્ટેશન રોડ, ગાંધીધામ-કચ્છ. પીન-૩૭૦૨૦૧.

## ભુજ નગરપાલિકાના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **વોર્ડ-૧** | | |
| અફરોઝ રફીક સદી | આપ | ૫૦૦ |
| ઈમ્તિયાઝ ફકીરમામદ સોઢા | ભાજપ | ૨૫૦૬ |
| કાસમ મામદ સમા | કોંગ્રેસ | ૨૯૩૨ |
| નરેન્દ્ર વિશનજી ભાટિયા | ભાજપ | ૨૨૪૧ |
| નૌશિદા સોયબ લંગા | કોંગ્રેસ | ૨૨૭૬ |
| મરિયમ હાસમ સમા | કોંગ્રેસ | ૨૨૩૭ |
| મહમદઆરીફ તાલબ પંખેરિયા | આપ | ૩૨૨ |
| મુખ્તાર જાફર સમા | AIMIM | ૩૫૮૧ |
| યાકુબભાઈ અહમદ ખત્રી | કોંગ્રેસ | ૨૨૩૬ |
| રાજેશકુમાર શામજી મહેશ્વરી | આપ | ૫૧૨ |
| રોશનબેન જુસબ સમા | AIMIM | ૩૩૭૦ |
| સરફરાજ ઈસ્માઈલ જીએજા | AIMIM | ૩૭૦૫ |
| સીમાબેન આમદ કુંભાર | ભાજપ | ૧૯૮૫ |
| હમીદા નાસીરહુશેન ખત્રી | ભાજપ | ૧૯૬૭ |
| હાજરા શબીર અહેમદ ખત્રી | AIMIM | ૧૯૩૩ |
| નોટા | -- | ૧૩૫ |
| **વોર્ડ-૨** | | |
| અંજલિ અશ્વિનભાઈ ગોર | કોંગ્રેસ | ૩૫૬૫ |
| કાસમ ભચુ કેવર | કોંગ્રેસ | ૩૪૨૫ |
| કાસમશા ગુલામશા શેખ | આપ | ૭૮૨ |
| નરેન્દ્રભાઈ મનજીભાઈ ભીલ | કોંગ્રેસ | ૩૧૩૪ |
| ભાણબાઈ માલશી નંજાર | આપ | ૩૬૦ |
| માલતીબેન હિતેશભાઈ ગોર | ભાજપ | ૧૪૬૧ |
| મહમદ રબાની હાજી જત | ભાજપ | ૧૨૭૩ |
| રફીક સાલેમામદ કુંભાર | AIMIM | ૯૬૯ |
| રોશનબેન હારૂન ત્રાયા | કોંગ્રેસ | ૩૦૧૯ |
| શાંતાબેન નારાણ જોગી | ભાજપ | ૧૩૭૬ |
| સલમાબેન અનવર લુહાર | આપ | ૪૦૩ |
| હર્ષદ રાજેશ ભાડેલ | ભાજપ | ૧૨૮૪ |
| નોટા | -- | ૮૬ |
| **વોર્ડ-3** | | |
| આઈશુબાઈ અલીમામદ સમા | કોંગ્રેસ | ૩૭૫૦ |
| ઈર્શાદ દાઉદ બ્રેર | આપ | ૪૮૯ |
| અંબાલાલ પ્રેમજી રાજગોર | ભાજપ | ૨૦૫૬ |
| કાંતાબેન શશીકાંત ગાંગજીયાણી | આપ | ૫૭૯ |
| કિશોરદાન જયંતીદાન ગઢવી | કોંગ્રેસ | ૩૫૨૭ |
| ફકીરમામદ રમજુ કુંભાર | કોંગ્રેસ | ૩૬૮૯ |
| ફાતમાબાઈ ગુલામહુશેન સમા | કોંગ્રેસ | ૩૪૪૪ |
| બિલકીશબાનુ અબ્દુલસિદી સમા | ભાજપ | ૧૭૦૬ |
| મહંમદહુશેન આદમ ખલીફા | આપ | ૩૮૦ |
| ડૉ. સનાબાનુ અબ્દુલગફુર ચૌહાણ | ભાજપ | ૧૬૪૭ |
| સમીર કુંભાર | ભાજપ | ૧૬૩૭ |
| નોટા | -- | ૧૧૩ |
| **વોર્ડ-૪** | | |
| ડોલીબેન ભાવેશભાઈ શાહ | ભાજપ | ૨૮૬૦ |
| નિરજ રાજાભાઈ સુંદરા | કોંગ્રેસ | ૨૧૭૩ |
| બિનાબેન ભાનુશાલી | ભાજપ | ૨૬૨૦ |
| રચનાબેન મયુર ગોર | કોંગ્રેસ | ૧૯૩૮ |
| રમેશ નારાણ પરમાર | આપ | ૨૮૦ |
| સાધના અનિલ ભાનુશાલી | કોંગ્રેસ | ૧૯૭૦ |
| હરેશ મગનભાઈ મહેશ્વરી | ભાજપ | ૨૩૫૦ |
| જાવદે કાસમ માંજોઠી | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૮૧ |
| **વોર્ડ-૫** | | |
| આદિલ જુસબ જત | કોંગ્રેસ | ૨૫૭૫ |
| કૌશલ સુરેશચંદ્ર મહેતા | ભાજપ | ૨૪૧૧ |
| ચેતનભાઈ રવિલાલ શાહ | કોંગ્રેસ | ૨૬૫૮ |
| ચંદ્રાબેન ઘનશ્યામભાઈ સોની | કોંગ્રેસ | ૨૩૯૧ |
| નસીમા ઈબ્રાહિમખાન પઠાણ | ભાજપ | ૧૯૬૫ |
| નાનબાઈ હર્ષદ સંજોટ | ભાજપ | ૧૮૦૬ |
| મુસા સુલેમાન કુંભાર | આપ | ૨૬૩ |
| મંજુલાબેન કમલેશ મહેશ્વરી | આપ | ૨૪૯ |
| રાણબાઈ આત્મારામ મહેશ્વરી | કોંગ્રેસ | ૧૯૨૮ |
| હિરેન રમેશભાઈ રાઠોડ | ભાજપ | ૧૭૮૪ |
| નોટા | -- | ૮૧ |
| **વોર્ડ-૬** | | |
| ક્રિષ્ના વિરલભાઈ ઠક્કર | આપ | ૩૭૧ |
| કોમલ ભાવેશ ઝોટા | કોંગ્રેસ | ૧૫૭૭ |
| જલધિ ચંદ્રભાઈ વ્યાસ | ભાજપ | ૩૮૨૩ |
| ધ્વનિબેન હિતેશ ગણાત્રા | ભાજપ | ૩૨૭૪ |
| પ્રશાંતગિરિ લહેરગિરિ ગોસ્વામી | ભાજપ | ૩૨૧૧ |
| વનરાજસિંહ અમરસિંહ વાઘેલા | આપ | ૧૮૪ |
| વિજયગર પ્રેમગર ગોસ્વામી | આપ | ૨૨૮ |
| શબનમ સલમાન ખત્રી | કોંગ્રેસ | ૧૨૬૮ |
| સલીમ અબ્બાસ આરબ | કોંગ્રેસ | ૧૨૪૪ |
| સુરજ મુકેશ ઠક્કર | કોંગ્રેસ | ૧૨૮૯ |
| હિનાબા જીતેન્દ્રસિંહ ઝાલા | ભાજપ | ૩૦૮૨ |
| નીતિન હરિભાઈ મકવાણા | અપક્ષ | ૨૯૩ |
| નોટા | -- | ૮૪ |
| **વોર્ડ-૭** | | |
| જ્યોતિબેન અમિત ગોહિલ | કોંગ્રેસ | ૧૨૬૫ |
| નવદીપસિંહ રામદેવસિંહ જાડેજા | કોંગ્રેસ | ૨૦૦૦ |
| મયંક વિજયભાઈ રૂપારેલ | ભાજપ | ૪૧૩૬ |
| મીનાબેન દેવદત્ત ગઢવી | ભાજપ | ૪૨૫૬ |
| રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા | ભાજપ | ૪૫૫૪ |
| સાવિત્રીબેન રામકુમાર જાટ | ભાજપ | ૪૧૭૮ |
| નોટા | -- | ૧૧૭ |
| **વોર્ડ-૮** | | |
| મનિષા ધવલરાજ સોલંકી | ભાજપ | ૩૫૪૭ |
| મનુભા ખેતુભા જાડેજા | ભાજપ | ૩૩૪૮ |
| મહેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૩૭૮ |
| રસીલાબેન અનીલ ભાટી | કોંગ્રેસ | ૯૫૧ |
| રામસંગ સતુભા સોઢા | આપ | ૨૪૫ |
| વિમીબેન વિનોદ ઠક્કર | ભાજપ | ૨૯૯૦ |
| સવિતાબેન કાનજી મહેશ્વરી | કોંગ્રેસ | ૭૯૬ |
| ચંદ્રેશ મમુ રબારી | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૧૦૧ |
| **વોર્ડ-૯** | | |
| ક્રિષ્નાબા અજયસિંહ જાડેજા | ભાજપ | ૨૭૩૪ |
| જયદેવી સાવન પૂજારા | કોંગ્રેસ | ૭૩૦ |
| દર્શક ભરતદાન ગઢવી | કોંગ્રેસ | ૭૦૯ |
| દિવ્યરવિ સોમાભાઈ સોંદરવા | કોંગ્રેસ | ૫૬૫ |
| પ્રકાશ રામજી મહેશ્વરી | ભાજપ | ૨૩૧૭ |
| ભુપેન્દ્રસિંહ વિરભદ્રસિંહ જાડેજા | આપ | ૩૦૨ |
| રૂપલ હિતેશ ચાવડા | ભાજપ | ૨૩૯૨ |
| શીતલ ચંદ્રકાંત શાહ | ભાજપ | ૨૪૩૮ |
| હંસાબેન શિવપુરી ગુંસાઈ | કોંગ્રેસ | ૪૮૭ |
| નોટા | -- | ૭૪ |
| **વોર્ડ-૧૦** | | |
| અફસાના રમજુ બ્રેર | આપ | ૩૨૮ |
| દિલીપ કાનજી હડિયા | ભાજપ | ૩૨૧૨ |
| પૂજન ગિરીશભાઈ રાજગોર | કોંગ્રેસ | ૨૦૬૪ |
| ભાવેશ ફુલશંકર જેઠી | આપ | ૬૭૧ |
| મહમદઈકબાલ નઝમુલહુશેન સૈયદ | કોંગ્રેસ | ૧૫૦૩ |
| મિતલ વિરેન ઠક્કર | કોંગ્રેસ | ૧૪૦૯ |
| રઉફ ઓસમાણ રાયમા | આપ | ૨૪૦ |
| રૂપાબેન દિપેશ સોલંકી | આપ | ૨૯૦ |
| વંદના જમીર પરમાર | ભાજપ | ૨૯૪૭ |
| હસ્મિતાબેન નવિનચંદ્ર ગોર | ભાજપ | ૩૨૩૬ |
| હિરેન ભાનુભાઈ ઠક્કર | ભાજપ | ૨૭૫૩ |
| નોટા | -- | ૯૫ |
| **વોર્ડ-૧૧** | | |
| બિંદિયા મેહુલ ઠક્કર | ભાજપ | બિનહરીફ |
| ગીતાબેન અલ્પેશ પટેલ | ભાજપ | બિનહરીફ |
| કમલ પબુભાઈ ગઢવી | ભાજપ | બિનહરીફ |
| ધર્મેશ સુભાષભાઈ જોષી | ભાજપ | બિનહરીફ |

## અંજાર નગરપાલિકાના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **વોર્ડ-૧** | | |
| જયેશ કેશવજી બલદાણિયા | ભાજપ | ૨૦૩૨ |
| ડાયાભાઈ ડુંગર મઢવી | ભાજપ | ૧૭૮૬ |
| ભરત ધનજીભાઈ માતંગ | કોંગ્રેસ | ૯૬૫ |
| મિતુલ ખીમજીભાઈ ગુંદરાસણિયા | કોંગ્રેસ | ૯૦૯ |
| કુંદનબેન મનસુખ જેઠવા | ભાજપ | બિનહરીફ |
| ધનબાઈ રણમલ ગઢવી | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૪૮ |
| **વોર્ડ-૨** | | |
| ગિરીશ મહેશ પરમાર | ભાજપ | ૨૨૬૭ |
| જયશ્રી સાગર સોની | આપ | ૩૬૨ |
| તેજપાલ મેઘજી લોચાણી | ભાજપ | ૧૯૦૩ |
| પિયુષ કિશોર પઢિયાર | આપ | ૨૮૬ |
| પ્રવિણ ખેરાજ થારૂ | આપ | ૨૧૮ |
| મહેન્દ્ર જીવરામ પઢિયાર | કોંગ્રેસ | ૮૦૦ |
| વિજય મંગલજી ફફલ | કોંગ્રેસ | ૫૨૮ |
| સંદિપા વસંતભાઈ સાકરિયા | ભાજપ | ૧૮૨૨ |
| ધર્મિષ્ઠા સામજી ખાંડેકા | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૮૮ |
| **વોર્ડ-3** | | |
| અજીતસિંહ વેલજી જાડેજા | કોંગ્રેસ | ૧૬૮૫ |
| અલ્પેશ રમેશ દરજી | ભાજપ | ૨૦૪૮ |
| પ્રકાશ રતિલાલ લોદરિયા | ભાજપ | ૧૮૪૪ |
| જ્ઞાનનાથ હિરાનાથ નાથબાવા | કોંગ્રેસ | ૧૩૧૬ |
| રજનીકાંત જદુરામ પંડ્યા | અપક્ષ | ૭૪ |
| તારાબેન પ્રકાશ રોશિયા | ભાજપ | બિનહરીફ |
| પ્રિતીબેન શૈલેષ માણેક | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૧૦૨ |
| **વોર્ડ-૪** | | |
| અનિલ દેવજી પ્રજાપતિ | ભાજપ | ૧૬૦૦ |
| તૃપ્તિબેન આહિર | ભાજપ | ૧૫૦૫ |
| દિપક રૂપાભાઈ આહિર | કોંગ્રેસ | ૨૨૭૦ |
| મિનાક્ષીબેન નરેશભાઈ રાઠોડ | કોંગ્રેસ | ૨૦૮૬ |
| રાજેન્દ્રસિંહ તેજસિંહ જાડેજા | કોંગ્રેસ | ૨૫૮૬ |
| લખધીરસિંહ નરેન્દ્રસિંહ ચૂડાસમા | ભાજપ | ૧૩૫૭ |
| લીલાવંતીબેન દિલીપ પ્રજાપતિ | ભાજપ | ૧૩૬૬ |
| હલીમાબાઈ અબ્દુલમજીદ ખત્રી | કોંગ્રેસ | ૧૭૭૫ |
| નોટા | -- | ૩૭ |
| **વોર્ડ-૫** | | |
| અમિત જયસુખલાલ વ્યાસ | ભાજપ | ૧૯૫૬ |
| કિરણ મહાદેવ આહિર | ભાજપ | ૧૯૨૬ |
| કુંદનબા ભુરૂભા જાડેજા | ભાજપ | ૧૭૦૮ |
| છાયાબા તેજસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૬૬૮ |
| મૂળશંકર કાંતિલાલ પંડ્યા | કોંગ્રેસ | ૧૪૪૩ |
| મેહુલ મેમાભાઈ આહિર | આપ | ૧૯૭ |
| યોગેશ પ્રેમજી નાથાણી | કોંગ્રેસ | ૧૨૦૮ |
| રિંકુબા સુલ્તાનસિંહ જાડેજા | આપ | ૧૭૬ |
| સંજયભાઈ સુરજભાઈ ગુર્જર | આપ | ૧૬૬ |
| હર્ષાબેન કિરણ ગોહિલ | ભાજપ | ૧૬૦૫ |
| હર્ષાબેન બાલશંકર ત્રિવેદી | કોંગ્રેસ | ૧૨૧૮ |
| નોટા | -- | ૭૨ |
| **વોર્ડ-૬** | | |
| અજયસિંહ નરપતસિંહ ઝાલા | ભાજપ | ૨૦૫૩ |
| આનંદ વિજય પલણ | ભાજપ | ૨૦૬૬ |
| કનૈયાલાલ જદુરામ પંડ્યા | કોંગ્રેસ | ૯૫૦ |
| કલ્પનાબેન પરેશ ગોર | ભાજપ | ૧૯૨૮ |
| શિવાંગી જયદીપ પોમલ | કોંગ્રેસ | ૭૭૧ |
| હસનઅલી કાસમ બાયડ | કોંગ્રેસ | ૬૯૬ |
| મમતાબેન હરિશ વેગડ | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૭૧ |
| **વોર્ડ-૭** | | |
| અબ્દુલ હમીર સુમરા | કોંગ્રેસ | ૧૧૫૧ |
| આશિષ ચત્રભુજ ઉદવાણી | ભાજપ | ૧૯૫૮ |
| ઈનાયત મહમદરફીક હોથી | AIMIM | ૮૭૩ |
| નિલેશ મોરારગર ગુંસાઈ | ભાજપ | ૧૮૧૭ |
| નીતા પુનિત ઠક્કર | ભાજપ | ૧૮૦૪ |
| ફરીદા મામદ કુંભાર | ભાજપ | ૧૭૪૮ |
| સલવરીબેન ઈમામદીન હાલેપોત્રા | કોંગ્રેસ | ૮૧૭ |
| હવાબાઈ મામદ કુંભાર | આપ | ૧૮૫ |
| હાર્દિક ભરતભાઈ ઠક્કર | કોંગ્રેસ | ૮૪૮ |
| નોટા | -- | ૭૦ |
| **વોર્ડ-૮** | | |
| અકબર કાસમ કુંભાર | ભાજપ | ૧૫૫૭ |
| કંચનબેન હરસુર બાંભણિયા | ભાજપ | ૧૫૯૫ |
| ગંગાબેન ધનજી દાતણિયા | કોંગ્રેસ | ૨૨૩૫ |
| જીજાબાઈ કાસમ શેખ | કોંગ્રેસ | ૨૨૨૯ |
| મહમદહુશેન ભાકરશા શેખ | કોંગ્રેસ | ૨૧૫૨ |
| યુવરાજસિંહ ભોજુભા વાઘેલા | કોંગ્રેસ | ૨૦૭૩ |
| વિનોદ કાનજી ચોટારા | ભાજપ | ૧૪૦૦ |
| શાંતિબેન જયરામ કોલી | ભાજપ | ૧૨૭૫ |
| નોટા | -- | ૪૮ |
| **વોર્ડ-૯** | | |
| ક્રિષ્નાબેન અતુલ વાઢિયા | કોંગ્રેસ | ૩૯૦ |
| જાગૃતિબા માધુસિંહ સોઢા | કોંગ્રેસ | ૩૫૫ |
| પરેશ ધનજી માલસતર | ભાજપ | ૨૬૨૯ |
| સોનલ તેજસ મહેતા | ભાજપ | ૨૩૧૮ |
| હર્ષાબેન યોગેશ ચોટારા | ભાજપ | ૨૩૭૪ |
| પાર્થ કૃષ્ણલાલ સોરઠિયા | ભાજપ | બિનહરીફ |
| નોટા | -- | ૫૫ |

## અબડાસા તા.પં.ના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **બાંડિયા** | | |
| ડાડા અબ્દ્રેમાન જત | કોંગ્રેસ | ૭૪૮ |
| યુસફછા હાજી ઈસ્માઈલછા સૈયદ | AIMIM | 97 |
| જયેન્દ્રસિંહ કરણસિંહ જાડેજા | ભાજપ | ૨૨૭૯ |
| દામજી કેસા હરિજન | આપ | ૩૩ |
| **બેર મોટી** | | |
| આમદભાઈ કાસમભાઈ ચ્વાણ | કોંગ્રેસ | ૧૯૧૪ |
| હારૂન અલીમામદ હાલેપોત્રા | ભાજપ | ૧૫૫૩ |
| સુલ્તાન સતાર કેર | આપ | ૧૧૭ |
| મામદ ભચલ કોરેજા | અપક્ષ | ૯૬ |
| **ભાનાડા** | | |
| રીનાબા મહેન્દ્રસિંહ જાડેજા | કોંગ્રેસ | ૬૪૮ |
| રીટાબા તખુભા જાડેજા | ભાજપ | ૯૭૧ |
| શેરબાનુ રમજુ નોડે | આપ | ૩૫ |
| **બિટ્ટા** | | |
| લીમજીભાઈ ચૌધરી | કોંગ્રેસ | ૧૦૦૦ |
| આલમ કાનજીભાઈ ભેડી | ભાજપ | ૧૨૩૬ |
| **ડુમરા** | | |
| અનીશા સતાર સુમરા | કોંગ્રેસ | ૧૪૮૭ |
| રાજેશ્રી કલ્યાણભાઈ ગઢવી | ભાજપ | ૧૬૯૮ |
| અમીનાબાઈ ઓસમાણ સુમરા | આપ | ૩૨૬ |
| **જખૌ** | | |
| હવાબાઈ અલીમામદ વાઘેર | કોંગ્રેસ | ૭૨૧ |
| જાસ્મિન મહમદ અસ્લમ લુહાર | AIMIM | 599 |
| રીટાબેન તરૂણગિરિ ગોસ્વામી | ભાજપ | ૧૫૩૭ |
| ફાપુબાઈ હારૂન કોલી | આપ | ૧૮૮ |
| **ખીરસરા (કો)** | | |
| શહેનાઝ અબ્દુલકરીમ સુમરા | કોંગ્રેસ | ૧૦૪૩ |
| શકીના અબ્દુલ સુમરા | ભાજપ | ૨૦૮૮ |
| મમતાબેન મેહુલગર ગુંસાઈ | આપ | |
| **કોઠારા** | | |
| સિદીક હાજી મુસા કુંભાર | કોંગ્રેસ | ૯૬૬ |
| મેહુલગર તુલસીગર ગુંસાઈ | આપ | |
| વિનોદ મનજી દરજી | ભાજપ | ૧૮૦૯ |
| **મોથાળા** | | |
| આશિષ ભીખા રબારી | કોંગ્રેસ | ૧૮૭૨ |
| કનૈયાગર નારણ ગોસ્વામી | ભાજપ | ૧૨૬૪ |
| જાકબ અબ્દુલ લતીફ સુમરા | આપ | ૫૭ |
| **નલિયા-૧** | | |
| દયાબા રઘુવંશી જાડેજા | કોંગ્રેસ | ૧૦૫૩ |
| નંદિનીબેન વાલજી સોલંકી | ભાજપ | ૧૬૦૭ |
| શકીનાબાઈ ભચુ નોતિયાર | આપ | ૩૬૪ |
| **નલિયા-૨** | | |
| જુલેખાબાઈ અબ્દુલ મોકરશી | કોંગ્રેસ | ૧૩૭૫ |
| શહેનાઝ ઈરફાન મોકરશી | ભાજપ | ૧૧૩૯ |
| રહીમાબાઈ ઉમર કેર | આપ | ૧૮૪ |
| **નરેડી** | | |
| વિક્રમસિંહ જોરૂભા સોઢા | કોંગ્રેસ | ૧૭૫૯ |
| નૂરમામદ ઈશાક હિંગોરા | આપ | ૧૨૮ |
| પરેશસિંહ બનુભા જાડેજા | ભાજપ | ૧૨૮૪ |
| **રામપર** | | |
| અરજણ રામાભાઈ હરિજન | કોંગ્રેસ | ૧૬૯૨ |
| લાખાભાઈ કાળુભાઈ મહેશ્વરી | આપ | ૭૭ |
| હરેશ સામંતભાઈ સીજુ | ભાજપ | ૧૪૨૮ |
| રામજી તેજાભાઈ હરિજન | અપક્ષ | |
| **સુથરી** | | |
| અલીઅકબર નૂરમામદ સંઘાર | કોંગ્રેસ | ૨૧૦૩ |
| અબ્બાસ અભુભખર સુમરા | AIMIM | 370 |
| સલીમ આધમ વેણ | આપ | ૩૮ |
| તૌસિફ મામદ સંઘાર | ભાજપ | ૧૭૮૮ |
| **તેરા** | | |
| પ્રવિણ માધવજી ભાનુશાલી | ભાજપ | ૨૨૮૩ |
| મામદશા તકીશા પીર | કોંગ્રેસ | ૯૬૪ |
| ઉસરભાઈ હાલાભાઈ બુટ્ટા | આપ | ૯૦ |
| હુશેન અભુ મંધરા | AIMIM | 13 |
| જીગર મોહનલાલ વડોર | અપક્ષ | |
| **વરાડિયા** | | |
| પુરબાઈ આણંદજી હરિજન | કોંગ્રેસ | ૧૬૮૯ |
| હિરબાઈ ડાડાભાઈ બુચિયા | ભાજપ | ૧૭૬૧ |
| ખેતબાઈ રામજી હરિજન | આપ | ૬૩૦ |
| **વાયોર** | | |
| જયાબા શિવુભા જાડેજા | કોંગ્રેસ | ૧૧૮૭ |
| લક્ષ્મીબા જેથુભા પઢિયાર | ભાજપ | ૧૪૦૬ |
| મરિયાબાઈ જુમાભાઈ કેર | અપક્ષ | ૧૮ |
| ગીતબા મહાવીરસિંહ જાડેજા | આપ | ૧૯૦ |
| **વિંઝાણ** | | |
| અતેહા અલીમામદ હિંગોરા | કોંગ્રેસ | ૧૫૦૭ |
| સજીયાબાઈ હમીદ હિંગોરા | ભાજપ | ૧૪૭૧ |
| નીતાબા પ્રતાપસિંહ જાડેજા | આપ | ૫૮ |

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# અંજાર તા.પં.ના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **ભીમાસર** | | |
| દિવાળીબેન ધીરૂભાઈ પરમાર | ભાજપ | ૯૩૯ |
| હંસાબેન દિનેશ ડુંગરિયા | કોંગ્રેસ | ૧૩૨૯ |
| નોટા | -- | ૧૪૩ |
| **ચાંદ્રાણી** | | |
| ગીતાબેન પરમાર | ભાજપ | ૧૪૦૧ |
| રમીલાબેન ખાટરિયા | કોંગ્રેસ | ૧૪૧૭ |
| નોટા | -- | ૭૪ |
| **ભુવડ** | | |
| સોહિલ અજીજભાઈ જત | આપ | ૩૬ |
| યોગેશગિરિ રમેશગિરિ ગોસ્વામી | કોંગ્રેસ | ૧૬૦૨ |
| રાજેશભાઈ નારાણભાઈ મરંડ | ભાજપ | ૨૬૬૫ |
| નોટા | -- | ૩૪ |
| **ધમડકા** | | |
| રાયમલભાઈ કરશનભાઈ ઢીલા | કોંગ્રેસ | ૧૦૫૯ |
| દિપકસિંહ ભુપેન્દ્રસિંહ જાડેજા | ભાજપ | ૨૪૬૪ |
| નોટા | -- | ૭૨ |
| **દુધઈ** | | |
| બબીબેન શામજીભાઈ ડાંગર | કોંગ્રેસ | ૧૪૫૦ |
| લક્ષ્મીબેન લાલજીભાઈ આહિર | ભાજપ | ૨૦૧૧ |
| નોટા | -- | ૧૧૮ |
| **ખેડોઈ** | | |
| ગીતાબેન ભરતભાઈ ડાંગર | ભાજપ | ૨૦૨૮ |
| સાકુબેન મહાદેવ ઝરૂ | કોંગ્રેસ | ૪૪૮ |
| નોટા | -- | ૭૮ |
| **મોડસર** | | |
| સામજીભાઈ કાનજીભાઈ બરાડિયા | ભાજપ | ૧૮૩૫ |
| અરજણભાઈ કાનાભાઈ આહિર | કોંગ્રેસ | ૧૫૧૨ |
| **નાગલપર મોટી** | | |
| અરજણ માદેવાભાઈ વરચંદ | કોંગ્રેસ | ૧૧૧૮ |
| નૌતમ હિરજીભાઈ ચૌહાણ | ભાજપ | ૨૦૧૮ |
| ખુલાશ કિશોરભાઈ ટાંક | અપક્ષ | ૫૫ |
| **નિંગાળ** | | |
| રામજી જુમાભાઈ મહેશ્વરી | કોંગ્રેસ | ૯૬૪ |
| ભીમજી શિવજી ચાવડા | ભાજપ | ૨૪૩૨ |
| **રતનાલ** | | |
| ભરત ભગુભાઈ વરચંદ | કોંગ્રેસ | ૨૬૭૬ |
| મ્યાજરભાઈ અરજણભાઈ છાંગા | ભાજપ | ૧૯૭૨ |
| **સંઘડ** | | |
| શંભુ નારાણ ડાંગર | કોંગ્રેસ | ૬૭૪ |
| રાઘુભાઈ પાંચાભાઈ મકવાણા | ભાજપ | ૧૯૪૯ |
| નોટા | -- | ૫૬ |
| **સાપેડા** | | |
| રાજેશ માદેવ બરારિયા | કોંગ્રેસ | ૧૨૧૧ |
| જીવાભાઈ આશાભાઈ રબારી | ભાજપ | ૨૩૮૮ |
| **સતાપર** | | |
| ગીતાબેન અંકિત બોરીચા | કોંગ્રેસ | ૧૦૩૫ |
| ભાવનાબેન ગોપાલભાઈ વીરા | ભાજપ | ૨૬૭૭ |
| **સિનુગ્રા** | | |
| દિપક ગોપાલ ખોખર | કોંગ્રેસ | ૯૩૦ |
| અમીનાબેન આમદભાઈ સોઢા | આપ | ૨૯૦ |
| મયુર જયંતિલાલ ભોજાણી | ભાજપ | ૧૭૯૨ |
| **ટપ્પર** | | |
| લક્ષ્મીબેન ભરત હેઠવાડિયા | કોંગ્રેસ | ૧૯૨૪ |
| રાણીબેન કાનજી માતા | ભાજપ | ૧૬૦૫ |
| નિયામતબાઈ અયુબ બાવા | અપક્ષ | ૪૭ |
| વર્ષાબેન હરિભાઈ પરમાર | અપક્ષ | ૯૩ |
| નોટા | -- | ૪૭ |
| **તુણા** | | |
| નીતુબેન રમેશ ડાંગર | આપ | ૬૭૯ |
| ભચીબેન શામજી આયર | કોંગ્રેસ | ૨૪૬૮ |
| સોનલબેન મહેશભાઈ લુલા | ભાજપ | ૨૩૪૭ |
| સકીના હુશેન ગાંધ | અપક્ષ | ૧૭૧ |
| નોટા | -- | ૮૦ |
| **વારસામેડી-૧** | | |
| સભઈબેન વિશાભાઈ રબારી | કોંગ્રેસ | ૭૮૨ |
| મીરાબેન કેશાભાઈ રબારી | ભાજપ | ૨૦૦૭ |
| **વરસામેડી-૨** | | |
| ચંદ્રિકાબેન અરવિંદગર ગુંસાઈ | કોંગ્રેસ | ૭૦૩ |
| કાજલબેન સાવન ડાંગર | ભાજપ | ૨૧૪૭ |
| ગવરીબેન સાગર ગોહિલ | આપ | ૭૫ |
| **વીડી** | | |
| હમીદા નૂરમામદ જત | કોંગ્રેસ | ૭૮૯ |
| હાંસુબેન રૂપાભાઈ રબારી | ભાજપ | ૧૭૬૬ |
| સલમાબાઈ ફકીરમામદ જત | અપક્ષ | ૧૫૯ |
| જુલેખા મામદહુશેન જત | AIMIM | ૪૬૩ |
| **વીરા** | | |
| સંદિપ માનણભાઈ ચાવડા | ભાજપ | બિનહરીફ |

# રાપર તા.પં.ના ઉમેદવારને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **આડેસર** | | |
| દિપકભાઈ રાઘાભાઈ મરંડ | કોંગ્રેસ | ૧૦૦૨ |
| દિપક રાણાભાઈ મરંડ | ભાજપ | ૧૨૫૬ |
| શરીફભાઈ ગુલાબહબીબ સમેજા | આપ | ૧૪૬૮ |
| શોકતઅલી કરીમભાઈ સમેજા | અપક્ષ | ૩૭ |
| **બાદરગઢ** | | |
| પૂનમેબન ભચુભાઈ પટેલ | ભાજપ | ૧૫૯૨ |
| માનાબેન ગોવિંદભાઈ વૈદ | કોંગ્રેસ | ૧૭૯૧ |
| નોટા | -- | ૯૨ |
| **બાલાસર** | | |
| કુંવરબેન રાયમલ રાઠોડ | કોગ્રેસ | ૧૪૧૮ |
| દક્ષાબેન દિલીપભાઈ ધેડા | ભાજપ | ૨૭૩૬ |
| **બેલા** | | |
| રાજેશભાઈ કેસાભાઈ ભીલ | કોંગ્રેસ | ૯૭૩ |
| સામુબેન લખુભાઈ ભીલ | ભાજપ | ૧૮૦૪ |
| **ભીમાસર-૧** | | |
| કીર્તિકુમાર ગાભાભાઈ પરમાર | ભાજપ | ૧૦૭૮ |
| મનસુખ હરખાભાઈ ચાવડા | આપ | ૫૧ |
| રમેશભાઈ પચાણભાઈ મકવાણા | કોંગ્રેસ | ૪૬૯ |
| **ભીમાસર-૨** | | |
| મેઘીબેન ગોરાભાઈ મકવાણા | કોંગ્રેસ | ૭૬૫ |
| રાણીબેન રતનભાઈ ગોયલ | ભાજપ | ૨૦૦૮ |
| **ભુટકિયા** | | |
| અસ્મિતાબેન લખમણ મકવાણા | કોંગ્રેસ | ૧૨૬૫ |
| રાણીબેન કુંભાભાઈ મકવાણા | ભાજપ | ૧૭૧૬ |
| નોટા | -- | ૧૨૩ |
| **ચિત્રોડ** | | |
| ભાવનાબેન ધારાભાઈ ભરવાડ | ભાજપ | ૨૪૧૧ |
| ભાવનાબેન મહેશભાઈ જીગાણી | કોંગ્રેસ | ૧૫૨૭ |
| નોટા | -- | ૧૪૫ |
| **ધાણીથર** | | |
| પ્રભુભાઈ મમુભાઈ કોલી | ભાજપ | ૧૫૩૬ |
| મંજુબેન રમેશ મકવાણા | કોંગ્રેસ | ૭૩૯ |
| નોટા | -- | ૭૪ |
| **ફતેહગઢ** | | |
| કરશનભાઈ અજમલભાઈ ભુગેર | ભાજપ | ૧૮૦૫ |
| ભીમા રત્ના કારા | કોંગ્રેસ | ૧૯૧૫ |
| **ગાગોદર** | | |
| નરેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાજપુત | ભાજપ | ૧૫૦૪ |
| ભીમજીભાઈ રૂપાજી રાજપૂત | કોંગ્રેસ | ૧૨૧૨ |
| સમીર ગફુરભાઈ ઘાંચી | આપ | ૭૧૦ |
| નોટા | -- | ૮૦ |
| **ગેડી** | | |
| જમણીબેન પરબતભાઈ દૈયા | ભાજપ | ૨૨૭૨ |
| જીવતીબેન ભરતભાઈ દૈયા | કોંગ્રેસ | ૧૭૧૮ |
| **જાટાવાડા** | | |
| કમુબેન પ્રવિણભાઈ વાઘેલા | આપ | ૫૫૯ |
| રાણીબેન નારાણભાઈ ચૌધરી | કોંગ્રેસ | ૧૪૭૯ |
| રામીબેન ડોસાભાઈ રબારી | ભાજપ | ૧૭૧૮ |
| ધરમીબેન મનહર મકવાણા | અપક્ષ | ૧૩૩ |
| **ખાંડેક** | | |
| જયવીરસિંહ મગરૂભા વાઘેલા | ભાજપ | ૧૬૪૮ |
| નારાણભાઈ ખેંગાભાઈ આયર | કોંગ્રેસ | ૧૪૩૮ |
| નારાણ લીંબાભાઈ રબારી | આપ | ૯૦ |
| **કીડિયાનગર** | | |
| જાનુબેન ગાભાભાઈ હરિજન | આપ | ૫૩૦ |
| પરમાબેન ભવાનભાઈ સોલંકી | કોંગ્રેસ | ૩૧૧ |
| રસીલાબેન વિનોદભાઈ પરમાર | ભાજપ | ૧૪૪૧ |
| નયનાબેન પ્રવિણ પરમાર | અપક્ષ | ૧૦૭ |
| નોટા | -- | ૪૬ |
| **માણાબા** | | |
| અબ્બાસ લાલમામદ રાઉમા | આપ | ૨૧૬ |
| ગોવિંદ મગનભાઈ કોલી | ભાજપ | ૧૪૨૭ |
| બાલુબેન વિરાભાઈ કોલી | કોંગ્રેસ | ૧૦૪૮ |
| ભાણજી રાજમલજી સમા | અપક્ષ | ૩૭ |
| નોટા | -- | ૫૯ |
| **પલાંસવા** | | |
| બબાભાઈ રામભાઈ ઉમટ | કોંગ્રેસ | ૬૬૧ |
| ભરતભાઈ બાબુભાઈ સોલંકી | ભાજપ | ૧૯૦૫ |
| નોટા | -- | ૯૩ |
| **પ્રાગપર** | | |
| ખીમાભાઈ વાઘાભાઈ વાવિયા | ભાજપ | ૧૭૭૧ |
| ખેતાભાઈ સવજી ચૌધરી | કોંગ્રેસ | ૮૮૬ |
| ભાવેશ ધરમશી હરિજન | આપ | ૫૦ |
| નોટા | -- | ૫૦ |
| **રામવાવ** | | |
| રાજેશકુમાર ખેંગારભાઈ ઢીલા | ભાજપ | ૨૭૭૩ |
| રાજેશભાઈ બાબુભાઈ દુદાસણા | આપ | ૧૪૫ |
| વેલાભાઈ ધનાભાઈ વરચંદ | કોંગ્રેસ | ૧૮૪૧ |
| નોટા | -- | ૭૯ |
| **રવ મોટી** | | |
| અનિરૂદ્ધસિંહ રૂપભા જાડેજા | કોંગ્રેસ | ૭૫૨ |
| બટુકસિંહ ભમરસિંહ સોઢા | આપ | ૪૧૯ |
| શક્તિસિંહ જશુભા જાડેજા | ભાજપ | ૨૩૪૬ |
| નોટા | -- | ૧૨૯ |
| **સઈ** | | |
| માનાબા કમલસિંહ સોઢા | ભાજપ | ૨૪૯૧ |
| મેતાબા કેશુભા જાડેજા | કોંગ્રેસ | ૧૩૩૧ |
| નોટા | -- | ૯૫ |
| **સણવા** | | |
| ગીતાબેન અશોક રાજગોર | ભાજપ | ૨૨૮૬ |
| રેખાબેન યુવરાજસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૬૭૮ |
| શાંતિબેન રામાભાઈ મકવાણા | આપ | ૧૭૧ |
| નેમતબેન સુલ્તાન ભટ્ટી | અપક્ષ | ૧૧૪ |
| **સેલારી** | | |
| રતનબેન રાજાભાઈ બારવળિયા | કોંગ્રેસ | ૧૯૫૩ |
| વિમળાબેન મહેશભાઈ ચૌધરી | ભાજપ | ૨૬૦૬ |
| નોટા | -- | ૧૧૩ |
| **સુવઈ** | | |
| અમીબેન વાલાભાઈ ઢીલા | કોંગ્રેસ | ૨૦૧૭ |
| લાશુબેન માનસંગભાઈ મેરિયા | આપ | ૨૯૭ |
| હેતલબા અજીતસિંહ જાડેજા | ભાજપ | ૨૩૪૬ |
| હાજરાબેન ઈકબાલ સોઢા | અપક્ષ | ૪૬ |
| નોટા | -- | ૬૨ |

# માંડવી તા.પં.ના ઉમેદવારને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **બાડા** | | |
| જાગૃતિબા દીપસંગજી જાડેજા | ભાજપ | ૧૭૩૬ |
| શ્રેયાબા દિલીપસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૨૪૯ |
| **બાગ** | | |
| કીર્તિકુમાર ભાઈલાલ રાજગોર | ભાજપ | ૪૨૦૯ |
| વિશ્રામભાઈ બાબુભાઈ સંઘાર | કોંગ્રેસ | ૧૬૨૫ |
| **બાયઠ** | | |
| દિનેશ ધનજી માતંગ | ભાજપ | બિનહરીફ |
| **બિદડા-૧** | | |
| રીટાબેન ભાવિક પટેલ | કોંગ્રેસ | ૧૧૧૦ |
| રેખાબેન પરેશ છાભૈયા | ભાજપ | ૧૩૮૩ |
| **બિદડા-૨** | | |
| શાંતાબેન કાનજી સંઘાર | ભાજપ | બિનહરીફ |
| **દરશડી** | | |
| મહેન્દ્રકુમાર દેવજી મહેશ્વરી | ભાજપ | ૧૯૦૨ |
| સામત છગ મહેશ્વરી | કોંગ્રેસ | ૧૮૪૨ |
| **દુર્ગાપર** | | |
| નગમાબાનુ સલીમ સુમરા | કોંગ્રેસ | ૧૯૬૫ |
| પ્રિયંકાબેન રાહુલગિરિ ગોસ્વામી | ભાજપ | ૨૦૦૮ |
| **ગઢશીશા-૧** | | |
| અંકિત રાજેન્દ્રગિરિ ગોસ્વામી | ભાજપ | ૧૮૦૧ |
| વિનેશ દામોદરગિરિ ગોસ્વામી | કોંગ્રેસ | ૧૦૮૭ |
| **ગઢશીશા-૨** | | |
| પાલા આશા રબારી | ભાજપ | ૨૦૬૧ |
| લખુ દેવા રબારી (પન્નાભાઈ) | કોંગ્રેસ | ૧૩૫૩ |
| **ગોધરા** | | |
| પાલુ દેવરાજ ગઢવી | ભાજપ | ૧૯૯૮ |
| પ્રકાશ વરજાંગ ગઢવી | કોંગ્રેસ | ૨૧૨૪ |
| **ગુંદિયાલી** | | |
| પ્રફુલ્લાબા જુવાનસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૭૬૪ |
| સુર્યાબા દિલુભા જાડેજા | ભાજપ | ૨૩૮૧ |
| **કાઠડા** | | |
| વાલાભાઈ રામ ગઢવી | કોંગ્રેસ | ૮૬૯ |
| વિરમ લખુ ગઢવી | ભાજપ | ૩૪૮૮ |
| હરિભાઈ ખેરાજ ગઢવી | આપ | ૫૫ |
| **કોડાય** | | |
| ચંદ્રિકાબેન જયંતિલાલ પારસિયા | ભાજપ | ૨૬૬૪ |
| નિપાબેન પ્રેમચંદ છેડા | કોંગ્રેસ | ૮૪૭ |
| **મઉં મોટી** | | |
| બળવંતસિંહ ટપુભા જાડેજા | ભાજપ | ૨૨૦૦ |
| યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૮૨૪ |
| **મોટી રાયણ** | | |
| ભચીબેન ખીમજી હરિજન | કોંગ્રેસ | ૧૨૪૨ |
| મંજુલાબેન જેઠાલાલ સીજુ | ભાજપ | ૨૧૦૪ |
| **નાના ભાડિયા** | | |
| ખેરાજભાઈ નાગજણ રાગ | કોંગ્રેસ | ૧૬૩૭ |
| વિરમ ખેતશી ગઢવી | ભાજપ | ૧૩૨૦ |
| **રામપર** | | |
| ભગીરથ વસંતદાન ગઢવી | કોંગ્રેસ | ૧૩૬૨ |
| ભરતકુમાર માવજી વેકરિયા | ભાજપ | ૧૯૪૫ |
| વિનોદ લક્ષ્મણ કેરાઈ | અપક્ષ | |
| **શેરડી** | | |
| અમરબા નારૂભા જાડેજા | કોંગ્રેસ | ૧૭૫૭ |
| ભગવતીબેન ગોવિંદભાઈ દિવાણી | ભાજપ | ૧૬૬૯ |
| **તલવાણા** | | |
| નયનાબા જયેન્દ્રસિંહ જાડેજા | ભાજપ | ૧૭૧૯ |
| મિતલબેન યુવરાજસિંહ જાડેજા | કોંગ્રેસ | ૨૨૨૦ |
| **વિરાણી નાની** | | |
| પાયલ સોમાભાઈ રાણા | ભાજપ | બિનહરીફ |

# ભુજ તા.પં.ના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **આણંદસર** | | |
| જયેશકુમાર તુલસીદાસ સોની | કોંગ્રેસ | ૧૯૦૧ |
| બટુકપુરી ઝવેરપુરી ગોસ્વામી | આપ | ૨૧૩ |
| શાંતિલાલ હરજી ભાવાણી | ભાજપ | ૨૬૭૦ |
| **બળદિયા** | | |
| બુધુભાઈ નાનજીભાઈ ગરવા | કોંગ્રેસ | ૧૦૫૨૨ |
| વાલુબેન ભરતભાઈ બડગા | ભાજપ | ૨૬૪ |
| **ભારાપર** | | |
| કરમીબેન ભીમા રબારી | કોંગ્રેસ | ૨૪૧૫ |
| ધારા અલ્પેશ માકાણી | ભાજપ | ૨૮૭૨ |
| **ભીરંડિયારા** | | |
| કરમાબેન હિરા હરિજન | ભાજપ | ૨૮૫૪ |
| સંજનાબાઈ બિજલ ખરેટ | કોંગ્રેસ | ૨૩૬૭ |
| **ડગાળા** | | |
| રાધાબેન ભગુ વરચંદ | ભાજપ | ૨૪૨૮ |
| શાંતિબેન દિપક ચાડ | કોંગ્રેસ | ૨૩૮૫ |
| **દહીંસરા** | | |
| પ્રિયંકાબેન અરજણ ભુડિયા | કોંગ્રેસ | ૧૮૧૯ |
| વનિતાબેન મનસુખ કારા | ભાજપ | ૩૨૭૦ |
| **દેશલપર** | | |
| મોંઘીબેન જેસા રબારી | ભાજપ | ૨૩૮૦ |
| હંસાબેન પ્રવિણભાઈ કોલી | કોંગ્રેસ | ૧૫૧ |
| **ધાણેટી** | | |
| નીરાબેન દાના છાંગા | કોંગ્રેસ | ૨૧૧૫ |
| રસીલાબેન મહેશ માતા | ભાજપ | ૨૦૮૨ |
| **ઢોરી** | | |
| મંજુલાબેન સુરેશ બતા | કોંગ્રેસ | ૨૯૯૦ |
| વેજીબેન લખણાભાઈ ચાડ | ભાજપ | ૨૩૦૦ |
| **ધ્રોબાણા** | | |
| મેમુનતબાઈ ઈશાક સમા | ભાજપ | ૧૯૫૯ |
| હબીબાબાઈ અલ્લારખિયા સમા | કોંગ્રેસ | ૨૧૨૯ |
| **દિનારા** | | |
| લતીફાબાઈ ઈબ્રાહિમ સમા | કોંગ્રેસ | ૨૬૩૨ |
| સલમાબાઈ વાયદના સમા | ભાજપ | ૧૬૨૪ |
| **જુણા** | | |
| રોશનબેન ઉમર સમા | કોંગ્રેસ | ૧૫૫૦ |
| સફિયતબાઈ ઈશાક સમા | અપક્ષ | ૪૫૦ |
| સોયબ સુલેમાન સમા | ભાજપ | ૧૭૩૨ |
| **કાળી તલાવડી** | | |
| જુમાભાઈ મામદભાઈ મમણ | આપ | ૩૧૩ |
| રમેશ ગોપાલભાઈ સોરઠિયા | ભાજપ | ૨૬૦૦ |
| શંભુ ગાંગજી ડાંગર | કોંગ્રેસ | ૨૮૦૦ |
| **કેરા** | | |
| કમલેશ કાના રબારી | ભાજપ | ૨૬૬૯ |
| પ્રવિણ રાજાભાઈ ડાંગર | કોંગ્રેસ | ૨૭૧૮ |
| **ખારી** | | |
| રાયબભાઈ ભુગરભાઈ સુમરા | કોંગ્રેસ | ૨૪૪૬ |
| લતીફ ભીલાલ થેબા | ભાજપ | ૨૧૧૯ |
| હારૂન તુગાજી નોડે | અપક્ષ | ૭૧૧ |
| **કુકમા** | | |
| અરમાબાઈ વેરશી હરિજન | કોંગ્રેસ | ૧૯૩૨ |
| ઉષાબેન પરેશભાઈ મહેશ્વરી | ભાજપ | ૨૯૬૬ |
| **લોડાઈ** | | |
| ઈશ્વરભાઈ હિરાભાઈ ડાંગર | કોંગ્રેસ | ૨૪૩૬ |
| વાલજીભાઈ ભચુ બતા | ભાજપ | ૨૨૭૮ |
| ચેલા ભીખા રબારી | અપક્ષ | ૬૬ |
| **માધાપર જૂનાવાસ-૧** | | |
| ભરત જેઠાલાલ રાઠોડ | ભાજપ | ૩૧૨૦ |
| મુળુભા પ્રાગજી જાડેજા | કોંગ્રેસ | ૧૧૯૩ |
| સલીમ અબ્બાસ જુણેજા | અપક્ષ | ૩૭ |
| **માધાપર જૂનાવાસ-૨** | | |
| કુલદીપસિંહ દાદુભા ચૌહાણ | ભાજપ | ૨૮૦૩ |
| નરેન્દ્રસિંહ રઘુવીરસિંહ જાડેજા | કોંગ્રેસ | ૭૭૧ |
| લાલજીભાઈ શામજી દલાણિયા | આપ | ૧૩૧ |
| ચંદ્રસિંહ બાલુભા જાડેજા | અપક્ષ | ૨૩ |
| **માધાપર નવાવાસ-૧** | | |
| પરેશ કરશન ગામી | કોંગ્રેસ | ૪૮૭ |
| વિનોદ માવજી પીંડોરિયા | ભાજપ | ૨૯૮૧ |
| **માધાપર નવાવાસ-૨** | | |
| ધીરજલાલ ગાભા ગરવા | કોંગ્રેસ | ૭૭૬ |
| હરિશભાઈ શિવજીભાઈ પીંડોરિયા | ભાજપ | ૩૪૭૫ |
| **માનકૂવા-૧** | | |
| દિનેશ સામજી વરસાણી | ભાજપ | ૨૬૦૭ |
| મહેન્દ્રસિંહ ગુમાનસિંહ જાડેજા | કોંગ્રેસ | ૧૪૧૮ |
| **માનકૂવા-૨** | | |
| ખીમજી લાલજી સીજુ | ભાજપ | ૩૩૫૯ |
| રામજી વાલજી લોંચા | આપ | ૭૩૪ |
| **નારાણપર (પસાયતી)** | | |
| અબ્દ્રેમાન ઈસ્માઈલ જત | કોંગ્રેસ | ૧૩૦૮ |
| કિશોર કલ્યાણ ગાજીપરા | ભાજપ | ૨૮૭૨ |
| **પદ્ધર** | | |
| ગુણવંતીબેન મોહનલાલ ચાવડા | ભાજપ | ૨૮૩૬ |
| સરલાબેન બાબુ ખુંગલા | કોંગ્રેસ | ૨૮૪૩ |
| **રતાડિયા** | | |
| પરવેઝ ઈશા સમા | ભાજપ | બિનહરીફ |
| **સરાડા** | | |
| મરીયમ અઝરૂદ્દીન મુતવા | કોંગ્રેસ | ૮૬૧ |
| હાજીયાણી અબ્દુલ જત | ભાજપ | ૩૮૨૪ |
| **સુખપર-૧** | | |
| રામબાઈ નાનજી ભુડિયા | કોંગ્રેસ | ૭૧૬ |
| લક્ષ્મીબેન રામજી ખેતાણી | ભાજપ | ૩૦૬૩ |
| **સુખપર-૨** | | |
| શાંતાબેન વિનોદ વરસાણી | ભાજપ | બિનહરીફ |
| **સુમરાસર (શેખ)** | | |
| ગીતાબેન સામજી ચાડ | કોંગ્રેસ | ૩૫૦૪ |
| સતીબેન લખમણ ચાડ | ભાજપ | ૩૧૫૬ |
| હાજરાબાઈ સુમાર શેખ | અપક્ષ | ૩૧૪ |
| **વરલી** | | |
| ગાયત્રીબા રઘુવીરસિંહ સોઢા | કોંગ્રેસ | ૨૯૮૬ |
| દેવુબા ગેલુભા જાડેજા | ભાજપ | ૨૫૧૦ |
| **ઝુરા** | | |
| કુંવરકોરબા હુમેભા જાડેજા | ભાજપ | ૨૬૪૩ |
| નીતાબા સુરેન્દ્રસિંહ સોઢા | કોંગ્રેસ | ૧૩૭૯ |
| પલ્લવીબેન પચાણ ઓઢાણા | અપક્ષ | ૨૨૭ |
| ભગવતીબેન ચત્રભુજ ભાનુશાલી | અપક્ષ | ૩૩૨ |

# લખપત તા.પં.ના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **બરંદા** | | |
| દેવલબેન ગાભાભાઈ રબારી | કોંગ્રેસ | ૧૩૧૯ |
| હુશેન સુલેમાન પઢિયાર | ભાજપ | ૧૩૮૦ |
| **ભાડરા મોટા** | | |
| અલીમામદ લતીફ લુહાર | અપક્ષ | ૬૮ |
| કરણાભાઈ આશાભાઈ રબારી | ભાજપ | ૧૧૬૯ |
| વંકાભાઈ લધાભાઈ રબારી | કોંગ્રેસ | ૯૯૧૮ |
| નરપતસિંહ ભમરાજી ચૌહાણ | અપક્ષ | ૧૭૪ |
| **છેર નાની** | | |
| ગિરીશકુમાર નોપાભાઈ સોલંકી | ભાજપ | ૭૫૩ |
| પ્રેમીલાબેન હસમુખભાઈ તડવી | કોંગ્રેસ | ૧૦૧૨ |
| **દયાપર** | | |
| પુષ્પાબેન ભવાનભાઈ પટેલ | ભાજપ | ૧૧૬૦ |
| મણીબેન મોહનભાઈ સોલંકી | આપ | ૪૦ |
| શીલ્પાબેન સંજયકુમાર જોષી | કોંગ્રેસ | ૧૧૦૯ |
| **દોલતપર** | | |
| શકીનાબાઈ કરમખાન જત | કોંગ્રેસ | ૧૩૦૩ |
| હવાભાઈ આરબ જત | ભાજપ | ૧૦૪૪ |
| **ઘડુલી** | | |
| જનતબાઈ સાલે જત | કોંગ્રેસ | ૯૯૬ |
| ફાતમાબાઈ અબ્દુલ્લા જત | ભાજપ | ૧૨૧૬ |
| **ગુનેરી** | | |
| રાજેશગર વલમગર ગુંસાઈ | ભાજપ | ૧૩૮૭ |
| સમરતદાન સરદારદાન ગઢવી | કોંગ્રેસ | ૯૯૦ |
| **કપુરાશી** | | |
| નરેશદાન રામદાન ગઢવી | કોંગ્રેસ | ૧૦૫૨ |
| રવજીભાઈ જેઠાજી સુથાર | ભાજપ | ૯૮૫ |
| **લાખાપર** | | |
| ગંગાબાઈ મનજીભાઈ બલિયા | ભાજપ | ૧૩૪૭ |
| સારાબાઈ સલેમાન સુમરા | કોંગ્રેસ | ૧૧૮૫ |
| હીરબાઈ ભરતભાઈ જોગુ | આપ | ૩૨ |
| **માતાનામઢ** | | |
| ઓસમાણ ઉમરભાઈ રાયમા | ભાજપ | ૯૫૫ |
| જીતુભા લાખુભા ચૌહાણ | કોંગ્રેસ | ૧૭૨૭ |
| **મીંઢિયારી** | | |
| અબ્દુલ કરીમ કાસમ | ભાજપ | ૧૩૩૭ |
| કાસમ જકરીયા જત | કોંગ્રેસ | ૧૨૧૩ |
| **નરા** | | |
| જેઠાભાઈ થાવરભાઈ મહેશ્વરી | ભાજપ | ૧૪૯૦ |
| મણીલાલ મુરજી મહેશ્વરી | કોંગ્રેસ | ૫૧૨ |
| **નારાયણ સરોવર** | | |
| બીલ્કીસ આમદ સાવલાણી | કોંગ્રેસ | ૧૫૬૯ |
| મેરિયાબાઈ ઉમર જત | ભાજપ | ૮૧૫ |
| **પાન્ધ્રો-૧** | | |
| ગોરીબેન કરમણ ફફલ | કોંગ્રેસ | ૭૯૨ |
| મણીબેન ડાયાલાલ ગરોડા | ભાજપ | ૬૮૦ |
| શોભનાબેન ધર્મેન્દ્રભાઈ રાઠોડ | આપ | ૨૩ |
| **પાન્ધ્રો-૨** | | |
| દશરતબા દશરથસિંહ સોઢા | કોંગ્રેસ | ૪૨૪ |
| પવનબેન ઝુઝારદાન ગઢવી | આપ | ૯૩ |
| વસુબા કુલદીપસિંહ ચાવડા | ભાજપ | ૩૮૯ |
| **પાન્ધ્રો-૩** | | |
| તારાબેન સગાળાજી રાજગોર | કોંગ્રેસ | ૧૦૧૯ |
| ભાનુબેન ગોરધનદાન ગઢવી | આપ | ૯૬ |
| રતુબેન કેશાજી મહારાજ | ભાજપ | ૧૦૩૬ |

# ભચાઉ તા.પં.ના ઉમેદવારોને મળેલ મત

| ઉમેદવારનું નામ | પક્ષ | મત |
|---|---|---|
| **આધોઈ-૧** | | |
| ગીતાબેન અમ્રતલાલ ભટ્ટી | ભાજપ | ૧૬૧૨ |
| ચંપાબેન વણકર | આપ | ૭૪ |
| શારદાબેન વાઘેલા | કોંગ્રેસ | ૭૭૬ |
| **આધોઈ-૨** | | |
| અમરતબેન હિતેશભાઈ કોલી | ભાજપ | ૧૫૯૧ |
| પાર્વતીબેન ગાંગસ | કોંગ્રેસ | ૯૯૩ |
| **ભરૂડિયા** | | |
| ગીતાબા જાડેજા | કોંગ્રેસ | ૧૭૮૬ |
| ઉપેન્દ્રસિંહ જશુભા જાડેજા | ભાજપ | ૨૧૮૬ |
| પ્રવિણ ડેંડેચા | આપ | ૮૨ |
| **ચિરઈ મોટી** | | |
| નિલમબા મયુરધ્વજસિંહ જાડેજા | ભાજપ | બિનહરીફ |
| **ચિરઈ નાની** | | |
| કંકુબેન હરિભાઈ ખટારિયા | ભાજપ | ૧૮૭૪ |
| જયશ્રીબેન ભરવન ગુંસાઈ | અપક્ષ | ૮૬૪ |
| શરીફાબાઈ સાલેમામદ કોરેજા | કોંગ્રેસ | ૪૯૦ |
| અમીનાબેન જાનમામદ ભટ્ટી | આપ | ૨૬૨ |
| સારાબાઈ અઅભુભાઈ હજામ | અપક્ષ | ૪૫ |
| **ચોબારી** | | |
| પાર્વતીબેન ઢીલા | કોંગ્રેસ | ૧૯૦૩ |
| સીતાબેન રણછોડ ઢીલા | ભાજપ | ૨૮૦૬ |
| **ચોપડવા** | | |
| લક્ષ્મણ વાલજી રબારી | ભાજપ | બિનહરીફ |
| **ધોળાવીરા** | | |
| માદેવાભાઈ રણમલભાઈ ચાવડા | ભાજપ | ૩૦૪૦ |
| માદેવાભાઈ સોનારા | કોંગ્રેસ | ૧૩૨૬ |
| કુંભાભાઈ ચાવડા | આપ | ૨૭૧ |
| **જંગી** | | |
| રામજીભાઈ રબારી | કોંગ્રેસ | ૧૦૪૨ |
| નિર્મલાબેન કોલી | ભાજપ | ૨૩૫૫ |
| **કંથકોટ** | | |
| અમરીબેન ભીલ | કોંગ્રેસ | ૧૧૧૦ |
| આશીબેન ભીખાભાઈ ભીલ | ભાજપ | ૧૫૪૭ |
| **લાકડિયા-૧** | | |
| સવાભાઈ પરમાર | કોંગ્રેસ | ૮૦૯ |
| સાદિક સુલેમાન રાઉમા | ભાજપ | ૧૪૭૩ |
| શૈલેષ નિસર | અપક્ષ | ૪૬૮ |
| **લાકડિયા-૨** | | |
| રતનબેન ગામી | કોંગ્રેસ | ૭૬૩ |
| રાજીબેન કરશનભાઈ વાવિયા | ભાજપ | ૧૬૫૮ |
| **લલિયાણા** | | |
| રાહુલ આહિર | કોંગ્રેસ | ૧૧૫૦ |
| રણછોડભાઈ કાનાભાઈ પટેલ | ભાજપ | ૧૮૮૫ |
| **મનફરા** | | |
| ગોકળભાઈ ચાવડા | કોંગ્રેસ | ૧૧૪૦ |
| લખમણ કોલી | આપ | ૭૯ |
| ભરતભાઈ વીભાબાઈ કોલી | ભાજપ | ૧૭૯૯ |
| **મોરગર** | | |
| ભરતસિંહ નટુભા જાડેજા | ભાજપ | બિનહરીફ |
| **સામખિયાળી-૧** | | |
| કલાવંતીબેન ગાલા | કોંગ્રેસ | ૧૫૯૫ |
| નિખિલ અંબારામ સુંબડ | ભાજપ | ૧૯૧૭ |
| **સામખિયાળી-૨** | | |
| મણીબેન ડાંગર | કોંગ્રેસ | ૧૩૮૧ |
| શાંતિબેન શંકરભાઈ છાંગા | ભાજપ | ૧૪૫૪ |
| **શિકારપુર** | | |
| બાબુભાઈ અમરાભાઈ મ્યાત્રા | ભાજપ | ૧૫૬૫ |
| મનજીભાઈ મેઘવાળ | કોંગ્રેસ | ૨૦૩૦ |
| મંગાભાઈ પરમાર | આપ | ૧૧૩ |
| **વિજપાસર** | | |
| અંજનાબા જાડેજા | કોંગ્રેસ | ૧૪૩૩ |
| રાધાબેન ઉંદરિયા | આપ | ૨૩૦ |
| રંભીબેન ખીમાભાઈ માતા | ભાજપ | ૨૧૦૪ |
| **વોંધ** | | |
| અમીનાબાઈ કુંભાર | આપ | ૨૫૪ |
| નામાબેન રબારી | કોંગ્રેસ | ૬૪૭ |
| પ્રેમિલાબેન રામજીભાઈ ચૌધરી | ભાજપ | ૧૫૬૧ |

# ભચાઉ પાસે શાકભાજી ભરેલો ટેમ્પો વીજપોલ અથડાતા આગ લાગી

ભુજ - કચ્છ ઉદય : ભચાઉ તાલુકાના કડોલથી શાકભાજી ભરેલો ટેમ્પો ભચાઉ તરફ આવતો હતો ત્યારે ૧૧ કેવીના થાંભલામાં ભટકાતા ગાડી પલટી મારી ગઈ અને આગ લાગી હતી.

આ બનાવમાં ચાલકનો બચાવ થયો હતો.

ક્રેઈનની મદદથી ગાડીને બહાર કાઢી ફાયર બ્રિગેડે આગ બુઝાવી હતી. આ તરફ ભુજ તાલુકાના રૂદ્રમાતા સીમમાં બાવળોની ઝાડીમાં આગ લાગી હતી. જેમાં ત્રણ ગાડીઓ વડે પાણીનો મારો ચલાવી આગ બુઝાવાઈ હતી, જ્યારે નવી ભચાઉમાં વાઘજીભાઈ પટેલની વાડી પાછળ લાગેલી આગ પણ ફાયર બ્રિગેડે બુઝાવી હતી.

**રૂદ્રમાતા સીમમાં લાગેલી આગ બુઝાવાઈ**

# કચ્છ જિ.પં.ના ઉમેદવારોને મળેલ મત

| નામ | પક્ષ | મેળવેલ મત |
|---|---|---|
| **આધોઈ** | | |
| રાજેશ મહાદેવા દેવડા | કોંગ્રેસ | ૫૩૦૧ |
| કોલી કાળુભાઈ શવજીભાઈ | આપ | ૧૦૧૬ |
| વિજયસિંહ વિક્રમસિંહ જાડેજા | ભાજપ | ૭૮૫૯ |
| **ભદ્રેશ્વર** | | |
| નવીન મેઘજી મહેશ્વરી | કોંગ્રેસ | ૮૧૪૪ |
| તલકશીભાઈ જખુભાઈ ફફલ | ભાજપ | ૮૪૨૫ |
| **ભીમાસર ભુટકિયા** | | |
| નવીન આલાભાઈ ડાંગર | કોંગ્રેસ | ૫૫૪૬ |
| મહેશનાથ દેવનાથ જોગી | આપ | ૧૭૦૮ |
| જયદીપસિંહ સ્વરૂપસિંહ જાડેજા | ભાજપ | ૮૨૮૪ |
| મુબારક લાલમામદ ભટ્ટી | અપક્ષ | ૨૦૦ |
| **ભીમાસર (ચકાસર)** | | |
| ભાવિકાબેન રમેશભાઈ ભીલ | કોંગ્રેસ | ૬૭૫૩ |
| પ્રભાબેન મેરામણભાઈ હુણ | ભાજપ | ૮૯૬૯ |
| **ભીરંડિયારા** | | |
| અનિલ શીવજીભાઈ આહિર | કોંગ્રેસ | ૮૬૨૦ |
| અબ્દુલ્લા બુઢા જત | ભાજપ | ૧૦૬૮૨ |
| સુલેમાન ઈસ્માઈલ રાયશી | AIMIM | ૭૯૯ |
| **બિદડા** | | |
| મુરજી રામજી રાજગોર | કોંગ્રેસ | ૭૯૮૭ |
| વાલજીભાઈ ભવાનજીભાઈ સંઘાર | ભાજપ | ૧૧૦૩૫ |
| **ચીરઈ નાની** | | |
| વાઘજીભાઈ દેવકરણ છાંગા | ભાજપ | બીનહરીફ |
| **ચોબારી** | | |
| પુરીબેન વેલજીભાઈ ઢીલા | ભાજપ | ૧૧૭૧૨ |
| હંસાબેન રાજેશ વરચંદ | કોંગ્રેસ | ૭૨૭૨ |
| **દયાપર** | | |
| સારાબાઈ ઈબ્રાહીમ કુંભાર | કોંગ્રેસ | ૮૭૫૮ |
| આઈસાબાઈ મોડ સુમરા | ભાજપ | ૧૦૧૦૬ |
| **દિનારા** | | |
| મરીયાબાઈ રસીદ સમા | કોંગ્રેસ | ૮૧૮૦ |
| જન્નતબાઈ રસુલ સમા | ભાજપ | ૮૭૨૫ |
| **ફતેહગઢ** | | |
| રમીલાબેન સામતભાઈ ચૌહાણ | કોંગ્રેસ | ૭૯૪૬ |
| નૈનાબેન વણવીરભાઈ સોલંકી | ભાજપ | ૧૦૨૩૪ |
| **ગઢશીશા** | | |
| અલ્પાબેન વિનેશ ગોસ્વામી | કોંગ્રેસ | ૬૮૧૯ |
| મેઘબાઈ જીવરામ ગઢવી | ભાજપ | ૯૫૬૭ |
| **ગાગોદર** | | |
| ભીખુભાઈ મેઘાભાઈ સોલંકી | કોંગ્રેસ | ૭૯૬૩ |
| સુરેશકુમાર રણછોડ મકવાણા | ભાજપ | ૯૨૧૧ |
| **કેરા** | | |
| ગોવિંદ મ્યાજર બરારીયા | કોંગ્રેસ | ૯૩૩૭ |
| રાજેશ રામજી ચાવડા | ભાજપ | ૧૦૩૪૦ |
| **ખેડોઈ** | | |
| જયશ્રીબેન વિપુલભાઈ ડાંગર | ભાજપ | ૧૨૭૩૩ |
| સાકુબેન મહાદેવભાઈ ઝરૂ | કોંગ્રેસ | ૫૮૪૭ |
| હનીફા મામદ સાયચા | અપક્ષ | ૩૨૭ |
| **કોડાય** | | |
| ડિમ્પલ નારાણ માતંગ | કોંગ્રેસ | ૭૧૫૬ |
| વર્ષાબેન પ્રવિણભાઈ કન્નડ | ભાજપ | ૧૧૮૯૧ |
| **કોટડા (જ)** | | |
| મંજુલાબેન મુળજીભાઈ ચાવડા | ભાજપ | ૬૨૮૧ |
| ભાવનાબેન મંગલ મહેશ્વરી | કોંગ્રેસ | ૫૦૦૭ |
| **કુકમા** | | |
| પાંચા વેલજી કોઠીવાર | કોંગ્રેસ | ૮૯૦૧ |
| મમણ અબ્દુલ રહેમાન યાકુબ | આપ | ૮૯૯ |
| ધનજી ખીમા ચાવડા | ભાજપ | ૧૦૭૨૩ |
| **માધાપર** | | |
| નીતેશભાઈ મનસુખ ભાડકા | કોંગ્રેસ | ૩૦૮૮ |
| રમેશ ધનજી ચાડ | ભાજપ | ૧૨૨૩૩ |
| દિલીપદાન મહિપતદાન ગઢવી | આપ | ૫૩૮ |
| **મોથાળા** | | |
| અરવિંદ દેવાનંદ ગઢવી | કોંગ્રેસ | ૯૫૮૮ |
| કમા સુરા રબારી | ભાજપ | ૯૭૨૬ |
| ઈશા ફકીરમામદ સુમરા | આપ | ૧૦૪૪ |
| **મોટી ભુજપુર** | | |
| નેહલબા સુલતાનસિંહ જાડેજા | કોંગ્રેસ | ૬૪૪૪ |
| દશરથબા નટુભા ચૌહાણ | ભાજપ | ૫૯૩૭ |
| **નલિયા** | | |
| જામભા સ્વરૂપસિંહ સોઢા | કોંગ્રેસ | ૬૮૫૦ |
| મહાવીરસિંહ જુવાનસિંહ જાડેજા | ભાજપ | ૮૮૫૯ |
| મહાવીરસિંહ રમુભા જાડેજા | આપ | ૧૦૩૦ |
| સારૂબાઈ અબ્દુલા કુંભાર | AIMIM | ૮૫૨ |
| **નાના કપાયા** | | |
| મેઘબાઈ માણશી ગીલવા | કોંગ્રેસ | ૪૬૬૫ |
| માલશ્રીબેન લક્ષ્મણભાઈ ગેલવા | ભાજપ | ૪૨૬૧ |
| ધનબાઈ રામ સાંખરા | આપ | ૧૭૩ |
| **નારાણપર (૫)** | | |
| ધનબાઈ દેવરાજભાઈ પીંડોરીયા | ભાજપ | ૧૧૭૫૦ |
| નાનબાઈ રવજી હીરાણી | કોંગ્રેસ | ૬૧૧૨ |
| **નેત્રા** | | |
| નેહાબેન અશ્વિન રૂપારેલ | કોંગ્રેસ | ૮૯૪૦ |
| દક્ષાબેન ઈશ્વર ભાવાણી | અપક્ષ | ૨૫૦૫ |
| સરોજબા બહાદુરસિંહ જાડેજા | ભાજપ | ૬૬૦૭ |
| શરીફાબાઈ મજીદ રાયમા | AIMIM | ૫૦૯ |
| **નિરોણા** | | |
| ઘનશ્યામસિંહ પ્રવીણસિંહ જાડેજા | ભાજપ | ૮૪૩૦ |
| રાજેશભાઈ મમુભાઈ આયર | કોંગ્રેસ | ૯૮૭૯ |
| **પલાંસવા** | | |
| નીલીબેન બબાભાઈ ઉમટ | કોંગ્રેસ | ૩૮૮૫ |
| આશાબા યુવરાજસિંહ પરમાર | ભાજપ | ૮૯૭૮ |
| **પાનધ્રો** | | |
| વિમળાબા રાણુભા જાડેજા | કોંગ્રેસ | ૭૧૮૫ |
| ફાતમાબાઈ ખમીશા જત | આપ | ૬૬૨ |
| ગાયત્રીબા રામસંગજી સોઢા | ભાજપ | ૮૦૦૪ |
| **રતનાલ** | | |
| ભીમજી ભીખાભાઈ બોરીચા | આપ | ૫૩૦ |
| નરેશભાઈ અર્જુનભાઈ થારૂ | ભાજપ | ૧૦૨૮૪ |
| વેરશી રાયશી મહેશ્વરી | કોંગ્રેસ | ૬૧૨૧ |
| કેશવજી માલશી મહેશ્વરી | અપક્ષ | ૧૧૬ |
| જખુભાઈ નથુભાઈ મહેશ્વરી | બીએસપી | ૨૩૪ |
| **રવ મોટી** | | |
| રાણાભાઈ ભારૂભાઈ ડુંગરાણી | આપ | ૭૮૨ |
| કરશન હરી મણવર | કોંગ્રેસ | ૬૧૯૪ |
| જયરામ લાલાભાઈ સોનારા | ભાજપ | ૧૦૩૧૬ |
| **સમાઘોઘા** | | |
| સુરેન્દ્રસિંહ મેરૂભા ઝાલ | કોંગ્રેસ | ૪૬૮૧ |
| બળવંતસિંહ કિરીટસિંહ જાડેજા | આપ | ૫૮૫ |
| રણજીતસિંહ જાડેજા | ભાજપ | ૬૫૫૭ |
| **સામખિયાળી** | | |
| લક્ષ્મીબેન ગણેશભાઈ જોશરફાળ | કોંગ્રેસ | ૫૮૩૧ |
| જયશ્રીબેન રામભાઈ ચાવડા | ભાજપ | ૯૪૧૭ |
| **સુખપર** | | |
| અરજણ દેવજી ભુડીયા | કોંગ્રેસ | ૩૨૮૭ |
| હરિશ નાનજી ભંડેરી | ભાજપ | ૧૨૪૧૫ |
| સુલતાન ઈલિયાસ ફકીર | AIMIM | ૬૯૪ |
| **સુમરાસર (શેખ)** | | |
| હરેશ હમીર મેરીયા | કોંગ્રેસ | ૯૭૮૨ |
| રાજીવકુમાર ચુનીલાલ લોચા | આપ | ૮૬૫ |
| રાજેશકુમાર ગોપાલભાઈ કાગી | ભાજપ | ૧૦૭૨૫ |
| વિપુલ હીરાલાલ મેરીયા | અપક્ષ | ૨૮૧ |
| **તલવાણા** | | |
| મનિષાબેન વિનોદભાઈ જબુઆણી | ભાજપ | ૯૩૬૭ |
| કલ્પનાબેન રાજેશભાઈ વાસાણી | કોંગ્રેસ | ૮૬૮૯ |
| **વરસામેડી** | | |
| પુષ્પાબેન રાજેશભાઈ વરાયા | ભાજપ | ૧૧૩૩૯ |
| ગીતાબેન અંકિતભાઈ બોરીચા | કોંગ્રેસ | ૫૦૧૫ |
| **વાયોર** | | |
| શમીનાબાઈ અલી કેર | કોંગ્રેસ | ૭૪૮૨ |
| સુરજબા દેવુભા સોઢા | ભાજપ | ૯૭૧૦ |
| હવાબાઈ આમદ જત | AIMIM | ૨૧૮ |
| લખીબેન ઉમરભાઈ કોલી | આપ | ૯૯૫ |
| આમનાબાઈ ગુલામમુસ્તફા જત | અપક્ષ | ૧૫૯ |
| **વિથોણ** | | |
| હંસરાજ ભાણજી પારસીયા | કોંગ્રેસ | ૪૭૬૬ |
| દિનેશ ગોપાલ રૂડાણી | ભાજપ | ૭૮૯૭ |

# ગાંધીધામમાં ભાજપનો ભવ્ય વિજય સરઘસ, અગ્રણીઓ અને ૪૨ વિજેતા ઉમેદવારોની ઉપસ્થિતિમાં ઉત્સવમય માહોલ

**કચ્છ મોરબી ના સાંસદ વિનોદભાઈ ચાવડા :ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી : કચ્છ ભાજપ મહામંત્રી ધવલભાઇ આચાર્ય સહિતનાઓ જવલંત વિજય બદલ ઉમેદવારોને પાઠવ્યા અભિનંદન કાર્યકર્તાઓની પીઠ થાબથાબાવી**



તસવીર : યોગેશ લીંબાચીયા

ગાંધીધામ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ભવ્ય વિજયને ઉજવવા માટે ગાંધીધામ મહાનગર ભાજપ દ્વારા ભવ્ય "વિજય સરઘસ યાત્રા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સરઘસ આજે સાંજે ૫:૦૦ વાગ્યે આદિપુર સ્થિત વન-એ પોલીસ ચોકીથી પ્રારંભ થયું હતું, જેમાં કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ, વિવિધ મોરચાના સભ્યો અને સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. યુવા મોર્ચા, બક્ષીપંચ મોરચા, લઘુમતી મોરચા સહિતના તમામ મોરચાના કાર્યકર્તાઓએ પોતાના જૂથ સાથે ભાગ લઈ વિજય ઉત્સવને વધુ ભવ્ય બનાવ્યો હતો.

આ વિજય સરઘસમાં સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, ચૂંટણી ઈન્ચાર્જ મોમાયાભા ગઢવી, તાલુકા પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજયી બનેલા કુલ ૪૨ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

સરઘસ દરમિયાન શહેરમાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો હતો અને ભાજપના કાર્યકર્તાઓએ નારા, ઢોલ-નગારા અને ઉત્સાહભેર ભાગ લઈ જીતનો જશ્ન મનાવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા પાર્ટીએ જનતા પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો અને વિકાસના માર્ગે આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## ગુજરાતની જનતાએ અતૂટ વિશ્વાસ અને ભરોસો દર્શાવી ભાજપાને આ પ્રચંડ વિજય અપાવ્યો છેઃ ભુપેન્દ્રભાઈ પટેલ



ગાંધીનગરઃ ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જનતાના આશીર્વાદથી ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય અને ઐતિહાસિક વિજય થતા આજે પ્રદેશ ભાજપા કાર્યાલય ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ભાજપા કાર્યકરો દ્વારા ઉત્સાહપૂર્ણ રીતે 'વિજયોત્સવ' મનાવવામાં આવ્યો હતો. જનતા જનાર્દને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને ભાજપાની વિકાસની રાજનીતિ પર અતૂટ વિશ્વાસ મૂકીને જે પ્રચંડ જનાદેશ આપ્યો છે, તેને વધાવવા માટે મોટી સંખ્યામાં કાર્યકરો પ્રદેશ કાર્યલાય પર પધાર્યા હતાં. ઢોલ-નગારાના નાદ, વંદે માતરમ્ અને ભારતમાતા કી જય ના જયઘોષ સાથે કેસરીયા માહોલ વચ્ચે કાર્યકરોએ આ વિજયને વધાવ્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી – ૨૦૨૬માં ભારતીય જનતા પાર્ટીને જનતા જનાર્દનનું પ્રચંડ જનસમર્થન મળ્યું છે ત્યારે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ પ્રદેશ ભાજપા કાર્યાલય, 'શ્રી કમલમ' ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. તેઓએ પરસ્પર મોં મીઠું કરાવીને આ ભવ્ય વિજયની શુભકાનાઓનું આદાન પ્રદાન કર્યું હતું. પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાપિત કરેલી વિકાસની રાજનીતિ પ્રત્યે ગુજરાતની જનતાએ અતૂટ વિશ્વાસ અને ભરોસો દર્શાવી ભાજપાને આ પ્રચંડ વિજય અપાવ્યો છે. ગુજરાતની જનતાએ મતાધિકાર દ્વારા સ્પષ્ટ જવાબ આપી દીધો છે કે ગુજરાત ક્યારેય નકારાત્મકતાને સ્વીકારતું નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનજી તેમજ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના મજબૂત ટીમવર્ક અને પ્રથમ દિવસથી કરવામાં આવેલા વ્યાપક પ્રવાસોનું આ પરિણામ છે.

## જીલ્લા તાલુકા પંચાયતોમાં કોંગ્રેસનું કદ ઘટયું

રાજકોટઃ ગુજરાતમાં મીની ધારાસભા જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીમાં ભાજપે જે રીતે તમામ મહાનગરો- એક સિવાયની જીલ્લા પંચાયતો તથા મોટાભાગની તાલુકા પંચાયત- નગરપાલિકામાં સતા મેળવી પછી રાજયની નવી બનેલી નવ અને તેની સામે જે છ મહાપાલિકામાં એટલે કે કુલ ૧૫ મહાપાલિકામાં ચુંટણી યોજાઈ હતી. તેના ૧૦ મહાપાલિકા એવી છે જયાં વિપક્ષને એટલી બેઠક મળી નથી જયાં તે વિપક્ષના નેતાનું સ્થાન મેળવી શકેબે નવી મહાપાલિકા, મોરબી અને પોરબંદરમાં તમામ ૫૨ બેઠકો પર ભાજપનો વિજય થયો છે. લોકલ બોડીમાં વિપક્ષના નેતાનું સ્થાન મેળવવા માટે કુલ બેઠકોની ૧૦% બેઠકો જીતવી જરૂરી છે પણ વિપક્ષ ૧૦ મહાપાલિકામાં આ માટે જરૂરી બેઠક મેળવી શકયો નથી જેમાં બે મહાપાલિકામાં (પોરબંદર-મોરબી)માં વિપક્ષ જ નથી તો મહેસાણા, સુરેન્દ્રનગર, રાજકોટ-જામનગર-નડીયાદ-વડોદરા-નવસારી અને સુરતમાં ભાજપે ૯૦%થી વધુ બેઠકો જીતી છે.જેનાથી આ મહાપાલિકામાં વિપક્ષના નેતા માટે કોઈ વિપક્ષ દાવેદારી કરી શકે નહી. સુરતમાં તો ૨૦૨૧ની ચુંટણીમાં આમ આદમી પાર્ટીએ ૨૭ બેઠકો જીતીને સૌને ચોંકાવી દીધા હતા અને આ ચુંટણીમાં તે સુરત મહાપાલિકાની સતા કબ્જે કરવા માટે દાવો કરતો હતો પણ તેને ફકત ૪ બેઠકો જ મળી છે અને તે પણ એક જ વોર્ડની પેનલ જીતી છે જેમાં સુરત શહેર 'આપ' પ્રમુખ ધર્મેશ ભંડેરી પણ સામેલ છે.જયારે કોંગ્રેસ જે ગત ચુંટણીમાં એક પણ બેઠક જીતી શકી ન હતી તેને એક બેઠક મળી છે અને 'આપ'ના રાજયકક્ષાના નેતા મનોજ સોરઠીયા પુર્વ વિપક્ષી નેતા પાયલ સાકરીયા હાર્યા છે તો જામનગરમાં 'આપ'એ બે બેઠક જીતીને આ મહાપાલિકામાં એન્ટ્રી કરી છે.રાજકોટમાં કોંગ્રેસ પાસે ચાર બેઠક હતી તે હવે સાત થઈ છે. કુલ ૭૨ સભ્યોના ગૃહમાં ૧૦% ૭.૨ થાય હવે તેની કોંગ્રેસ ટેકનીકલી રીતે વિપક્ષનું તેના પર મેળવવામાં યોગ્યતા ધરાવતી નથી પણ સંભવ છે. ભાજપ 'ઉદારતા' દાખવીને વિપક્ષને આ સ્થાન આપશે.ભાવનગરમાં ભાજપને ૪૪ બેઠકો ભાજપને અને આઠ બેઠકો કોંગ્રેસને મળી છે તેથી અહી વિપક્ષનું નેતાપદ મળશે. આ ઉપરાંત વાપી, ગાંધીધામ, ભાવનગર, કરમસદ, આણંદમાં વિપક્ષને નેતા પદ મળી શકે છે.બીજી તરફ લગભગ પાંચ વર્ષ બાદ અને ખાસ કરીને ૨૦૨૨ની જબરી થપાટ ખાધા પછી કોંગ્રેસને કળ વળી છે. જો કે મહાનગરોમાં કોંગ્રેસને મોટી સફળતા અમદાવાદમાં મળી છે.જેમાં તેની બેઠક ૨૪માંથી ૩૨ થઈ છે. ખાસ કરીને કોંગ્રેસને તેના મુસ્લીમ ગઢ જેવા જમાલપુર-દરિયાપુર સહિતના વિસ્તારોમાં અસદુદીન ઔવેસીનો જે હાઉ હતી તે દુર કરી તેની મુસ્લીમ વોટબેંક પાછી મળી છે.આજ રીતે રાજકોટમાં પણ કોંગ્રેસે જે ૭ બેઠકો જીતી તે મુસ્લીમ બહુમતી ક્ષેત્રની છે. જંગલેશ્વરનું ડીમોલીશન એ વોર્ડ નં.૧૬માં ભાજપને ૫ રાજય આપી ગયો છે.જો કે જીલ્લા પંચાયતોમાં કોંગ્રેસની જે ૧૬૯ બેઠકો હતી તે ઘટીને ૧૩૫ રહી છે. તાલુકા પંચાયતોમાં પણ ૧૨૫૨ માંથી ૧૦૫૦ બેઠકો જીતી છે. આમ કોંગ્રેસે થોડુ મેળવ્યુ છે થોડુ ગુમાવ્યુ છે.

## વૈશ્વિક તેલ બજારમાં મોટો ઉલટફેરઃ UAE એ OPEC છોડ્યું, ભારત પર મોંઘવારીનું સંકટ વધશે?

**તેલની દુનિયામાં નવું સમીકરણઃ હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ અને યુએઈની એક્ઝિટ, ભારતે હવે શું કરવું જોઈએ?**

નવી દિલ્હી :૨૯ એપ્રિલ ૨૦૨૬ના આજના દિવસે વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં એક ભૂકંપ સમાન સમાચાર સામે આવ્યા છે. સંયુક્ત આરબ અમીરાત એ પેટ્રોલિયમ નિકાસ કરતા દેશોના શક્તિશાળી સંગઠન 'OPEC' માંથી બહાર નીકળવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ નિર્ણય માત્ર તેલના ભાવોને જ નહીં, પરંતુ ભારત જેવા વિશાળ આયાતકાર દેશોના બજેટને પણ પ્રભાવિત કરી શકે છે.ગઈકાલે ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ દુબઈથી આવેલા એક સત્તાવાર નિવેદને સમગ્ર વિશ્વના ઉર્જા મંત્રાલયોમાં દોડધામ મચાવી દીધી છે. સંયુક્ત આરબ અમીરાતે જાહેરાત કરી છે કે તે ૧ મે ૨૦૨૬ થી 'OPEC' ના સક્રિય સભ્ય તરીકે રહેશે નહીં. દાયકાઓ સુધી આ સંગઠનના સ્તંભ ગણાતા યુએઈનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે.



ગાંધીધામના વોર્ડ નં.૧૦ના નવનિયુક્ત કોર્પોરેટરનું ભારતનગર સથવારા સમાજ દ્વારા ભવ્ય સ્વાગત સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

## શિકારપુર તાલુકા પંચાયત પર વિજેતા ઉમેદવારને અભિનંદન પાઠવાયા



ભચાઉ - કચ્છ ઉદય : ભચાઉ તાલુકાની ૨૦ માંથી ૧૯ બેઠક ભાજપે મેળવી છે. એક માત્ર બેઠક કોંગ્રેસે જાળવી રાખી છે. શિકારપુર તાલુકા પંચાયત બેઠક પર કોંગ્રેસના મનજીભાઈ રાઠોડ ૪૬૮ મતે વિજેતા બન્યા છે. આ શિકારપુર બેઠક પર સ્વ. છગનલાલ અરજણભાઈ ઠક્કર જંગી બહુમતીથી ચૂંટાઈ તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા હતા. ત્યારબાદ ૨૦૧૦ થી એટલે કે સતત ત્રણ વખત આ બેઠક પર તેમના પુત્ર અને પ્રદેશ કોંગ્રેસના મંત્રી ભરતભાઈ ઠક્કર ચૂંટાઈ આવ્યા હતા અને ભચાઉ તાલુકા પંચાયતના વિપક્ષી નેતા તરીકે પ્રતિનિધિત્વ કર્યું હતું. ભાજપના વાવાઝોડાની સ્થિતિમાં મનજીભાઈ રાઠોડ સાથે ભરતભાઈ ઠક્કરે રામ-લક્ષ્મણની જોડી બનીને ડોર ટુ ડોર પ્રચાર કરી આ સીટ કોંગ્રેસની જાળવી રાખી છે. મનજીભાઈ રાઠોડને ભરતભાઈ ઠક્કર, બળુભા જાડેજા, ખીમાભાઈ ઢીલા, ગણેશા પટેલ, અનુભા જાડેજા, સામજીભાઈ ભીમાણી, વિભાભાઈ રબારી, વિક્રમસિંહ જાડેજા, ભીખાભાઈ રબારી સહિતના આગેવાનો દ્વારા શુભેચ્છા અપાઈ હતી.

## યુક્રેનમાંથી ટ્રમ્પે હાથ ખેંચી લીધો, તો યુરોપના ખિસ્સા ખાલી થયા : દુનિયામાં ડીફેન્સ માટે ફંડનો વધારો થયો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : કેટલાક વિશ્લેષકોનો તેવો મત રહ્યો છે કે, ૪ વર્ષથી વધુ સમય પૂર્વે રશિયાએ - યુક્રેન ઉપર આક્રમણ કર્યું ત્યારે યુક્રેન વિશેષતઃ ઝેલેન્સ્કી માનતા હશે કે જેવું રશિયા આક્રમણ કરશે કે તુર્ત જ અમેરિકા સહિત યુરોપના દેશો રશિયા ઉપર તુટી પડશે. તેમાંનું કશું જ થયું નહીં. ઉલ્ટાનું અમેરિકા તે યુદ્ધમાંથી ખસી ગયું. અને જવાબદારી યુરોપના દેશો ઉપર નાખી દીધી. પરંતુ સીપ્રીનો સ્ટોકહોમ સ્થિત ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટનો અહેવાલ જણાવે છે કે યુરોપના દેશોનાં ખિસ્સા ખાલી થઈ ગયા છે. તો બીજી તરફ યુરોપના દેશોનો પોતાનો સંરક્ષણ ખર્ચ ૧૪ ટકા વધી ૮૬૪ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે.

આ અહેવાલમાં કહ્યું છે કે યુક્રેનમાં ૪ વર્ષથી વધુ સમયથી યુદ્ધ ચાલે છે. અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન લડી રહ્યા છે. ચીન તાઈવાનને ધમકાવતું રહ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ તંગદિલી વધતી જાય છે. યુક્રેન યુદ્ધ માટે જ યુરોપને એક વર્ષમાં સવા નવ લાખ કરોડ ખર્ચવા પડયા, તેનાં ખિસ્સાં હવે ખાલી થઇ ગયા છે, જયારે અમેરિકાનો સૈન્ય ખર્ચ ઘટી ગયો છે. સિપ્રી જણાવે છે કે ૨૦૨૫માં દુનિયાભરની સરકારોએ ૨.૯ ટ્રિલિયન ડોલરનો ખર્ચ કર્યો છે જે ૨૦૨૪ની તુલનામાં ૨.૯ ટકા વધુ છે.

## પહેલા પાનાથી...

### પ.બંગાળમાં બીજા

પ્રાથમિક અહેવાલો સાંપડયા છે.પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની ૧૪૨ બેઠકો માટે આજે યોજાયેલા મતદાનમાં સવારે સાત વાગ્યે શાંતિપૂર્ણ રીતે મતદાનનો પ્રારંભ થયો છે. બીજા તબક્કાના આજે યોજાયેલા મતદાનમાં ૩.૨ કરોડથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ૧૪૪૮ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમ માં સીલ કરશે. બીજા તબક્કાની ૧૪૨ બેઠકો પર આજે યોજાયેલ મતદાનમાં શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે મતદાન મથકો પર સઘન સુરક્ષા બંધોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળની વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં આજે બીજા તબક્કાની ૧૪૨ બેઠકો માટેની ચૂંટણી યોજાય છે. આજે બીજા તબક્કાના યોજાયેલા મતદાનમાં સવારે ૫:૩૦ વાગ્યાથી જ મતદારોએ મતદાન માટે ઉત્સાહ બતાવીને મતદાન મથકો પર લાંબી લાઈનો લગાવીને શાંતિપૂર્ણ રીતે મતદાન કરતા જોવા મળી રહ્યા હતા. પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની આજે યોજાયેલ મતદાન દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને બુથ કેપ્ચરિંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા ની જાળવણી માટે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આજે યોજાયેલી ચૂંટણીમાં સુરક્ષા બંદોબસ્ત માટે કેન્દ્રીય સુરક્ષા દળની કુલ ૨૩૨૧ કંપનીઓ ફરજ પર તૈનાત કરવામાં આવી છે. કેટલાક સુરક્ષા કર્મીઓ બોડી કેમેરા થી સજ્જ છે જ્યારે તમામ સ્ટ્રોંગ રૂમ પર સુરક્ષા નિર્ધારિત કરવા સુરક્ષા પ્રોટોકોલ મુજબ સીએપીએફ જવાનો દ્વારા કરવામાં આવશે સ્ટ્રોંગ રૂમના ગેટ પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે અને તેની ફૂટેજ ઉમેદવારો તેમજ તેના એજન્ટો માટે ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત દરેક પોલિંગ બૂથ પર ચાર સુરક્ષા કર્મીઓ તૈનાત રહેશે દરેક બુથ પર ઓછામાં ઓછા બે વેબકેમ લગાવવામાં આવ્યા છે એક અંદર અને એક બહાર.આ ઉપરાંત ૧૪૨ સામાન્ય નિરીક્ષકો ૯૫ પોલીસ નિરીક્ષકો અને ૧૦૦ ખર્ચ નિરીક્ષકો પણ ફરજ ઉપર તૈનાત કરવામાં આવ્યા છે. બીજા તબક્કાની ૧૪૨ બેઠકો માટે આજે યોજાયેલ મતદાનમાં કુલ ૪૧૦૦૧ મતદાન મથકો આવેલા છે જે પૈકી ૧૪,૨૧૮ મતદાન મથકો શહેરી વિસ્તારમાં આવ્યા છે અને ૨૫૦૮૩ મતદાન મથકો ગ્રામીણ વિસ્તારમાં છે.

### ગીર સોમનાથ,

ટુરિસ્ટ ફ્રેન્ડલી વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે ખાસ 'ટુરિસ્ટ પોલીસ સ્ટેશનો' સ્થાપવામાં આવશે. જે પર્યટન સ્થળો પર પહેલેથી જ પોલીસ ચોકીઓ કાર્યરત છે, ત્યાં ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી તેને અત્યાધુનિક ટુરિસ્ટ પોલીસ સ્ટેશન તરીકે અપગ્રેડ કરવામાં આવશે. પ્રવાસીઓ પોલીસને સરળતાથી ઓળખીને મદદ મેળવી શકે તે માટે પોલીસ કર્મચારીઓ માટે વિશેષ યુનિફોર્મ અને વાહનો માટે એક અનન્ય 'લોગો' ડિઝાઈન કરવા અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની ત્વરિત સહાય માટે કન્ટેનર આધારિત માળખા દ્વારા 'હેલ્પ ડેસ્ક' અને 'કિયોસ્ક' પણ ઊભા કરવામાં આવશે. પ્રવાસીઓને એક જ પ્લેટફોર્મ પર તમામ જરૂરી માહિતી અને સુરક્ષા સંબંધી સેવાઓ મળી રહે તે હેતુથી તમામ SPને એક સેન્ટ્રલ 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવા પણ સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં, આ બેઠકમાં દરેક ટુરિસ્ટ પોલીસ સ્ટેશનમાં પૂરતા પ્રમાણમાં માનવબળ, નવા વાહનોની ખરીદી અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવે જણાવ્યું હતું કે, આ પહેલનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો જ નથી, પરંતુ ગુજરાતની મુલાકાતે આવતા દેશ-વિદેશના પર્યટકોને એક સુરક્ષિત અને 'મિત્રસભર' વાતાવરણ પૂરું પાડવાનો છે. આગામી સમયમાં આ આયોજનને વેગ આપીને ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વૈશ્વિક સ્તરે વધુ સુરક્ષિત બનાવવાની નેમ પોલીસ વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આ બેઠકમાં IGP સહિત ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### કમલમમાં ભાજપ

ભુપેન્દ્રભાઈ પટેલ, ડે.સીએમ હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતનાઓ હાજર રહેશે અને કાર્યકર્તાઓ વિજય અપાવવા માટે કરેલી જહેમત બદલ અભિનંદન આપવામાં આવશે.

### બંગાળ પછી હવે

અને વ્યૂહરચના ઘડે છે, પરંતુ ભાજપ ૨૪/૭, વર્ષમાં ૩૬૫ દિવસ સક્રિય રહે છે. પાર્ટી રાહ જુઓ અને જુઓ ની નીતિનું પાલન કરતી નથી. અમારા માટે, એક ચૂંટણીનો અંત એ બીજા તબક્કાની તૈયારીઓની શરૂઆત છે. બંગાળમાં મતદાનનો પ્રથમ તબક્કો ૨૩ એપ્રિલે થયો હતો, જ્યારે બીજો અને અંતિમ તબક્કો ૨૯ એપ્રિલે યોજાશે. તમિલનાડુમાં પણ ૨૩ એપ્રિલે મતદાન થયું હતું. કેરળ, આસામ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થયું હતું. પાંચેય રાજ્યોના ચૂંટણી પરિણામો ૪ મેના રોજ મતગણતરી સાથે જાહેર કરવામાં આવશે.ભાજપ પ્રમુખે આ રાજ્યોનો ઘણી વખત પ્રવાસ કર્યો, તૈયારીઓની સમીક્ષા કરી અને પક્ષના કાર્યકરો સાથે વ્યૂહાત્મક બેઠકો યોજી. આ વ્યસ્ત સમયપત્રક વચ્ચે, ભાજપ વડાએ ગોવા, ગુજરાત અને ઉત્તર પ્રદેશની પણ મુલાકાત લીધી.

## રશિયાએ ભારત માટે ચોથી એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી

નવી દિલ્હી : ઓપરેશન સિંદૂરને એક વર્ષ થવા જઈ રહ્યું છે ત્યારે હવાઇ સુરક્ષાને લઇને મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. રશિયાએ ભારતને સોંપવામાં આવનારી એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ રવાના કરી દીધી છે. જે મે મહિનાના મધ્ય સુધીમાં ભારત સુધી પહોંચી જવાની શક્યતાઓ છે. જ્યારે પાંચમી એર ડિફેન્સ આ વર્ષે નવેમ્બર મહિનામાં ભારતમાં પહોંચવાની શક્યતાઓ છે.

## ભારતની એરલાઈન્સનું 'ક્રેશ લેન્ડિંગ' નક્કી? સરકાર મદદ કરે નહીંતર તાળાં મારવા પડશે

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા સૈન્ય સંઘર્ષની સીધી અસર હવે ભારતીય આકાશ પર જોવા મળી રહી છે. જેટ ફ્યુઅલના ભાવમાં થયેલા અસહ્ય વધારાએ દેશની એરલાઇન કંપનીઓની કમર તોડી નાખી છે. એર ઇન્ડિયા, ઇન્ડિગો અને સ્પાઇસજેટનું પ્રતિનિધિત્વ કરતા સંગઠન ફેડરેશન ઓફ ઇન્ડિયન એરલાઇન્સે સરકારને ગંભીર ચેતવણી આપી છે કે જો તત્કાળ નાણાકીય સહાય કે રાહત આપવામાં નહીં આવે, તો ઘણી કંપનીઓએ પોતાની કામગીરી કાયમી ધોરણે બંધ કરવી પડશે.

એરલાઈન્સના કુલ સંચાલન ખર્ચમાં અગાઉ જેટ ફ્યુઅલનો હિસ્સો ૩૦% થી ૪૦% રહેતો હતો, જે હવે વધીને ૫૫% થી ૬૦% સુધી પહોંચી ગયો છે. ઈંધણના ભાવ એટલી હદે અનિશ્ચિત બન્યા છે કે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ બંને રૂટ પર ફ્લાઈટ ઓપરેટ કરવી હવે આર્થિક રીતે અવ્યવહારિક બની ગઈ છે. ખાસ કરીને વિદેશી રૂટ પર ઈંધણના ભાવમાં પ્રતિ લિટર ૭૩ થી ૭૫ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો છે.

## RTE હેઠળ પ્રી-પ્રાઈમરીમાં એડમિશનને રાષ્ટ્રીય અભિયાન બનાવોઃ સુપ્રીમ કોર્ટ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સ્કૂલોમાં વંચિત વર્ગો માટે ૨૫ ટકા ઈઈ ક્વોટાને 'રાષ્ટ્રીય અભિયાન' ગણાવી સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે, સ્થાનિક ખાનગી સ્કૂલો વિલંબ વગર શિક્ષણ અધિકાર ધારા હેઠળ ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બંધારણીય અને કાનૂની રીતે બંધાયેલી છે. પ્રી-પ્રાઈમરી ક્લાસમાં એડમિશનને રાષ્ટ્રીય અભિયાન બનાવવા પર ભાર મૂકી સુપ્રીમ કોર્ટે નોંધ્યુ હતું કે, સરકાર વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરીને મોકલે તે પછી સ્કૂલો પાસે પ્રવેશ આપવા સિવાય બીજો કોઇ વિકલ્પ હોતો નથી.ન્યાયાધીશ પી એસ નરસિંહા અને આલોક આરાધેની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે, સરકારનું અનુદાન ન મેળવતી નજીકની સ્કૂલો RTE માળખા હેઠળ વિદ્યાર્થીઓને વિલંબ વગર પ્રવેશ આપવા બંધાયેલી છે. આવા પ્રવેશનો ઈનકાર બંધારણની કલમ ૨૧A હેઠળના શિક્ષણના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે.

## ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે મે મહિનામાં હવામાનમાં મોટો પલટો આવશે

**હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે હવામાનમાં પલટાની આગાહી કરી - કેટલાક વિસ્તારોમાં જોરદાર પવન, તોફાન અને કરા પડવાની શક્યતા**

અમદાવાદ : ગુજરાતમાં હાલ ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. આકરી ગરમી અને લૂના કારણે જનજીવન પ્રભાવિત થયું છે ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગામી દિવસો માટે તાપમાન, પવન અને વાવાઝોડા અંગે અત્યંત મહત્ત્વપૂર્ણ આગાહી વ્યક્ત કરી છે. તેમની આગાહી મુજબ, હજી થોડા દિવસો ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે, પરંતુ મે મહિનામાં કુદરતનો અલગ જ મિજાજ જોવા મળી શકે છે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, મધ્ય ગુજરાતમાં ગરમીનું મોજું તીવ્ર બનશે. વડોદરા, આણંદ અને મહીસાગર જિલ્લામાં તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાઈ શકે છે. આવી જ સ્થિતિ ઉત્તર ગુજરાતમાં પણ રહેશે. પાટણ, સમી, હારીજ, પાલનપુર, ડીસા, વાવ અને થરાદ જેવા વિસ્તારોમાં બપોરના સમયે તાપમાન ૪૩ ડિગ્રીની આસપાસ રહેતા લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બનશે. ૨૮ એપ્રિલ સુધી ગરમીનો આ ટ્રેન્ડ ચાલુ રહ્યા બાદ તાપમાનમાં ધીમે-ધીમે ઘટાડો નોંધાશે. મે મહિનાની શરૂઆતમાં મધ્ય, ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ સ્થિર થઈ શકે છે. જ્યારે કચ્છમાં પારો ૩૯ ડિગ્રી રહેવાની શક્યતા છે.

# કુકમા ટોલનાકા પર રીક્ષા કાઢવા મુદ્દે બે પક્ષો હાથાપાઈ પર ઉતરી આવ્યા

**સામસામે ૧૦ લોકો સામે પદ્ધર પોલીસે ગુનો દાખલ કર્યો**

ભુજ - કચ્છ ઉદય : ભુજ - અંજાર હાઈવે રોડ પર આવેલા કુકમા ટોલનાકા પાસે રીક્ષા કાઢવા મુદ્દે બે પક્ષો વચ્ચે હાથાપાઈ થઈ હતી.

આ મામલે જાણવા મળતી વિગતો મુજબ ફરિયાદી હસણભાઈ આમરભાઈ સિયારીયાના જણાવ્યા પ્રમાણે ફરિયાદીની રીક્ષા કાઢવા બાબતે આરોપી સાથે બોલાચાલી થતા હાથાપાઈ કરવામાં આવી હતી. જેમાં ફરિયાદી તથા તેમના દીકરા રફીક, મુસ્તાકને લાકડીઓ વડે માર મારી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. જેથી કુકમાના ગફુર કેવર, ચુબડક ગંઢેરના ફીરોઝ ઈબ્રાહીમ પારા, રફીક ઈબ્રાહીમ પારા, હનીફ ઈબ્રાહીમ પારા, સલીમ ડાડા પારા, મૌસિન ગની પારા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. સામે પક્ષે ફીરોઝ ઈબ્રાહીમ પારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ કુકમા ટોલનાકા પર નોકરી કરતા હોઈ આરોપીએ રીક્ષા સાઈડમાંથી કાઢી લેવાનું કહેતા સાઈડમાંથી કાઢી નહી અને ઝઘડો કર્યો હતો. આરોપી હસણ સિયારીયા, તેની પત્ની, રફીક અને મુસ્તાકે ફરિયાદી અને સાહેદને લાકડાના ડંડા વડે માર માર્યો હતો. પદ્ધર પોલીસે સામ સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# આશાપુરા ફાઉન્ડેશન દ્વારા બહેનો માટે 'જીવન ઘડતરમાં ઉપયોગી મૂલ્યો' વર્ગોનું આયોજન

ભુજ - કચ્છઉદય : આશાપુરા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આશાપુરા વુમન્સ એકેડેમી આયોજિત બહેનો માટે "જીવન ઘડતરમાં ઉપયોગી મુલ્યો" વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો હેતુ ઘર-પરિવાર ચલાવવા માટે ઉપયોગી પાયાનું જ્ઞાન બહુ જરૂરી છે. આજે ગૂગલ સર્ચ કરીએ તો બધું જ જ્ઞાન મળે છે,પરંતુ પાયાનું જ્ઞાન ન હોય તો બધું નકામું છે. રસોડામાં ઉપયોગી થવું આ બધું આજે ગુગલમાંથી બહુ સરળ રીતે મળી શકે છે પરંતુ તેનું પાયાનું જ્ઞાન હોય તો જ તમે ગુગલનો સારી રીતે ઉપ યોગ કરી અને એક પારંગત વાનગી અથવા પારંગત કોઈપણ કલાત્મક વસ્તુ બનાવી શકો છો તો આ પાયાનું જ્ઞાન મેળવવા માટે અમે એક વર્ગનું આયોજન કર્યું છે જેમાં અલગ અલગ વિષયના નિષ્ણાત દ્વારા અલગ તાલીમ કરાવવામાં આવશે યોગ પ્રાર્થના પ્રાણાયામ વગેરે નિયમિત કરવાનું રહેશે તેમ જ મહેંદી અને ઓર્નામેન્ટ શીખવવા માટે નેમીષાબેન સોલંકી,ગૃહિણીનું ઘર અને સમાજમાં મહત્વ અને વાનગીઓનું પાયાનું જ્ઞાન વિષય પર રૂપલબેન મહેતા પ્રાયોગિક કરાવશે, મડવર્ક શીખવવા માટે પ્રિયાંશી બેન આહીર, બ્યુટી ટીપ્સ માટે મોનિકા હઠીલા,સંસ્કૃત દ્વીજેશભાઈ, ભરતકામ અને બેઝિક સિલાઈ કામ અને વેદિક ગણિત માટે રિધ્ધીબેન ઠક્કર, ઘર ડેકોરેશન સાફ-સફાઈ, ક્રોસીયા વર્ક સંગીતાબેન પુરબીયા, ક્વીલીંગ વર્ક,રેઝીન આર્ટ પ્રીતિબા કરાવશે.અ તાલીમનો સમયગાળો ૧લી મેથી ૨૦ મે રહેશે. બાળકોનો શારિરીક માનસિક અને નૈતિક વિકાસ થાય તે હેતુથી શિશુશિબિર ૪-૫ થી ૯-૫ છે. નિઃશુલ્ક છે. ૩૦ અપ્રિલ સુધી રૂબરૂ સંતોષી માંના મંદિર પાછળ સવારે ૧૧ થી ૫ મળવું. વધુ માહિતી માટે આશાપુરા વુમન્સ એકેડમીના મુખ્ય સંચાલિકા હસ્મિતાબેનત્રિવેદીએ જણાવ્યું છે.

# ભુજમાં મુન્દ્રા રોડ પર દુકાનમાંથી ૧૪ હજારની ચોરી

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં મુન્દ્રા રોડ પર સિલ્વર સિટી સોસાયટીના ગેટ પાસે આવેલ જયગોગા ટી પોઈન્ટ નામની દુકાનમાંથી ચોરી કરવામાં આવી હતી. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ફરીયાદી વેલાભાઈ ઉર્ફે ભાવેશભાઈ ફકીરભાઈ રબારીના જણાવ્યા પ્રમાણે કોઈ ચોર અજાણ્યા ઈસમે તેમની દુકાનનું શટર તોડી ગેરકાયદે પ્રવેશ કરી રોકડા રૂા.૧૧,૨૦૦ અને સિગારેટના આઠ પેકેટ કિંમત રૂા.૩,૧૨૦ની ચોરી કરી હતી. બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો છે.

# કચ્છમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ: ભુજમાં પારો ૪૦ ડિગ્રીએ પહોંચ્યો

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સૂર્યનારાયણ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે, જેના કારણે સમગ્ર જનજીવન પ્રભાવિત થયું છે. સરહદી જિલ્લામાં ગરમીનો પારો ઊંચે જઈ રહ્યો છે, જેમાં ખાસ કરીને ભુજ શહેર ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે ભઠ્ઠીની જેમ શેકાયું હતું. જિલ્લાના અન્ય કેન્દ્રોમાં પણ ગરમીનું જોર યથાવત રહ્યું છે, જેમાં કંડલામાં ૩૯ ડિગ્રી અને નલિયામાં ૩૭.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૩૨ ટકા રહેવા પામ્યું છે, જ્યારે ૧૫ થી ૧૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. દિવસ દરમિયાન આકરા તાપ અને અસહ્ય ઉકળાટને કારણે લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને બપોરના સમયે માર્ગો પર સ્વયંભૂ સંચારબંધી જેવો માહોલ જોવા મળે છે. જોકે, દિવસભરની અકળામણ બાદ રાત્રીના સમયે પવનની ગતિ જળવાઈ રહેતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી રહી છે. ગરમીના વધતા જતા પ્રકોપને જોતા આરોગ્ય વિભાગ દ્વારા પણ નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

માતાનામઢ - લખપત તાલુકાના મતદારોનો ખૂબ ખૂબ આભાર



સારાબાઈ કુંભાર
જિ.પં. દયાપર
કોંગ્રેસના ઉમેદવાર

ઈબ્રાહીમ કુંભાર
પ્રમુખશ્રી, લખપત
તાલુકા કોંગ્રેસ

જીતુભા લાખુભા ચૌહાણ
કોટડા (મઢ) તા. પં.
કોંગ્રેસના વિજેતા ઉમેદવાર

કાસમભાઈ કુંભાર
સરપંચ માતાનામઢ
પેનલના પ્રણેતા

દયાપર ૯ જિલ્લા પંચાયતના તમામ મતદારોનો આભાર માનીએ છીએ જેમણે મતદાન પ્રક્રિયામાં ભાગ લઈ લોકશાહીના પર્વની ખરા અર્થમાં ઉજવણી કરી છે. ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ખરેખર ઘણાં પરિવર્તન જોવા મળ્યાં છે. આ વર્ષની ચૂંટણીમાં યુવાનો, વડીલો, માતાઓ અને બહેનો બધાએ ખૂબ જ ઉત્સાહ દાખવી લોકતાંત્રિક પ્રક્રિયાને આગળ વધારી છે. ગામના આગેવાનો, વડીલો અને યુવાન ભાઈઓનો શરૂઆતથી લઈ મતદાર પ્રક્રિયા પૂર્ણ થયા સુધી ખડેપગે સહકાર આપ્યો તે બદલ ફરીવાર અંતઃકરણથી આભાર વ્યક્ત કરીએ છીએ.
પરિણામની ચિંતા કર્યા વગર, સારાં કાર્યો કરવાની આપણી નૈતિક ફરજ માની દરેક સમાજ માટે હંમેશાં આપણી ભાગીદારી નોંધાવતા રહીશું અને આપણી માતૃભૂમિ માટે પૂરેપૂરી ધગશથી કામ કરતા રહીશું... વંદે માતરમ્... ભારત માતા કી જય...

ઈબ્રાહીમભાઈ કુંભાર (પ્રમુખશ્રી, લખપત તાલુકા કોંગ્રેસ સમિતિ)

દીનદયાલ पत्तन प्राधिकरण/DEENDAYAL PORT AUTHORITY
AN ISO 9001:2008 & ISO 14001:2004 CERTIFIED PORT
(विज्ञापन सं./Advt.No.:GA/PS/1220/Cont.Pilot/2025/2551 dated: 28/04/2026)

**संविदा के आधार पर 06 पॉयलट(मरीन) कीनियुक्ति हेतु वॉक-इन-इंटरव्यू**
**Walk-In-Interview for engagement 06 Nos. of Pilot (Marine) on contractual basis**

दीनदयाल पत्तन प्राधिकरण, योजना में निर्धारित नियमों एवं शर्तों के अनुसार संविदा के आधार पर **06** पॉयलट(मरीन) [**01**-एस.सी.,**01**-एस.टी. **01**-अन्य पिछड़ा वर्ग**(एनसीएल)**, **03**-अनारक्षित]की नियुक्तिहेतुदिनांक **08/05/2026**को पूर्वाह्न **१4:00**बजे से गांधीधाम(कच्छ), गुजरात-३७०२०१ में स्थित प्रशासनिक कार्यालय भवन में वॉक-इन-इंटरव्यू आयोजित कर रहा है।

Deendayal Port Authority intends to engage 06 Nos. of Pilots (Marine) on contract basis [01-SC,01-ST, 01-OBC (NCL) and 03 UR]as per the terms & conditions set out in the scheme through Walk-in-Interview scheduled to beheld on **08/05/2026**at **14:00** hrs. onwards at Administrative Office Building, Deendayal Port Authority, Gandhidham – Kutch, Gujarat – 370201.

पात्रता मानदंडों अर्थात शैक्षणिक योग्यता, अनुभव, आयुसीमा, पारिश्रमिक, संविदा के नियम व शर्तों से संबंधित विवरण की जानकारी हेतु कृपया दीनदयाल पत्तन प्राधिकरण की वेबसाइट www.deendayalport.gov.in. पर जाएं।

For details regarding eligibility criteria i.e. educational qualification, experience, age, remuneration, terms & conditions of contract, please visit the DPA website at www.deendayalport.gov.in.

सचिव/Secretary
दीनदयाल पत्तन प्राधिकरण
Deendayal Port Authority

પ.પૂ. શુકદેવજી સ્વરૂપ શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ પ્રેરીત
SHRI RAM KRISHNA SEWA TRUST GANDHIDHAM
**શ્રી રામ કૃષ્ણ સેવા ટ્રસ્ટ**
દ્વારા આયોજીત

**નિઃશુલ્ક સર્વરોગ મેગા મેડીકલ કેમ્પ**

સ્ટર્લિંગનાં નિષ્ણાંત ડોકટર્સ પોતાની સેવા આ કેમ્પમાં આપશે.

કેમ્પની તારીખ : ૦૩-૦૫-૨૦૨૬ રવિવાર સમય : સવારે ૯:૦૦ થી ૨:૦૦
સ્થળ : સ્ટર્લિંગ રામ કૃષ્ણ સ્પેશ્યાલીટી હોસ્પિટલ
પ્લોટ હેલ્થ સેન્ટર, વોર્ડ ૧૦-બી'સી', વાયએમસીએ પાસે, ઇફકો કોલોની સામે, ગાંધીધામ (કચ્છ) ૩૭૦ ૨૦૧.
ફોન : ૦૨૮૩૬-૬૧૯૬૨૦

આ કેમ્પમાં સેવા આપનાર નામાંકિત ડોકટરો....

| | | | |
|---|---|---|---|
| ડૉ. રવિ રાજાણી<br>ફીજીશીયન | ડૉ. આકાશ પટેલ<br>ફીજીશીયન | ડૉ. કુણાલ નાથ<br>ન્યુરો ફીજીશીયન | ડૉ. હર્ષ તિલવાણી<br>કાર્ડીયોલોજીસ્ટ<br>હૃદયરોગ એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી ના નિષ્ણાંત |
| ડૉ. જયમીન સોમાણી<br>(નેફ્રોલોજીસ્ટ)<br>કિડની તથા ડાયાલીસીસ નાં રોગોનાં નિષ્ણાંત | ડૉ. જયા તિલવાણી<br>(નેફ્રોલોજીસ્ટ)<br>કિડની તથા ડાયાલીસીસ નાં રોગોનાં નિષ્ણાંત | ડૉ. મોહિત મોદી<br>મેડીકલ ઓન્કોલોજીસ્ટ<br>કેન્સર રોગના નિષ્ણાંત | ડૉ. અંકુર ગુપ્તા<br>મગજ તથા કરોડરજ્જુની ગાંઠ, પિટ્યુટરી ગ્રંથિની ગાંઠ, મણકાની ટીબી કે ફેકચર |
| ડૉ. હાર્દિક શુકલા<br>મગજ તથા કરોડરજ્જુની ગાંઠ, પિટ્યુટરી ગ્રંથિની ગાંઠ, મણકાની ટીબી કે ફેકચર | ડૉ. હાર્દિક સોલંકી<br>સી.વી.ટી.એસ<br>બાયપાસ સર્જન | ડૉ. નિકુંજ ચૌહાણ<br>સર્જીકલ ઓન્કોલોજીસ્ટ<br>કેન્સર રોગના નિષ્ણાંત | ડૉ. અમીત પોલારા<br>યુરોલોજીસ્ટ<br>પથરી રોગના નિષ્ણાંત |
| ડૉ. બિકેશ મહેતા<br>ઓર્થોપેડીકસ<br>હાડકાના રોગના નિષ્ણાંત | ડૉ. કૃણાલ ઠકરાલ<br>ઓર્થોપેડીકસ<br>હાડકાના રોગના નિષ્ણાંત | ડૉ. અવિનાશ ચૌધરી<br>ઓર્થોપેડીકસ<br>હાડકાના રોગના નિષ્ણાંત | ડૉ. મિતેશ મોદી<br>જનરલ સર્જન |

| | | | | |
|---|---|---|---|---|
| ડૉ. કિશન કટુઆ<br>જનરલ સર્જન | ડૉ. મોહનીશ ખત્રી<br>કાન-નાક-ગળાના રોગોના નિષ્ણાંત ડૉક્ટર | ડૉ. ઉદીત રાવલ<br>રેડીયોલોજીસ્ટ | ડૉ. અરવિંદ ભુડીયા<br>પેથોલોજીસ્ટ | ડૉ. રિદ્ધી યાદવ<br>પેથોલોજીસ્ટ |

જરૂરત પ્રમાણે દર્દીઓને નિઃશુલ્ક દવાઓ આપવામાં આવશે.

નોંધ : જરૂરતમંદ દર્દીને લેબોરેટરી તપાસ, સોનોગ્રાફી, એક્સ-રે નિઃશુલ્ક માં કરી આપવામાં આવશે. દરેક દર્દીએ પોતાના જુના રીપોર્ટ અને દવા જે લેતા હોય તે સાથે લાવવી જરૂરી છે.

કેમ્પ માટે અગાઉથી નામ નોંધાવી લેવા.
Phone : 02836-619620 Mo. : 6359001516, 9909536591

આમ.આર.આઇ અને સી.ટી. સ્કેનની સેવાઓ ૨૪ કલાક હોસ્પીટલમાં ઉપલબ્ધ છે.
ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક ચાલુ છે.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



: જન્મ :
૨૬ જાન્યુઆરી, ૧૯૩૭

: નિર્વાણ :
૨૨ એપ્રિલ, ૨૦૨૬

પદ્મશ્રીથી પુરસ્કારથી સન્માનિત
પરમ પૂજ્ય આચાર્ય શ્રી ચંદનાજી, મ.સા. (તાઈ માં)ના
પાવન સ્મરણાર્થે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન

સ્થળ : વીરાયતન હરિપર કેમ્પસ, ભુજ-માંડવી રોડ, કચ્છ.
તારીખ : ૩૦-૦૪-૨૦૨૬, સમય : સવારે ૧૦:૦૦ કલાકે

વીરાયતન - કચ્છ પરિવાર

વાગડના વિકાસની વણથંભી વણઝાર



રાપરમાં વિકાસની જીત... ભવ્ય વિજયના ઘડવૈયા
ધારાસભ્યશ્રી વીરેન્દ્રસિંહજી બી. જાડેજાના
નેતૃત્વમાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયત સીટ પર
વિજેતા થનાર તમામ ઉમેદવારોને હાર્દિક અભિનંદન



જિલ્લા પંચાયતના વિજેતા ઉમેદવારો

| ભીમાસર ભુ. | ફતેહગઢ | ગાગોદર | પલાંસવા | રવ મોટી |
|---|---|---|---|---|
| જયદિપસિંહ<br>સ્વરૂપસિંહ જાડેજા | નયનાબેન<br>વણવીરભાઈ સોલંકી | સુરેશભાઈ<br>રણછોડભાઈ મકવાણા | આશાબા<br>યુવરાજસિંહ પરમાર | જયરામભાઈ<br>લાલાભાઈ સોનારા |

તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારો

| ભુટકિયા | બાલાસર | બેલા | ભીમાસર-૧ | ભીમાસર-૨ | ચિત્રોડ | ઘાણીથર |
|---|---|---|---|---|---|---|
| રાણીબેન<br>કુંભાભાઈ મકવાણા | દક્ષાબેન<br>દિલીપભાઈ પેડા | સામુબેન<br>લખુભાઈ સોઢા | કિર્તીકુમાર<br>ગાભાભાઈ મકવાણા | રાણીબેન<br>રતનભાઈ ગોહિલ | ભાવનાબેન<br>ધારાભાઈ ભરવાડ | પ્રભુભાઈ<br>મમુભાઈ કોલી |
| **ગાગોદર** | **ગેડી** | **જાટાવાડા** | **ખાંડેક** | **કિડીયાનગર** | **માણાબા** | **પલાંસવા** |
| નરેન્દ્રસિંહ<br>પ્રવીણસિંહ રાજપૂત | જમણીબેન<br>પરબતભાઈ ઢૈયા | રામીબેન<br>ડોશાભાઈ રબારી | જયવીરસિંહ<br>મંગરૂભા વાઘેલા | રસીલાબેન<br>વિનોદભાઈ પરમાર | ગોવિંદભાઈ<br>મગનભાઈ સુરાણી | ભરતભાઈ<br>બાબુભાઈ સોલંકી |
| **પ્રાગપર** | **રામવાવ** | **રવ મોટી** | **સઈ** | **સણવા** | **સેલારી** | **સુવઈ** |
| ખીમાભાઈ<br>વાઘાભાઈ વાવીયા | રાજેશકુમાર<br>ખેંગારભાઈ ઢીલા | શકિતસિંહ<br>દશુભા જાડેજા | મીનાબા<br>કમલસિંહ સોઢા | ગીતાબેન<br>અશોકભાઈ રાજગોર | વિમલાબેન<br>મહેશભાઈ ચૌધરી | હેતલબા<br>અજીતસિંહ જાડેજા |

જનસમર્થન ભાજપને... જનસમર્થન વાગડના વિકાસને...


શુભેચ્છક : રાપર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી પરિવાર



ભારતીય જનતા પાર્ટી - ગુજરાત

અભૂતપૂર્વ જનઆશીર્વાદ બદલ
ગુજરાતની જનતાને વંદન...

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો આ વિજય,
માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની
વિકાસની રાજનીતિનો વિજય છે.
આ ગુજરાતની જનતાનો ભાજપ પ્રત્યે
વિશ્વાસનો વિજય છે.
આ ગુજરાતના વિકાસના
ગૌરવનો વિજય છે.
આ કાર્યકર્તાઓની
પરિશ્રમશક્તિનો વિજય છે.



સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઐતિહાસિક જનસમર્થન માટે
ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર...

જનસમર્થન
ભાજપને વિકાસને

ખીલ્યું કમળ
જીત્યું ગુજરાત...

# આઈપીએલ ૨૦૨૬ પછી ૫ બોલરોની ટીમ ઈન્ડિયામાં થશે ધમાકેદાર એન્ટ્રી!

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતમાં અત્યારે આઈપીએલ૨૦૨૬ની ધૂમ મચી છે, જેમાં દરેક ટીમના ખેલાડીઓ શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. બીસીસીઆઈ પણ આ ટુર્નામેન્ટ પર ચાંપતી નજર રાખી રહ્યું છે, કારણ કે અહીં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓ માટે ટીમ ઈન્ડિયાના દરવાજા ખોલી શકે છે. એક રિપોર્ટ અનુસાર, બોર્ડે ખાસ કરીને ૫ એવા બોલરોની પસંદગી કરી છે જેમના પ્રદર્શનથી મેનેજમેન્ટ પ્રભાવિત છે. આ લિસ્ટમાં અનુભવી ખેલાડીઓની સાથે બે અનકેપ્ડ(જેઓ હજુ સુધી આંતરરાષ્ટ્રીય મેચ નથી રમ્યા) ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે.



રાજસ્થાન રોયલ્સના સ્ટાર સ્પિનર રવિ બિશ્નોઈએ આ સીઝનમાં ૮ મેચમાં ૧૧ વિકેટ ઝડપીને કમાલ કરી છે. જાન્યુઆરી ૨૦૨૬માં છેલ્લી મેચ રમનાર બિશ્નોઈની ફરીથી ટીમ ઈન્ડિયામાં વાપસી થવાના સંકેતો મળી રહ્યા છે. બીજી તરફ, ગુજરાત ટાઇટન્સના યુવા ઝડપી બોલર અશોક શર્માએ પોતાની તેજ ગતિથી સૌને પ્રભાવિત કર્યા છે. ૬ મેચમાં ૬ વિકેટ લેનાર આ અનકેપ્ડ ખેલાડી ટૂંક સમયમાં બ્લુ જર્સીમાં જોવા મળી શકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા ખલીલ અહેમદ પણ આ રેસમાં સામેલ છે, જેણે આ સીઝનમાં ઈજા પહેલા શાનદાર સ્પેલ નાખ્યા હતા.

આ ઉપરાંત, ગુજરાત જાયન્ટ્સના પ્રસિદ્ધ કૃષ્ણા અત્યારે પર્પલ કેપની રેસમાં છે. તેણે ૭ મેચમાં ૧૨ વિકેટ લઈને સિલેક્ટર્સનું ધ્યાન ખેંચ્યું છે. છેલ્લે, કેકેઆરના યુવા બોલર કાર્તિક ત્યાગીની સ્પીડ અને લાઈન-લેન્થ પણ ચર્ચાનો વિષય બની છે. મેનેજમેન્ટ સતત તેના પર નજર રાખી રહ્યું છે. જો આ પાંચેય ખેલાડીઓ પોતાનું પ્રદર્શન જાળવી રાખશે, તો આગામી ટી૨૦ સીરીઝમાં તેમને ટીમ ઈન્ડિયાનો હિસ્સો બનાવવામાં આવી શકે છે. આ ખેલાડીઓની મહેનત અને વ્યૂહનીતિ તેમને ભારતીય ક્રિકેટના આગામી સ્ટાર બનાવી શકે છે.

# વન-ડે રેન્કિંગમાં નંબર-વન ભારત મજબૂત સ્થિતિમાં

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ દર વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના બે મહિના દરમ્યાન ભાગ્યે જ આંતરરાષ્ટ્રીય શ્રેણી રમાતી હોય છે અને અત્યારે પણ એવી જ સ્થિતિ છે, પરંતુ આવતા વર્ષે (૨૦૨૭માં) વન-ડેનો વર્લ્ડ કપ રમાવાનો હોવાથી ભારત ટીમો હવે પછી પોતાની વન-ડે ટીમને મજબૂત કરવા કોઈ કસર નહીં છોડે અને આઈસીસી વન-ડે રૅન્કિંગના ક્રમ મોટા ભાગે આવનારા મહિનાઓમાં સ્થિતિ સ્પષ્ટ કરી આપશે. ભારત ઘણા મહિનાઓથી પહેલા નંબરે છે અને થોડા મહિનાઓથી એની સિરીઝ ન રમાઈ હોવા છતાં મોખરે ટકી રહ્યું છે. કટ્ટર હરીફ




## ન્યૂઝીલેન્ડ રેન્કિંગમાં બીજા નંબરે : પાકિસ્તાન ૧૦૨ના રેટિંગ પોઇન્ટ સાથે ચોથા સ્થાને

ચોથા નંબરે છે.

આઈસીસી વન-ડે રૅન્કિંગમાં ભારત ૧૧૯ રેટિંગ પૉઈન્ટ સાથે મોખરે છે. ત્યાર પછીના સ્થાને જે ટીમો છે એનાથી ભારત ઘણું આગળ છે એટલે આવનારા થોડા મહિનાઓ સુધી ભારતને કોઈ હટાવી શકશે એવું લાગતું નથી. ભારતની આગામી વન-ડે સિરીઝ જૂનમાં અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે રમાવાની છે.

ન્યૂઝીલૅન્ડ રૅન્કિંગમાં બીજા નંબરે છે. એના ૧૧૧ રેટિંગ પૉઈન્ટ છે. ન્યૂ ઝીલૅન્ડે તાજેતરમાં જ બાંગ્લાદેશ સામે ત્રણ મૅચની વન-ડે શ્રેણી રમ્યું જેમાં ન્યૂ ઝીલૅન્ડની ૧-૨થી હાર થઈ હતી. વન-ડેનું ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા ત્રીજા નંબરે છે અને તેના ૧૦૯ રેટિંગ પૉઈન્ટ અને ભારતના ૧૧૯ રેટિંગ પૉઈન્ટ વચ્ચે ૧૦ પૉઈન્ટનું અંતર છે. પાકિસ્તાન ૧૦૨ના રેટિંગ પૉઈન્ટ સાથે ચોથા સ્થાને છે. પાકિસ્તાનની ટીમ હવે ટેસ્ટ સિરીઝ રમવા માટે બાંગ્લાદેશ જવાની છે, પરંતુ વન-ડે શ્રેણી ક્યારે રમશે એનું કોઈ અપડેટ નથી એટલે બની શકે કે આવનારા અઠવાડિયાઓમાં પાકિસ્તાન કદાચ ટૉપ-ફાઈવની બહાર જતું રહેશે. સાઉથ આફ્રિકા ૯૮ના રેટિંગ પૉઈન્ટ સાથે પાંચમા ક્રમે છે.

# ચેન્નાઈએ ૧૪.૨૦ કરોડવાળા પ્રશાંત વીરને હજી સુધી કેમ માત્ર બે મેચમાં રમાડ્યો?

(એજન્સી દ્વારા)

ચેન્નાઈ: પાંચ ટાઈટલ જીતી ચૂકેલી ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ આ વખતે આઠમાંથી પાંચ મૅચ હારી ચૂકી છે અને એને પ્લેઈંગ-ઈલેવન વધુ મજબૂત બનાવવા માટે પચીસ ખેલાડીઓના સ્ક્વૉડમાં સમાવવામાં આવેલા યુવા તેમ જ અનુભવી ખેલાડીની ખાસ જરૂર છે, પરંતુ નવાઈની વાત એ છે કે ચાર મહિના પહેલાંના ઑક્શનમાં ૧૪.૨૦ કરોડ રૂપિયાના વિક્રમજનક ભાવે ખરીદવામાં આવેલા સ્પિન-ઑલરાઉન્ડર પ્રશાંત વીરને હજી સુધી આઠમાંથી બે જ મૅચમાં રમાડવામાં આવ્યો છે. તે ચેન્નઈને પ્રેશરમાંથી બહાર લાવી શકે છે, મિડલ ઓર્ડરની સમસ્યા દૂર કરી શકે છે તેમ જ બોલિંગ તથા બૅટિંગ, બન્નેમાં કામ લાગી શકે છે.




સૌથી મોટી નવાઈની વાત એ છે કે પ્રશાંતને રવીન્દ્ર જાડેજાના વિકલ્પ તરીકે (લેફ્ટ-આર્મ સ્પિનર અને બૅટ્સમૅન તરીકે) ડિસેમ્બરમાં મેળવવામાં આવ્યો હતો, પણ હજી સુધી તે આ વખતની આઈપીએલમાં બોલિંગ કરતો નથી જોવા મળ્યો. ઉલ્લેખનીય છે કે જાડેજા રાજસ્થાનની ટીમમાં જોડાયો છે.૨૦ વર્ષનો પ્રશાંત વીર મૂળ ઉત્તર પ્રદેશના અમેઠી શહેરનો છે. ડિસેમ્બર, ૨૦૨૫માં પ્રશાંતને સીએસકેના ફ્રૅન્ચાઈઝીએ હરાજીમાં કેટલીક ટીમો સામેની હરીફાઈ વચ્ચે ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેને ખાસ તો ઉત્તર પ્રદેશની ટી-૨૦ ટૂર્નામેન્ટમાં બતાવેલા પર્ફોર્મન્સ (૧૫૫.૦૦ના સ્ટ્રાઈક-રેટથી ૩૨૦ રન અને આઠ વિકેટ) બદલ પસંદ કરવામાં આવ્યો હોવાનું મનાય છે. જોકે બીજા જ મહિને (જાન્યુઆરી, ૨૦૨૬માં) પ્રશાંતને રણજી ટ્રૉફી દરમ્યાન ઉત્તર પ્રદેશ વતી રમતી વખતે ખભામાં ઈજા થઈ હતી અને તેણે ત્રણ અઠવાડિયા આરામ કરવો પડ્યો હતો. તેને માત્ર ત્રણ ફર્સ્ટ-ક્લાસ મૅચનો અને ફક્ત ૨૦ જેટલી ટી-૨૦ સહિતની મૅચોનો અનુભવ છે.

ત્રીજી એપ્રિલે ચેન્નઈમાં પંજાબ સામેની મૅચમાં પ્રશાંતને સાતમા નંબરે મોકલવામાં આવ્યો હતો અને તે છ રને અણનમ રહ્યો હતો. પ્રશાંતને એ મૅચમાં બોલિંગ નહોતી આપવામાં આવી. ચેન્નઈનો એ મૅચમાં પાંચ વિકેટે પરાજય થયો હતો. પાંચમી એપ્રિલે બેંગ્લૂરુમાં પ્રશાંતને સાતમા નંબરે મોકલવામાં આવ્યો હતો અને તેણે ૨૯ બૉલમાં એક સિક્સર અને છ ફોરની મદદથી ૪૩ રન કર્યા હતા. એ મૅચમાં પણ ચેન્નઈની હાર થઈ હતી.

# જર્સી બદલાઈ અને નસીબ પણ! પ્રીતિ ઝિન્ટાએ જણાવ્યું ચોંકાવનારું કારણ...

(એજન્સી દ્વારા)

ચંડીગઢ : હાલમાં ક્રિકેટનો મહાકુંભ આઈપીએલ-૨૦૨૬ ચાલી રહ્યો છે અને દરરોજ ખેલાડીઓ એક પછી એક નવા નવા વિક્રમો બનાવી રહી છે. આ બધા વચ્ચે આઈપીએલ-૨૦૨૬માં પંજાબ કિંગ્સના શાનદાર પ્રદર્શનની સાથે તેની જર્સી પણ ચર્ચામાં છે. એક સમયે લાલ અને સિલ્વર રંગના કોમ્બિનેશનમાં જોવા મળતી પંજાબની જર્સીમાં હવે સિલ્વર રંગ કેમ ગાયબ છે, એ બાબતે ટીમની માલકિન અને બોલીવૂડ એક્ટ્રેસ પ્રીતિ ઝિન્ટાએ કર્યો છે. વાત કરીએ આઈપીએલના શરૂઆતના વર્ષોની એ સમયે પંજાબની જર્સીમાં લાલ સાથે સિલ્વર રંગની એક ઝલક જોવા મળતી હતી, પરંતુ હવે બીસીસીસીઆઈના કડક નિયમોને કારણે ટીમને આ રંગ બદલવાનો વારો આવ્યો છે. આખરે આવું કેમ થયું એનો ખુલાસો ખુદ ટીમની માલકિન પ્રીટિ ઝિન્ટાએ કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પ્રીતિ ઝિન્ટાએ જણાવ્યું કે, બીસીસીઆઈ દ્વારા હવે જર્સીમાં સફેદ, ગ્રે કે સિલ્વર રંગના ઉપયોગની પરવાનગી આપવામાં આવતી નથી. આનું મુખ્ય કારણ એ છે કે જ્યારે ખેલાડીઓ સિલ્વર કે સફેદ રંગની જર્સી પહેરે છે, ત્યારે સામેની ટીમના ખેલાડીઓને સફેદ બોલ જોવામાં મુશ્કેલી પડે છે. ફિલ્ડિંગ અને બેટિંગ દરમિયાન બોલ જર્સીના રંગમાં ભળી જતો હોવાની ફરિયાદોને પગલે બીસીસીઆઈ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, હવે જોવાની વાત એ છે કે જર્સીનો રંગ બદલાવવાની સાથે સાથે જ પંજાબ કિંગ્સના નસીબ પણ બદલાયા હોય તેવું લાગે છે. પંજાબ અત્યાર સુધી એક પણ મેચ હાર્યું નથી. ૭માંથી ૬ મેચમાં જીત મેળવી છે. કેપ્ટન શ્રેયસ અય્યર (૨૭૯ રન), પ્રભસિમરન (૨૮૭ રન) અને પ્રિયાંશ આર્યા (૨૫૪ રન) સાથે હાલમાં શાનદાર ફોર્મમાં છે. આ સિવાય પંજાબની ટીમ બોલિંગમાં પણ સારું પ્રદર્શન કરી રહી છે. અર્શદીપ સિંહે સાત અને વિશાકે ૬ તેમ જ બાર્ટલેટ અને યાનસેનને ૫-૫ વિકેટ ઝડપીને વિરોધી ટીમોને મુશ્કેલીમાં મૂકી છે.




# મુંબઈ આજે હૈદરાબાદ સામે ટકરાશે

## આઇપીએલઃ મુંબઈને બાકી રહેલી લગભગ તમામ મેચ જીતવી જરૂરી, સાંજે ૭.૩૦થી પ્રારંભ




(એજન્સી દ્વારા)

મુંબઈ : આઈપીએલના ઈતિહાસમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સની હાલની સ્થિતિ એવી છે કે ૨૦૨૬ની આ ટી૨૦ ક્રિકેટ લીગમાં તેને હવે સાતમાંથી કમસે કમ પાંચ મેચ જીતવી ફરજિયાત બની ગયું છે. આ સંજોગોમાં હાર્દિક પંડ્યાની ટીમ બુધવારે શાનદાર ફોર્મ ધરાવતી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ સામે ટકરાશે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે. પોતાના હોમગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈની ટીમ રમશે ત્યારે તેની પાસેથી એકદમ બહેતર પ્રદર્શનની અપેક્ષા રખાશે કેમ કે આ મેદાન પર તેનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું છે. તાજેતરની મેચોમાં મુંબઈએ ગુજરાત ટાઈટન્સ સામે ૯૯ રનથી શાનદાર વિજય હાંસલ કર્યો ત્યારે એમ મનાતું હતું કે તે ફોર્મમાં આવી ગઈ છે પરંતુ ઈન્ટરનેશનલ સુપર સ્ટાર ધરાવતી હોવા છતાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ ત્યાર પછીની મેચમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૦૩ રનથી હારી ગઈ હતી. મુંબઈ પાસે મજબૂત બોલિંગ આક્રમણ છે પરંતુ હકીકત એ છે કે જસપ્રિત બુમરાહ સહિત તેના મોટા ભાગના બોલર્સ વિકેટો ખેરવી શકતા નથી. આમ મુંબઈ ઈન્ડિયન્સ માટે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની બુધવારની મેચ કરો યા મરોના જંગ સમાન બની રહેશે. મુંબઈ માટે ૨૦૨૬ની આ ટી૨૦ ક્રિકેટ લીગમાં ટકી રહેવા માટે હવે ખાસ મોકા રહ્યા નથી ત્યારે તેણે દરેક મેચ જીતવાની તૈયારી સાથે જ રમવી પડશે.

પ્રથમ સાત મેચોમાં પાંચ હાર સાથે મુંબઈ ઈન્ડિયન્સ અત્યારે પોઈન્ટ ટેબલમાં નવમા ક્રમે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૦૩ રનથી મળેલી તેમની ઈતિહાસની સૌથી મોટી હાર બાદ ટીમનું મનોબળ તૂટી ગયું છે. ચાર પોઈન્ટ અને -૦.૭૩૬ ના નેટ રન રેટ સાથે મુંબઈના દિગ્ગજ ખેલાડીઓ આ સિઝનમાં ફ્લોપ સાબિત થયા છે. ભારતની ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમના ચાર સદસ્ય પોતાની પાસે હોવા છતાં મુંબઈની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લેતી. કેપ્ટન હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવ હજી સુધી લય મેળવી શક્યા નથી. જોકે તિલક વર્માએ ગુજરાત ટાઈટન્સ સામે ફટકારેલી તેની પ્રથમ આઈપીએલ સદીએ ટીમને જીત અપાવી હતી પરંતુ ચેન્નાઈ સામેની હારે તેમને ફરીથી પછડાટ આપી છે.

# રાજસ્થાને પંજાબનો વિજય રથ અટકાવ્યો : યશસ્વી-ફરેરાની વિસ્ફોટ બેટિંગે ૬ વિકેટે હરાવ્યું

(એજન્સી દ્વારા)

ચંડીગઢ : આઈપીએલ-૨૦૨૬માં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સના વિજય રથને અટકાવ્યો છે. યશસ્વી જયસ્વાલ અને ડોનોવેન ફરેરાએ વિસ્ફોટ બેટિંગના કારણે રાજસ્થાન સામે પંજાબનો છ વિકેટે પરાજય થયો છે. પંજાબે ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૨૨ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જોકે રાજસ્થાને ૧૯.૨ ઓવરમાં ચાર વિકેટે ૨૨૮ રન ફટકારી મેચ જીતી લીધી છે.




પંજાબ ટીમ તરફથી માર્કસ સ્ટોઈનિસે તોફાની બેટિંગ કરતા માત્ર ૨૨ બોલમાં ૬ સિક્સરની મદદથી અણનમ ૬૨ રન ફટકાર્યા હતા. ઓપનર પ્રભસિમરન સિંઘે પણ ૫૯ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું, જ્યારે પ્રિયાંશ આર્યાએ ૧૧ બોલમાં ૨૯ રન અને કૂપર કોનોલી તથા શ્રેયસ અય્યરે ૩૦-૩૦ રન બનાવ્યા હતા.

રાજસ્થાનના બોલર જોફ્રા આર્ચરે ૪ ઓવરમાં ૪૦ રન આપીને ૧ વિકેટ ઝડપી છે, જ્યારે નાન્દ્રે બર્ગર સૌથી મોંઘો સાબિત થયો છે, તેણે ૪ ઓવરમાં ૫૯ રન આપીને ૧ વિકેટ લીધી છે. બ્રિજેશ શર્માએ ૪૨ રન આપ્યા પરંતુ તેને કોઈ સફળતા મળી નથી. યશ રાજ પુંજાએ ૪૧ રન આપીને ૨ વિકેટ ઝડપી છે. રવિન્દ્ર જાડેજાએ સૌથી વધુ કરકસરયુક્ત બોલિંગ કરી છે, તેણે ૪ ઓવરમાં માત્ર ૩૨ રન આપ્યા છે, જોકે તેને કોઈ વિકેટ મળી નથી.

રાજસ્થાન રોયલ્સે ૨૨૩ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા ૧૯.૨ ઓવરમાં જ ૪ વિકેટ ગુમાવી ૨૨૮ રન બનાવીને શાનદાર જીત મેળવી હતી. ટીમ માટે યશસ્વી જાયસ્વાલે ૨૭ બોલમાં ૫૧ રન અને ડોનોવન ફરેરાએ ૨૬ બોલમાં અણનમ ૫૨ રન ફટકારી અડધી સદી પૂરી કરી હતી. આ ઉપરાંત વૈભવ સૂર્યવંશીએ માત્ર ૧૬ બોલમાં ૫ સિક્સર સાથે ૪૩ રનની તોફાની ઈનિંગ રમી હતી, જ્યારે શુભમ દુબેએ ૧૨ બોલમાં ૩૧ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

# વૈભવ સૂર્યવંશીએ કમાલનો રેકોર્ડ બનાવ્યો


(એજન્સી દ્વારા) જયપુર : પંજાબ કિંગ્સ સામે વૈભવ સૂર્યવંશી ભલે અડધી સદી ન ફટકારી શક્યો, પરંતુ ૧૫ વર્ષના આ ખેલાડીએ ૧૬ બોલમાં ૫ છગ્ગા અને ૩ ચોગ્ગાની મદદથી ૪૩ રન ફટકારી દીધા. આ ખેલાડીએ આ ઈનિંગ દરમિયાન એક એવો રેકોર્ડ પોતાના નામે કર્યો જે ખરેખર અદભૂત સિદ્ધિ છે. વૈભવ સૂર્યવંશીએ પંજાબ સામે ૪૩ રન બનાવતાની સાથે જ આ સિઝનમાં સૌથી વધુ ૪૦૦ રન બનાવી લીધા છે. આ સાથે ઓરેન્જ કેપ પણ તેના માથે સજ્જ થઈ ગઈ છે. સાથે જ વૈભવ આઈપીએલમાં સૌથી ઝડપી ૪૦૦ રન ફટકારનાર ખેલાડી પણ બની ગયો છે. વૈભવ સૂર્યવંશી આઈપીએલની એક સિઝનમાં સૌથી ઓછા બોલમાં ૪૦૦ રન બનાવનાર ખેલાડી બની ગયો છે. વૈભવે ૧૬૭ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા જે એક રેકોર્ડ છે. સૂર્યવંશીએ આન્દ્રે રસેલનો રેકોર્ડ તોડ્યો છે, જેમણે વર્ષ ૨૦૧૯માં ૧૮૮ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા હતા. વર્ષ ૨૦૨૪માં અભિષેક શર્માએ ૧૯૫ બોલમાં ૪૦૦ રન બનાવ્યા હતા. ગયા વર્ષે



નિકોલસ પૂરને ૧૯૭ બોલમાં ૪૦૦ રન પૂરા કર્યા હતા. પરંતુ હવે આ રેકોર્ડ સૂર્યવંશીના નામે થઈ ગયો છે. ૧૫ વર્ષના આ ઓપનિંગ બેટ્સમેને આ સિઝનમાં ૩૭ છગ્ગા અને ૩૪ ચોગ્ગા ફટકાર્યા છે. તે એક સદી અને ૨ અડધી સદી ફટકારી ચૂક્યો છે.

# પિચ જરાય જોખમી ન હતી, બેંગલોરના બોલરની કમાલ હતીઃ કૃણાલ પંડ્યા

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : આઈપીએલમાં સોમવારે રમાયેલી ટી૨૦ ક્રિકેટની લીગ મેચમાં દિલ્હી કેપિટલ્સનો ધબડકો થયો હતો અને તેણે ૭૫ રનમાં તમામ વિકેટ ગુમાવી હતી. આ અંગે રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો ઓલરાઉન્ડર કૃણાલ પડ્યાએ એવો અભિપ્રાય આપ્યો હતો કે કોટલાની પિચ એવી જોખમી ન હતી પરંતુ બેંગલોરની બોલિંગ ખતરનાક હતી અને બોલર્સની કમાલને કારણે દિલ્હની બેટિંગનો ધબડકો થયો હતો. દિલ્હી કેપિટલ્સ સામે નવ વિકેટથી મેળવેલા વિજય બાદ રોયલ ચેલેન્જર્સ બેંગલોરના ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની આ સફળતા શ્રેષ્ઠ કૌશલ્ય અને માનસિક રમતમાં હરીફથી "એક ડગલું આગળ" રહેવાનું પરિણામ છે. આ મેચ દિલ્હીના બેટિંગ ક્રમના અકલ્પનીય પતન માટે યાદ રાખવામાં આવશે. જોકે કૃણાલે સ્પષ્ટ કર્યું હતું કે વિકેટમાં કોઈ ખામી ન હતી, પરંતુ બેંગલોરના ઝડપી બોલર્સનું પ્રદર્શન અદભૂત હતું.




# કભી અલવિદા ના કહેના ફિલ્મ પરથી વેબ સીરિઝ બનશે

(એજન્સી દ્વારા)

મુંબઈ : શાહરુખ ખાન, રાણી મુખર્જી, પ્રીતિ ઝિન્ટા તથા અભિષેક બચ્ચન જેવા ટોચના કલાકારોને લઈ કરણ જોહરે બનાવેલી ફિલ્મ 'કભી અલવિદા ના કહેના' પરથી હવે એક વેબ સીરિઝ બનવાની છે. ખુદ કરણ જોહરે આ વાતને સ્વીકૃતિ આપી છે. કરણે એક સંવાદમાં કહ્યું હતું કે આ ફિલ્મ માટે વિરોધાભાસી અભિપ્રાયો મળ્યા હતા. હવે આ ફિલ્મને એક લાંબાં ફોર્મટની સીરિઝમાં રુપાંતરિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૬માં રજૂ થયેલી આ ફિલ્મ દ્વારા લગ્નેતર સંબંધોને ઉત્તેજન આપી તેને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાના આરોપ થયા હતા. બીજી તરફ કેટલાય લોકોએ એમ પણ કહ્યં હતું કે લગ્નજીવનમાં બે પાત્રો એકબીજા સાથે તાલમેલ ન બેસાડી શકતાં હોય તેવા સમયે ત્રીજાં પાત્ર તરફ ઢળે તે વાત કરણ જોહરે બેહદ સંવેદનશીલતા અને ગંભીરતા સાથે રજૂ કરી છે. વેબ સીરિઝમાં કલાકારો કોણ હશે કે તે ક્યારે રજૂ થશે તે વિશે કરણ જોહરે કોઈ ફોડ પાડયો નથી.



# રાકામાં દીપિકાનાં એક્શન દ્રશ્યો માટે બોડી ડબલનો ઉપયોગ થશે

(એજન્સી દ્વારા)

મુંબઇ : દીપિકા પદુકોણ હાલ બીજીવાર પ્રેગનન્ટ છે તેમ છતાં પણ તે અલ્લુ અર્જુન સાથેની ફિલ્મ 'રાકા'નું શૂટિંગ ચાલુ રાખવાની છે. જોકે, આ ફિલ્મમાં હવે તે એક્શન દ્રશ્યોનું શૂટિંગ નહીં કરે. તેને બદલે તેના માટે બોડી ડબલનો ઉપયોગ કરાશે. દિગ્દર્શક એટલી દીપિકાના ક્લોઝ અપ્સ લઈ લેશે. બાદમાં દીપિકાનાં એક્શન દ્રશ્યોમાં વીએફએક્સની મદદથી તે મિક્સ કરી દેવાશે. દીપિકાનું કુલ ૫૦ દિવસનું શૂટિંગ છે. તે દરમિયાન તે ઈમોશનલ દ્રશ્યોનું શૂટિંગ રાબેતા મુજબ ચાલુ રાખશે. એટલીએ 'રાકા'ની જાહેરાત કરતી વખતે જ જણાવ્યું હતું કે તેમાં અલ્લુ અર્જુન સાથે દીપિકાનાં પણ એક્શન દ્રશ્યો હશે.



# અમૃતા શેરગિલની બાયોપિકમાં પ્રિયંકા ચોપરાનો કેમિયો હશે




(એજન્સી દ્વારા) મુંબઈ : પ્રિયંકા ચોપરા અમૃતા શેરગિલની બાયોપિકમાં કેમિયોમાં જોવા મળશે. તાજેતરમાં પ્રિયંકા અમૃતસરમાં જોવા મળી હતી. ત્યાં તેણે સુવર્ણ મંદિરમાં સેવા આપી હોવાનો વિડીયો પણ વાયરલ થયો હતો. હવે એવો દાવો કરાઈ રહ્યો છે કે પ્રિયંકા આ કેમિયોના શૂટિંગ માટે જ અમૃતસર ગઈ હતી. મીરા નાયર આ બાયોપિક બનાવી રહી છે અને તેણે પ્રિયંકાને આ કેમિયો માટે ખાસ આગ્રહ કર્યો હતો. પ્રિયંકા 'વારાણસી'નું શૂટિંગ કરવા હૈદરાબાદ આવી હતી. ત્યાંથી તે અમૃસર પહોંચી હતી.

# આવારાપન-ટુનાં થાઈલેન્ડ શૂટિંગનું પેમેન્ટ બાકી રહેતાં વિવાદ

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઈમરાન હાશ્મી અને દિશા પટાણીની 'આવારાપન ટુ' નાં થાઈલેન્ડમાં શૂટિંગ વખતે કેટલાક સર્વિસ પ્રોવાઈડરને પેમેન્ટ નહિ થયું હોવા મુદ્દે કાનૂની વિવાદ થયો છે. એક સર્વિસ પ્રોવાઈડરે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું છે તેમ આ મુદ્દે પોતે કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. તેમના દાવા અનુસાર થાઈલેન્ડ કોર્ટે આ મુદ્દે એરેસ્ટ વોરન્ટ પણ જારી કર્યું છે. હવે આ સર્વિસ પ્રોવાઈડર પોતાને પેમેન્ટ ન મળે ત્યાં સુધી આ ફિલ્મની રીલિઝ અટકાવી શકાય કે કેમ તેવા વિકલ્પ તપાસે છે. જો કે, ફિલ્મ નિર્માતાઓ દ્વારા આ સર્વિસ પ્રોવાઈડરના દાવા વિશે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ આગામી ઓગસ્ટમાં રીલિઝ થવાની છે.



# ભાજપને સિંહાસન, કોંગ્રેસને શવાસન, આપને આશ્વાસન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાતમાં ૯૨૩૬ બેઠકોમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ શહેરી નાગરિકોના જોરે ફરી એક વખત પોતાનું સિંહાસન જાળવી રાખ્યું છે. ભાજપે તમામ ૧૫ મહાનગરપાલિકા, ૮૪માંથી ૭૮ નગરપાલિકા, ૨૬૦માંથી ૨૫૩ તાલુકા પંચાયત, ૩૪માંથી ૩૩ જિલ્લા પંચાયતમાં વિજય મેળવ્યો છે. બીજીબાજુ કોંગ્રેસે દાયકાઓથી પરાજયની પરંપરા જાળવી રાખતા શવાસનની સ્થિતિ જાળવી રાખી છે. ભાજપમાં ટિકિટ ફાળવણી મુદ્દે આંતરિક અસંતોષ, નબળી કામગીરી મામલે નાગરિકોમાં રોષનો કોંગ્રેસ થોડો પણ ફાયદો ઉઠાવી શકી નથી જ્યારે આમ આદમી પાર્ટીએ આંશિક લાભ મેળવ્યો છે. સુરત મનપામાં આ વખતે ‘આપ’ના સુપડા સાફ થઈ ગયા છે પરંતુ અમરેલીની બગસરા તાલુકા પંચાયતમાં ‘આપ’ એ સત્તા મેળવીને પ્રથમવાર પંચાયત સ્તરે પોતાની હાજરી નોંધાવી છે. નાગરિકોના આશ્વાસનથી આ ચૂંટણીમાં ‘આપ’ની બેઠકોમાં વધારો થયો છે.

મહાનગરપાલિકામાં કુલ ૧૦૪૪ બેઠકમાંથી ભાજપે ૯૦૦થી વધુ, તાલુકા પંચાયતમાં ૫૨૩૪ બેઠકમાંથી ૩૭૦૦થી વધુ, જિલ્લા પંચાયતમાં ૧૦૯૦ બેઠકમાંથી ૯૦૦થી વધુ જ્યારે ૨૬૨૪ નગરપાલિકા બેઠકમાંથી બે હજારથી વધુમાં વિજય મેળવ્યો હતો. છેલ્લે વર્ષ ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં અમદાવાદ મહાનગર પાલિકામાંથી એ આઇ એમ આઇ એમ, સુરત મહાનગર પાલિકામાંથી આમ આદમી પાર્ટી ભાજપ અને કોંગ્રેસનું ગણિત ખોરવવામાં સફળ રહી હતી. પરંતુ આ વખતે આ બંને મહાનગરપાલિકામાં આપ અને એઆઈએમઆઈએમનું પ્રદર્શન ખૂબ જ નિરાશાજનક રહ્યું હતું.

અમદાવાદ મહાનગર પાલિકામાં ભાજપ વર્ષ ૨૦૨૧ની સરખામણીએ ૧ બેઠક સુરતમાં વર્ષ ૨૦૨૧માં ૯૩ની સરખામણીએ ૧૧૫ જેટલી બેઠક જીતવામાં ભાજપને સફળતા મળી હતી. વડોદરામાં પણ ભાજપ ગયા વર્ષની સરખામણીએ ૧ વધુ બેઠક જીતવામાં સફળ રહ્યું છે. મોરબી, પોરબંદરની મહાનગરપાલિકા બેઠકમાં ભાજપે તમામે તમામ બેઠક જીતી લેતાં વિરોધ પક્ષ નહીં મળે તેવી સ્થિતિ સર્જાઇ છે.

આવીજ સ્થિતિ બનાસકાંઠાના ભાભર પાલિકમાં થઇ છે. જ્યાં ભાજપે તમામ ૨૨ બેઠક જીતી લેતા વિપક્ષનું નામશેષ થઇ ગયું છે. ખેડા અને કુતિયાણામાં માં સમાજવાદી પાર્ટીની સરપ્રાઇઝ એન્ટ્રી થઇ હતી. કડીમાં એવી ઘટના બની હતી કે ૨૨ ઉમેદવારો બિનહરીફ થયા હતા અને ૮ બેઠક માટે ચૂંટણી થઇ હતી. આ તમામ ૮ બેઠક કોંગ્રેસને ફાળે જતાં ભાજપની બિનહરીફ જીતવાની મજા ઉપર પાણી ફરી વળ્યું હતું.

# ધાર્મિક પ્રવૃત્તિના નામે રોડ બ્લોકના કરી શકો : સબરીમાલા કેસમાં સુપ્રીમ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સબરીમાલામાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ સહિતના આવા મામલા પર હાલ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. એવામાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યુ છે કે દરેક ધાર્મિક સંસ્થાના નિયમો હોવા જોઈએ, ધાર્મિક સંસ્થાના સંચાલનનો અર્થ અરાજકતા ના થઈ શકે. સાથે જ સુપ્રીમે કહ્યું કે ધાર્મિક કાર્યોના નામે રોડ બ્લોક ના કરી શકાય.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ દ્વારા મહિલાઓના અધિકારો અને ધાર્મિક રીતી રીવાજો, પ્રવેશબંધી વગેરે મુદ્દે થયેલી અરજીઓની સંયુક્ત રીતે સુનાવણી ચાલી રહી છે. સુનાવણી દરમિયાન ન્યાયાધીશ અમાનુલ્લાહે કહ્યું હતું કે મેનેજમેન્ટનો મતલબ એ ન થાય કે ત્યાં કોઇ જ માળખુ કે નીતિ નિયમો જ ના હોય, દરેક પ્રક્રિયા માટે એક નિયમ હોવો જોઈએ. દરગાહ હોય કે મંદિર પૂજાપાઠ વગેરે કાર્યો માટે એક રીત હોય છે. દરેક પોતાની મન મરજી કરે તે ના ચલાવાય. સુપ્રીમે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ધાર્મિક નિયમો બંધારણથી ઉપર ના હોઇ શકે, ધાર્મિક નિયમોમાં પણ બંધારણનું પાલન થવું જોઇએ. અને તેથી કોઇ પણ પ્રકારનો ભેદભાવ ના ચલાવી લેવાય. ન્યાયાધીશ અમાનુલ્લાહે કહ્યું હતું કે કોઇ પણ ધર્મ સાથે જોડાયેલ ધાર્મિક સ્થળ કેમ ના હોય ત્યાં અરાજક્તા ના ચલાવી લેવાય, પૂજાપાઠ ઈબાદત વગેરેની એક રીત હોય છે. એવું ના હોવું જોઇએ કે કોઇ આવીને કહે કે હું જેમ ઈચ્છુ તેમ જ થવું જોઇએ. જે પણ ધાર્મિક નિયમો ઘડવામાં આવે કે અમલ કરવામાં આવે તે બંધારણથી ઉપર ના હોવા જોઇએ, તેમાં પણ બંધારણનું પાલન થયેલુ હોવું જરૂરી છે. આ મામલામાં હજુ પણ આગળ સુનાવણી ચાલુ રહેશે.

# દાઉદના ખાસ ‘ડોલા’ને તૂર્કિયેથી પકડીને ભારત લવાયો, ૫૦૦૦ કરોડના ડ્રગ્સ નેટવર્કનો છે માસ્ટરમાઇન્ડ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતના ઈન્ટેલિજન્સ બ્યુરોએ સૌથી મહત્ત્વનું ઓપરેશન પાર પાડ્યા બાદ ડૉન દાઉદ ઈબ્રાહિમના ખાસ સલીમ ડોલાને ભારત લવાયો છે. આંતરરાષ્ટ્રીય ડ્રગ્સનો કારોબાર ચલાવતા અને ૫૦૦૦ કરોડના ડ્રગ્સ નેટવર્કનો માસ્ટર માઈન્ડ સલીમની તૂર્કિયેના ઈસ્તંબુલમાંથી ધરપકડ કરાયા બાદ વિશેષ વિમાનથી દિલ્હી એરપોર્ટ લવાયો હતો. અહીં આઈબીએ તેની પૂછપરછ પણ શરૂ કરી દીધી છે. પછી તેને મુંબઈ પોલીસને સોંપી દેવામાં આવશે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પણ કુખ્યાત ડ્રગ્સ માફિયા સલીમ ડોલાની પૂછપરછ કરશે, તેના વિરુદ્ધ મની લોન્ડ્રિંગનો કેસ પણ નોંધાયેલો છે. ઈડીએ મની લોન્ડ્રિંગ મામલે ઓક્ટોબરમાં ૮ ઠેકાણાં પર દરોડા પાડ્યા હતા. ઈડીએ ડ્રગ્સ કારોબારમાં સામેલ ફેસલ જાવેદ શેખ અને અલ્ફિયા ફેસલની કાળી કમાણીની તપાસ કરવા માટે આ દરોડા પાડ્યા હતા. ત્યારે તપાસમાં ખુલાસો થયો હતો કે, જાવેદ અને અલ્ફિયા સલીમ ડોલા પાસેથી ડ્રગ્સ ખરીદતા હતા. ડોલા પર ડ્રગ્સ તસ્કરીનો અને ગેરકાયદે નેટવર્કમાં ફન્ડિંગ કરવાનો ગંભીર આરોપ છે.

એટલું જ નહીં, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (દ્વઝ્રમ)એ સલીમ ડોલાની ધરપકડ પર ઈનામ જાહેર કરેલું છે. હાલ ઈડી અને એનસીબીએ ડ્રગ્સ સિન્ડિકેટના મૂળ સુધી પહોંચવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. મુંબઈના અંડરવર્લ્ડ અને ડ્રગ્સ તસ્કરીની દુનિયામાં કુખ્યાત નામ ધરાવતો સલીમ ડોલાનો જન્મ ૧૯૬૦માં ભાયખલામાં થયો હતો. શરૂઆતમાં સામાન્ય ગુના આચર્યા બાદ તે નશાના કારોબારમાં આગળ વધતો ગયો અને ડ્રગ ડૉન બની ગયો હતો. સલીમ દાઉદના ખાસ ડી-કંપનીના મહત્ત્વના સભ્ય છોટા શકીલ સાથે પણ સંબંધો ધરાવે છે. શરૂઆતમાં ગાંજાની સપ્લાય કરતા સલીમની મુલાકાત શકીલ સાથે થઈ હતી. પછી સલીમ અપરાધની દુનિયામાં એવો આગળ વધ્યો કે, પાછળ વળીને જોયું નહીં.

શકીલે સલીમને મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ગાંજો સપ્લાય કરવાની જવાબદારી સોંપી હતી. પછી તેને મોટાપાયે ડ્રગ્સ તસ્કરીનું કામ સોંપાયું. ૧૯૯૩માં મુંબઈ બોંબ ધડાકા બાદ દાઉદ અને શકીલ દેશ છોડીને ફરાર થઈ ગયા હતા. પછી સલીમ ડોલા જ ભારતમાં તેઓનું ડ્રગ્સ નેટવર્ક સંભાળતો હતો.

# કોડાય ગામમાં સોનલ સરોવરનું ખાતમુહૂર્ત

**પર્યાવરણ અને જળસંચય અભિયાનને નવી દિશા**

માંડવી - કચ્છ ઉદય : કચ્છ જિલ્લાના કોડાય વિસ્તારના કોડાય ગામે પર્યાવરણ સંરક્ષણ અને પાણી સંચયના હેતુથી સોનલ સરોવર નિર્માણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અખિલ કચ્છ ચારણ સભા સંચાલિત સોનલબીજ સમિતિ દ્વારા આઈ સોનલ શતાબ્દી મહોત્સવ અંતર્ગત હાથ ધરાયેલા આ અભિયાનને ગ્રામજનોનો સારો પ્રતિસાદ મળ્યો છે.

રામાયણી સત્સંગ મંડળ, પ્રકૃતિપ્રેમી દાતાઓ તથા કોડાય ગામના ગ્રામજનોના સહયોગથી મા આઈ ધાનશ્રી માતાના તળાવની બાજુમાં સોનલ સરોવર માટે વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામમાં ધાર્મિક, સામાજિક અને ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. આ અવસરે આગેવાનો દ્વારા પર્યાવરણ જતન અને પાણી બચાવ અંગે મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો. દેવાંગભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે કચ્છના વિવિધ ગામોમાં ચાલી રહેલા જળસંચય પ્રકલ્પોના કારણે ધીમે ધીમે ભૂગર્ભ જળસ્તર સુધરી રહ્યું છે અને આવા પ્રયત્નો સતત ચાલુ રહે તે જરૂરી છે.અખિલ કચ્છ ચારણ સમાજના ઉપપ્રમુખ દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે સોનલ શતાબ્દી મહોત્સવ અંતર્ગત “પાણીદાર કચ્છ” બનાવવાનો મુખ્ય હેતુ છે અને આ પ્રકારના પ્રકલ્પો સમાજમાં પર્યાવરણ જાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શામળાભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે પાણીના તળ ઊંચા લાવવા માટે ગામેગામ સતત સામૂહિક પ્રયાસો અને જાગૃતિ અભિયાન જરૂરી છે, જેથી ભવિષ્યમાં પાણીની સમસ્યા ઘટાડવામાં મદદ મળે.

આ પ્રસંગે ગઢવી દેશરભાઈ, ગઢવી નારાણભાઈ, દેવરાજભાઈ, પૂજારી માલબાઈ મા, રાણશીભાઈ ગઢવી, હરિભાઈ ગઢવી, માણશી બાપા, શાંતિભાઈ, ગોપાલભાઈ અને રામભાઈ સહિત અનેક આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ થાર્યાભાઈ ગઢવીએ કર્યું હતું. સમગ્ર કોડાય ગામમાં આ અભિયાનને લઈને ગૌરવ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને આ પહેલ કચ્છમાં પર્યાવરણ જતન તથા જળસંચય માટે એક પ્રેરણાદાયક પગલું બની રહ્યું છે.

# વિવિધ સેવાકાર્યો સાથે રપટરમાં જિન શાસન સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

ભુજ-કચ્છઉદય : છેલ્લા ૧૬ વર્ષથી, સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવાક્ષેત્રે સતત કાર્યરત, જૈન સેવા સંસ્થા, નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે દાતા માતૃશ્રી પાંચીબેન ધનજીભાઈ ખંડોલ પરિવાર-ફતેહગઢ- ભુજના સહયોગથી સમગ્ર વિશ્વને અહિંસા, પ્રેમ, કરૂણા, મૈત્રી, શાંતિ આદીનો દિવ્ય સંદેશ આપનાર અને મોક્ષ માર્ગ બતાવનાર, ચરમ તીર્થપતી અને શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામી ભગવાન દ્વારા શાસન રક્ષા કાજે સ્થાપીત, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા યુક્ત ચતુર્વિધ સંઘના રપટરમાં શાસન સ્થાપના દિવસની વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી હતી.



પ્રથમ ચરણમાં, ગૌવંશને લીલાચારાનું નીરણ શ્વાનોને દુધ-ખીચડી, રોટલી, પક્ષીને ચણ વિગેરે જીવદયાના કાર્યો કરાયા હતા. ૨૦૦ જેટલા શ્રમજીવીઓને મિષ્ટાન-નમકીન અને ફ્રુટનું વિતરણ કરાયું હતું. વિવિધ સંસ્થામાં દિવ્યાંગો, મનોરોગીઓને ભાવતા ભોજન આપવામાં આવ્યા હતા અને નિ:શુલ્ક છાશ કેન્દ્ર પરથી હજારો જરૂરતમંદ લોકોને કાળઝાળ ગરમીમાં ઉનાળાનું અમૃત છાશનું પાન કરાવાયું હતું અને વિશ્વ શાંતિ માટે મંત્રાધીરાજ નવકાર મહામંત્રના પાંચ હજાર મંત્ર જાપ કરાયા હતા અને ભુલકાઓને વસ્ત્રદાન કરાયું હતું.

આ અવસરે સંસ્થાના મોભી વેલજીભાઈ મહેતાના નેતૃત્વમાં ચેરમેન હિરેન દોશી, પ્રદિપભાઈ દોશી, ડો. રૂપાલીબેન મોરબીયા, શાંતિલાલ મોતા, ઓજશ શેઠ, ગિરીશભાઈ પારેખ, કે.બી. પરમાર, ભાવનાબેન જોશી વિગેરે કાર્યકરો જોડાયા હમતા. તેવું ભારતીબેન મહેતાએ જણાવ્યું હતું.

# ગોપાલ ઇટાલિયાના ગઢમાં કોંગ્રેસ સાફ! ૧૮માંથી ૧૧ બેઠકો જીતીને તાલુકા પંચાયત પર કબજો

(પ્રતિનિધિ દ્વારા)

જુનાગઢ : ગુજરાત સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જૂનાગઢ જિલ્લાની વિસાવદર તાલુકા પંચાયતના પરિણામોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયાનો ગઢ ગણાતા વિસાવદરમાં ફરી એકવાર ‘ઝાડુ’ ફરી વળ્યું છે. તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો પર રસાકસીભર્યો જંગ ખેલાયો હતો, જેમાં આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો જીતી છે.

વિસાવદર તાલુકા પંચાયતના આંકડાકીય પરિણામો પર નજર કરીએ તો, કુલ ૧૮ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીએ ૧૧ બેઠકો પર જીત મેળવીને શાનદાર પ્રદર્શન કર્યું છે. તેની સામે સત્તાધારી ભાજપ માત્ર ૦૬ બેઠકો પર જ અટકી ગઈ હતી, જ્યારે ૦૧ બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. મહત્ત્વની વાત એ છે કે, એક સમયે મજબૂત ગણાતી કોંગ્રેસનું અહીં ખાતું પણ ખુલ્યું નથી.

# મેઘાણી પૌત્ર અને કચ્છના ભાવિકોએ મોરારિબાપુના આશીર્વાદ લીધા

પાલીતાણા - કચ્છ ઉદય : પાલીતાણા સ્થિત કદમગિરિ ખાતે આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે કચ્છના ભાવિકોએ પૂજ્ય મોરારિબાપુની મુલાકાત લીધી હતી. આ અવસરે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી ઉપસ્થિત રહ્યા હતા અને મોરારિબાપુને વંદન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સાથે જ લોકસંસ્કૃતિ અને સાહિત્યના સંવર્ધન અંગે સૌ વચ્ચે આત્મીય સંવાદ પણ યોજાયો હતો.આ મુલાકાત દરમિયાન ખ્યાતનામ લોકગાયક અભાસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે લોકગીત અને લોકપરંપરાના સંરક્ષણ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કચ્છના જાણીતા લોકગાયક સ્વ. વેલજીભાઈ ગજ્જરના પુત્ર યોગેશભાઈ ગજ્જર (અંજાર), પ્રવીણભાઈ તન્ના (મુંબઈ) તથા જૈન અગ્રણી જતિનભાઈ ઘિયા (અમદાવાદ)ની પણ વિશેષ હાજરી રહી હતી.

સાહિત્ય, લોકકલા અને આધ્યાત્મિકતા વચ્ચેનો સુમેળ આ અવસરે સ્પષ્ટ રીતે જોવા મળ્યો હતો. ઝવેરચંદ મેઘાણીના સાહિત્યિક વારસાને જીવંત રાખવા માટે ચાલી રહેલા પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવી હતી અને સૌએ તેને પ્રેરણાદાયક ગણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિમાં તેમના વતન બગસરા (જિલ્લો અમરેલી) ખાતે ૭ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન પૂજ્ય મોરારિબાપુ દ્વારા “માનસ મેઘાણી રામકથા”નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કથામાં મોરારિબાપુની વાણી અને આશીર્વાદથી શ્રોતાઓ પ્રભાવિત થયા હતા.

મુલાકાતના અંતે પિનાકી નાનકભાઈ મેઘાણીએ મોરારિબાપુનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે સાહિત્ય અને આધ્યાત્મિકતાના મિલનથી સમાજમાં નવી વિચારધારા વિકસે છે.

આ સમગ્ર ઘટના કચ્છના સાંસ્કૃતિક વારસાને વધુ ઉજાગર કરતી અને લોકસંસ્કૃતિને નવી દિશા આપતી મહત્વપૂર્ણ ક્ષણ તરીકે નોંધાઈ રહી છે.

## એકતા અને પરંપરાનું જીવંત ઉદાહરણ

# પાટીદાર સમાજનો ૧૮મો સમૂહલગ્નોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

વાંઢાય (દેશલપર)- કચ્છ ઉદય : કચ્છના પાટીદાર સમાજ દ્વારા સમૂહલગ્નની પરંપરા સતત આગળ વધતી જઈ રહી છે, જે આજે માત્ર સામાજિક વિધિ નહીં પરંતુ એકતા, સહકાર અને આર્થિક બચતનું ઉત્તમ પ્રતિક બની ગઈ છે. વાંઢાય (દેશલપર) વિસ્તારમાં ઉમિયા માતાજી મંદિર ખાતે દેશલપર (વાંઢાય) વિસ્તાર સમૂહલગ્ન આયોજન સમિતિ દ્વારા ૧૮મો સમૂહલગ્નોત્સવ ભવ્ય અને ધાર્મિક માહોલમાં યોજાયો હતો.

આ સમૂહલગ્નમાં પાટીદાર જ્ઞાતિના કુલ ૧૫ યુગલોએ જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી હતી. અગ્નિની સાક્ષી અને વૈદિક મંત્રોચ્ચાર સાથે ચોરીના ચાર ફેરા ફરી તમામ યુગલોએ જીવનભર સાથે રહેવાનો સંકલ્પ કર્યો હતો. લગ્નવિધિ સંપૂર્ણ રીતે પરંપરાગત રીતિ-રિવાજો મુજબ સંપન્ન કરવામાં આવી હતી અને સમગ્ર પરિસર આનંદ તથા શુભેચ્છાઓથી ગૂંજી ઉઠ્યો હતો.અખાત્રીજના શુભ અવસરે વહેલી સવારથી જ ઉમિયા માતાજી મંદિર પરિસરમાં લગ્નનો ઉત્સાહ સ્પષ્ટ જોવા મળ્યો હતો. વરરાજાઓનું પરંપરાગત રીતે તોરણે સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યારે સમગ્ર પરિસર રંગીન સજાવટ અને ધાર્મિક વાતાવરણથી ઝળહળી ઉઠ્યું હતું. મહેમાનો, આયોજકો અને સ્વાગત સમિતિના સભ્યો દ્વારા સાજન-માજનનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સમૂહલગ્નોત્સવમાં અનેક દાતાઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. મુખ્ય યજમાન તરીકે સાવિત્રીબેન પૂંજાભાઇ શિરવી પરિવાર (રાજેશભાઇ, કપિલભાઇ, જનકભાઈ – મંગવાણા, પૂના) તેમજ ભોજનના મુખ્ય યજમાન વસંતભાઇ લાલજી ચોપડા પરિવાર (અશ્વિનભાઇ – મંગવાણા) રહ્યા હતા. સાથે જ શેરડી રસના દાતા છગનભાઇ પોકાર પરિવાર (નરેન્દ્રભાઇ અને નવીનભાઇ – મંગવાણા) દ્વારા પણ સેવા આપવામાં આવી હતી. અનેક અન્ય દાતાઓના સહયોગથી સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

લગ્નવિધિ દરમિયાન દીપ પ્રાગટ્ય, ગણેશ સ્થાપના, મંડપારોપણ, હસ્તમેળાપ, ચોરીના ચાર ફેરા, માથે હાથ ફેરવવાની વિધિ તથા પરંપરાગત જમણ જેવી તમામ ધાર્મિક વિધિઓ ભવ્ય રીતે સંપન્ન કરવામાં આવી હતી. દરેક યુગલને દાતાઓના સહયોગથી વરરાજાને તલવાર, કન્યાને ચાંદીનો જુડો, પાનેતર તેમજ માટલું જેવી પરંપરાગત ભેટો આપવામાં આવી હતી.

આ પ્રસંગે ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલ, કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી અબજીભાઇ કાનાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપતિઓને સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. તેમણે સમૂહલગ્નની આ પરંપરાને સમાજ માટે લાભદાયી અને પ્રેરણાદાયક ગણાવી હતી.

સમૂહલગ્ન સમિતિના પ્રમુખ રમેશભાઇ પોકાર, મહામંત્રી પ્રાણાલાલભાઇ રામજિયાણી સહિતના હોદ્દેદારો, યુવક મંડળ અને મહિલા મંડળના સભ્યો દ્વારા સમગ્ર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિઓ ચેતનભાઇ ઠાકર (ભુજ) દ્વારા કરાવવામાં આવી હતી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. બિહારીભાઇ રામજિયાણીએ કર્યું હતું.

આ સમૂહલગ્નોત્સવ માત્ર લગ્નનો પ્રસંગ નહીં પરંતુ સમાજમાં એકતા, સહકાર અને પરંપરાના સંરક્ષણનું જીવંત ઉદાહરણ બની રહ્યો છે, જે અન્ય સમાજો માટે પણ પ્રેરણારૂપ સાબિત થઈ રહ્યો છે.

# ગૌસેવા માટે મોટું યોગદાન : માંડવી ચેમ્બર્સને રૂ. ૧૫ લાખનું દાન મળ્યું

માંડવી - કચ્છ ઉદય : કચ્છમાં ગૌવંશની સેવા માટે ચાલતા મહત્વપૂર્ણ અભિયાનને વધુ એક મોટો સહયોગ મળ્યો છે. માંડવી ચેમ્બર્સ ઓફ કોમર્સને નવનીત ફાઉન્ડેશન તરફથી ગાયોના નીરણ કાર્ય માટે રૂ. ૧૫ લાખનું દાન આપવામાં આવ્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગૌવંશને નિયમિત લીલો ચારો મળી રહે તે માટે ચાલતી આ સેવા પ્રવૃત્તિ હવે વધુ મજબૂત બનશે.

માંડવી ચેમ્બર્સ દ્વારા છેલ્લા ચૌદ વર્ષથી સતત જીવદયા કાર્ય કરવામાં આવી રહ્યું છે. નારાયણ સરોવરથી રાપરના આડેસર સુધીના વિસ્તારોમાં આવેલી અંદાજે ત્રીસ પાંજરાપોળો અને આઠ મહાજન વિસ્તારોમાં રહેલા આશરે પચ્ચીસ હજાર જેટલા ગાય અને ગૌવંશ માટે ઉનાળાના ત્રણ મહિના દરમિયાન નિયમિત નીરણ સેવા પહોંચાડવામાં આવે છે. આ કામગીરી માટે દર વર્ષે મોટી સંખ્યામાં વાહનો દ્વારા ચારો વિતરણ કરવામાં આવે છે.

આ વર્ષે પણ ત્રણ મહિના ચાલનારા આ અભિયાન માટે અંદાજે ત્રણસો પચાસ વાહનો દ્વારા વીસ લાખ કિલો જેટલો લીલો ચારો પહોંચાડવાનો આયોજન કરવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરીનો અંદાજિત ખર્ચ લગભગ પાંસઠ લાખ રૂપિયા જેટલો થાય છે, જે દાતાઓના સહયોગથી પૂર્ણ કરવામાં આવે છે.વર્તમાન સમયમાં આર્થિક પડકારો અને વિવિધ પરિસ્થિતિઓ વચ્ચે પણ જીવદયા માટે દાનની પરંપરા ચાલુ રહી છે. આવી સ્થિતિમાં સ્વ. અમરચંદભાઈ ગાલાના મુંબઈ સ્થિત ગાલા પરિવાર તરફથી નવનીત ફાઉન્ડેશન દ્વારા ફરી એકવાર સહયોગ આપવામાં આવ્યો છે. આ દાન બિપિનભાઈ ગાલા દ્વારા માંડવી ચેમ્બર્સને સોંપવામાં આવ્યું હતું. આ સહયોગથી ગૌવંશ માટે ચાલતી નીરણ સેવા વધુ સરળ અને અસરકારક બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. માંડવી ચેમ્બર્સ દ્વારા દાતા પરિવારનો આભાર વ્યક્ત કરીને જણાવ્યું છે કે આવા સહયોગથી જીવદયા કાર્યને સતત બળ મળે છે અને સમાજમાં સેવાની ભાવના વધુ મજબૂત બને છે.

# આહીર સમાજમાં એક જ દિવસે લગ્નની અનોખી પરંપરા

**આહીર સમાજમાં ઉજવણીનો માહોલ સર્જ્યો : ગામેગામ તૈયારીઓ તેજ**

અંજાર - કચ્છ ઉદય : કચ્છના આહીર સમાજમાં વર્ષોથી ચાલી આવતી પરંપરાગત વૈશાખ વદ અંધારી તેરસની એકદિવસીય લગ્નવિધિ નજીક આવતા સમગ્ર વિસ્તારમાં ઉત્સાહ અને આનંદનો માહોલ છવાઈ ગયો છે. આગામી ૧૫ મે, શુક્રવારના રોજ પ્રાંથળિયા આહીર સમાજના ગામોમાં એક જ દિવસે સામૂહિક લગ્ન યોજાવાના હોવાથી દરેક ઘરમાં તૈયારીઓ તેજ બની છે અને ગામેગામ લગ્નોત્સવને લઈને વિશેષ ચહલપહલ જોવા મળી રહી છે.

આહીર સમાજમાં વર્ષમાં માત્ર એક જ દિવસે લગ્ન કરવાની પરંપરા પેઢીથી ચાલતી આવી રહી છે. આ દિવસને અત્યંત પવિત્ર અને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે અને સમગ્ર સમાજ એકસાથે આ પ્રસંગને ઉજવે છે. લગ્નની તારીખ નક્કી થતા જ પરિવારોમાં ખુશીનો માહોલ સર્જાયો છે અને ગામડાંથી લઈને શહેર સુધી તેના સંસ્કાર અને તૈયારીઓનો વ્યાપક પ્રભાવ જોવા મળી રહ્યો છે.

ચૂંટણીના રાજકીય માહોલ વચ્ચે પણ ગ્રામ્ય વિસ્તારોમાં આ લગ્નોત્સવની ધમધમાટ અલગ જ જોવા મળી રહી છે. ભુજ, અંજાર અને નખત્રાણા તાલુકાના પ્રાંથળિયા આહીર સમાજના ગામોમાં દરેક પરિવાર પોતાના રિવાજો અનુસાર લગ્નની તૈયારીઓમાં વ્યસ્ત બન્યો છે. ઘરઘર આયોજન ચાલી રહ્યું છે અને લોકો પરંપરાગત રીતથી આ ઉત્સવને યાદગાર બનાવવા માટે એકજૂટ થયા છે.

લગ્ન નજીક આવતા જ અંજાર, ભુજ, ભચાઉ અને નખત્રાણા સહિતના શહેરોની બજારોમાં પણ ભારે ચહલપહલ જોવા મળી રહી છે. કંકોત્રી છપાવનાર, મંડપ વ્યવસ્થા, રસોઈ સેવા, ઢોલ-નગારા તેમજ અન્ય લગ્ન સંબંધિત વ્યવસાયકારોની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. બજારોમાં વેપાર તેજ બન્યો છે અને ખરીદીનો માહોલ સતત વધતો જોવા મળી રહ્યો છે.

મહિલાઓ પણ મોટી સંખ્યામાં બજારમાં ખરીદી માટે ઉતરી રહી છે. સોનાં-ચાંદીના આભૂષણો, નવા કપડાં, વાસણો, ઈમિટેશન જ્વેલરી તેમજ બૂટ-ચંપલ જેવી વસ્તુઓની ખરીદીમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દરેક પરિવાર પોતાના લગ્નને ભવ્ય અને યાદગાર બનાવવા માટે તૈયારીમાં વ્યસ્ત છે અને બજારોમાં સતત ભીડ જોવા મળી રહી છે.

આ પરંપરામાં એક વિશિષ્ટ રિવાજ પણ જોડાયેલો છે જેમાં લગ્ન બાદ કન્યા થોડો સમય પિયર અને સાસરિયા વચ્ચે વિતાવ્યા પછી કાયમી રીતે સાસરિયામાં રહેવા જાય છે. આ સમયગાળા દરમિયાન કન્યાપક્ષ તરફથી આપવામાં આવતો પરંપરાગત આણું એટલે કે ‘ઝુરો’ તૈયાર કરવામાં આવે છે, જે આ લગ્નોત્સવનો મહત્વપૂર્ણ ભાગ ગણાય છે અને તેની ખરીદી માટે પણ ખાસ માંગ રહે છે. ઉનાળાની કાળઝાળ ગરમી અને ચૂંટણીના માહોલ વચ્ચે પણ સવારના સમયગાળામાં બજારોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. સમગ્ર વિસ્તાર માટે આ લગ્નોત્સવ માત્ર સામાજિક પ્રસંગ નહીં પરંતુ પરંપરા, સંસ્કૃતિ અને એકતાનું જીવંત પ્રતીક બની રહ્યો છે, જેના કારણે ગામેગામ આનંદ અને ઉત્સાહનું અનોખું વાતાવરણ સર્જાયું છે.

# ગાંધીધામ મહાનગરપાલિકાઃ મેયરપદ માટે 'પેરાશૂટ' ઉમેદવાર કે, પાયાના કાર્યકર?: રાજકીય ગરમાવો તેજ

**ભાજપના રણનીતીકારો-આગેવાનો ચેતે : અગાઉ નગરપાલીકા હતી તે વખતે રાતોરાત જ ઉમેદવાર બનાવી ચુંટણી લડાવી અને પ્રમુખપદ સોપી દેવાયુ, શું થયુ હતુ તે વખતે યાદ કરી લેજો.! પ્રમુખ સભ્ય પણ ન હોતા, મનમાની જ ચલાવી, એટલી હદે કે વીરોધ પક્ષ તો ઠીક ખુદ પક્ષના જ સભ્યોની નારાજગીસહન કરવી પડી, તે પણ એટલી ખરાબ રીતે કે પક્ષની આબરૂના પણ ધજાગરા થયા હતા, ભ્રષ્ટાચારને લઈને પક્ષના જ લોકો મોરચા ખુલ્લીને માંડતા થઈ ગયા હતા, ફરીથી સનિષ્ઠ કાર્યકર્તાઓની બાદબાકી કરી અને આવા પેરાસુટ રાતોરાત ચુંટણી લડેલા અને સભ્ય પણ ન રહેલાઓને મેયર પદની તક અપાઈ તો પક્ષની ફજેતી ખરાબ રીતે થશે, ૯૦૦ કરોડનું બજેટ વેડફાઈ જતા પણ વાર નહી થાય.: રાજકીય પંડિતોની લાલબત્તી**

**અગાઉ પણ આવા પેરાસુટ પ્રમુખ બનાવ્યા હતા, સવાર પડે અને આખેઆખુ કુટુંબ નગરપાલીકાને લુંટવા માટે પોતાના વ્યવસાય-ધંધાને મુકીને અહી જ પડયાપાથર્યા રહેતા હતા : કઈક વખત આવા પેરાસુટ બની બેઠેલ પ્રમુખ-સબંધીઓનો સિનિયર આગેવાનોએ નાક કાપ્યા..! પણ આ પેરાસુટ પ્રમુખ પક્ષની પ્રક્રીયા શું છે, તે જાણતા જ ન હતા, પ્રાથમિક સભ્ય પણ ન હતા, તો પછી પક્ષના નીતનિયમોના તો તેઓ ધજાગરા જ ઉડાળવાના હતા ને..? : શું હવે ફરીથી ગાંધીધામ મનપામાં આવું જ થવા પામશે?**

## કાર્યકરોની માંગ: પાયાના સભ્યને ન્યાય મળે

ગાંધીધામ : પક્ષના પાયાના કાર્યકરોની આંતરિક માંગ છે કે, જે સભ્યોએ પક્ષના સિદ્ધાંતોને વરેલા રહીને રાત-દિવસ મહેનત કરી છે, તેમને જ પ્રાધાન્ય મળવું જોઈએ. જો ફરીથી સત્તાની લાલચમાં રાતોરાત પક્ષમાં જોડાયેલા લોકોને તક અપાશે, તો ગાંધીધામ શહેર વિકાસના નામે માત્ર 'ઠેંગો' જ પામશે તેવી લોકચર્ચા જાગી છે.?હવે જોવાનું એ રહે છે કે હાઈકમાન્ડ ભૂતકાળની ભૂલોમાંથી શીખ મેળવીને કોઈ કર્મઠ કાર્યકરને મેયર પદ સોંપે છે કે ફરી 'પેરાશૂટ' નેતાને લાવીને શહેરના ભવિષ્યને જોખમમાં મૂકે છે.

## જનતાના મનમાં ઉઠતા વેધક સવાલો

**૧.નિષ્ઠા કે સગવડ?:** શું પક્ષ માટે વર્ષોથી લોહી-પરસેવો એક કરનારા કાર્યકરો કરતાં 'રાતોરાત' પક્ષમાં આવેલા લોકો વધુ લાયક છે? **૨.પેરાશૂટનો મોહ કેમ?**: અગાઉ પેરાશૂટ નેતાને કારણે ભ્રષ્ટાચારના રેકોર્ડ તૂટ્યા હોવા છતાં, ફરી એ જ ભૂલ કરવાનું જોખમ પક્ષ કેમ લઈ રહ્યો છે? **૩.બજેટનું શું?**: સરકાર દ્વારા ફાળવવામાં આવનાર ૯૦૦ થી ?૧૦૦૦ કરોડનું બજેટ વિકાસમાં વપરાશે કે પછી અગાઉની જેમ ભ્રષ્ટાચારની ભેટ ચડી જશે? **૪.શિસ્તના ધજાગરા કોણ જવાબદાર?:** જેમને પક્ષની વિચારધારા કે પ્રાથમિક સભ્યપદની પણ ખબર નથી, તેઓ મહાનગરપાલિકામાં શિસ્ત કેવી રીતે જાળવશે? **૫.વિકાસ કે વિનાશ?**: ગાંધીધામની જનતાને સક્ષમ નેતૃત્વ જોઈશે કે માત્ર આકાશમાંથી ઉતરી આવેલા નેતાના નામે 'ઠેંગો' **૬.પાયાના કાર્યકરોની ઉપેક્ષા ક્યાં સુધી?**: શું ચૂંટણીમાં મહેનત પાયાના કાર્યકરોએ કરવાની અને સત્તાનો સ્વાદ 'પેરાશૂટ' નેતાઓએ જ ચાખવાનો?

ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ હવે સૌની નજર મેયર પદના તાજ પર ટકેલી છે. મહિલા સામાન્ય રોટેશન મુજબ મેયરની પસંદગી થવાની છે ત્યારે શહેરમાં ચર્ચાનો વિષય એ બન્યો છે કે, પક્ષ વર્ષોથી મહેનત કરતા નિષ્ઠાવાન કાર્યકરને તક આપશે કે ફરી એકવાર કોઈ 'પેરાશૂટ' ઉમેદવારને બેસાડી દેવામાં આવશે?રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે કે અગાઉ નગરપાલિકામાં પ્રમુખ પદે જે રીતે રાતોરાત આકાશમાંથી ઉતરી આવેલા એટલે કે 'પેરાશૂટ' નેતાની પસંદગી કરવામાં આવી હતી, તેનાથી પક્ષ અને શહેર બંનેને નુકસાન થયું હતું. જે તે સમયે પસંદ કરાયેલા નેતા પક્ષની વિચારધારા કે નીતિ-નિયમોથી અજાણ હતા, જેના કારણે તેમના શાસનકાળમાં ભ્રષ્ટાચારના અનેક કિસ્સાઓ સામે આવ્યા હોવાના આક્ષેપો થયા હતા. શિસ્તના ધજાગરા ઉડતા પક્ષની છબી પણ ખરડાઈ હતી અને સભ્યોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

રાજકિય પંડિતો ભાજપ હાઈકમાન્ડ સહિતનાઓને સાવધ કરતા ચર્ચા કરી રહ્યા છે કે, ગાંધીધામ મહાનગર પાલિકાની ચૂંટણીના જંગમાં જનતાએ પોતાનો જનાદેશ આપી દીધો છે, પરંતુ હવે અસલી પરીક્ષા શાસક પક્ષની છે. મેયર પદ માટે જ્યારે 'મહિલા સામાન્ય' રોટેશન જાહેર થયું છે, ત્યારે ગાંધીધામના રાજકીય આકાશમાં ફરી એકવાર 'પેરાશૂટ' નેતાગીરીના વાદળો ઘેરાવા લાગ્યા છે. સવાલ એ નથી કે મેયર કોણ બનશે, સવાલ એ છે કે મેયર પદ માટેની લાયકાત શું હશે? પક્ષ માટે લોહી-પરસેવો એક કરનાર નિષ્ઠાવાન કાર્યકર કે પછી રાતોરાત પક્ષનો ખેસ પહેરીને સત્તાના સપના જોનારા 'નવા નિશાળિયા'?

ભૂતકાળ સાક્ષી છે કે જ્યારે પણ સંગઠનને નેવે મૂકીને આકાશમાંથી નેતાઓ ઉતારવામાં આવ્યા છે, ત્યારે શહેર અને પક્ષ બંનેને મોટું નુકસાન વેઠવું પડ્યું છે. અગાઉના નગરપાલિકા શાસનમાં આપણે જોયું છે કે પેરાશૂટ પ્રમુખને કારણે વહીવટ કથળ્યો હતો.

જે વ્યક્તિને પક્ષની વિચારધારા, નીતિ કે શિસ્તની ગતાગમ ન હોય, તે જ્યારે સત્તાના ઉચ્ચ સ્થાને બેસે છે ત્યારે ભ્રષ્ટાચાર અને મનસ્વી વહીવટ ફૂલેફાલે છે. ગાંધીધામમાં અગાઉ આવા પ્રયોગોને કારણે પક્ષના પાયાના સભ્યોમાં જે નારાજગી વ્યાપી હતી, તેની કિંમત હજુ પણ સંગઠન ચૂકવી રહ્યું છે.

આજે જ્યારે રાજ્ય સરકાર ગાંધીધામના વિકાસ માટે ૯૦૦ થી ૧૦૦૦ કરોડ જેવું માતબર બજેટ ફાળવવાની તૈયારીમાં છે, ત્યારે વહીવટી સૂત્રધાર કોણ હશે તે ખૂબ મહત્વનું છે. શું આટલી મોટી રકમ કોઈ એવા વ્યક્તિના હાથમાં સોંપી શકાય જે માત્ર ચૂંટણીના ગણતરીના દિવસો પહેલા જ પક્ષમાં જોડાયા હોય? રાજકીય પંડિતો સાચું જ કહી રહ્યા છે કે જો ફરીથી ભૂતકાળનું પુનરાવર્તન થશે અને કોઈ બિનઅનુભવી કે 'પેરાશૂટ' ઉમેદવારને મેયર પદ તાસકમાં ધરી દેવામાં આવશે, તો શહેરનો વિકાસ માત્ર કાગળ પર રહી જશે.ગાંધીધામની જનતા અને પક્ષના પાયાના કાર્યકરોની અપેક્ષા છે કે પક્ષ શિસ્ત અને નિષ્ઠાને સન્માન આપે. સત્તા એ સેવાનું માધ્યમ છે, કોઈ 'રાતોરાત નેતા' બનવાની જાદુઈ છડી નથી. જો પક્ષ પોતાની છબી સુધારવા માંગતો હોય અને ગાંધીધામને સાચો વિકાસ આપવા માંગતો હોય, તો 'પેરાશૂટ' સંસ્કૃતિને તિલાંજલિ આપીને જમીની સ્તરના કાર્યકર પર ભરોસો મૂકવો અનિવાર્ય છે. અન્યથા, ભ્રષ્ટાચાર અને શિસ્તના ધજાગરા ઉડતા રહેશે અને જનતા ફરી એકવાર ઠગાયેલી અનુભવશે.

## ખાવડાથી હળવદ જતી વીજ લાઇનમાં લલિયાણા પાસે ૧.૪૩ લાખના વાયરો ચોરાયા

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના ખાવડા વિસ્તારમાં વિશ્વનો સૌથી મોટો સોલાર પાર્ક આવેલો છે. અહીંથી અદાણી કંપનીની વીજ લાઈન હળવદ સુધી જાય છે. જે કામ જ્યોત સ્ટ્રકચર લિ.ને સોંપવામાં આવ્યું છે. લલિયાણા ગામની સીમમાં ૭૭ નંબરના લોકેશન પાસે પસાર થતી લાઈનમાં એલ્યુમિનિયમ કન્ડક્ટરની ચોરી કરવામાં આવી હતી. વીજ કન્ડક્ટરની ૩૬ લાઈનમાંથી ૧૨ લાઈનમાં ૧૧૦૦ કિલો કન્ડક્ટર કિંમત રૂા.૧.૪૩ લાખની ચોરી કરવામાં આવી હતી. આ મુદ્દામાલ નંબર પ્લેટ વગરની બોલેરો ગાડીમાં ભરી ચોરી ગયા હતા. આ મામલે રાજનકુમાર શર્માએ સામખિયાળી પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

## નવ તાલુકા પંચાયતોમાં ભાજપનું સ્ટીમ રોલર : કોંગ્રેસ માટે આત્મખોજનો સમય

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પરિણામોમાં તાલુકા પંચાયતોનું ચિત્ર ભાજપ માટે ઉત્સાહજનક પરંતુ કેટલીક જગ્યાએ આંતરખોજ કરવા મજબૂર કરનારું રહ્યું છે. જિલ્લાની તમામ નવ તાલુકા પંચાયતોમાં ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે, જે વર્ષ ૨૦૨૧ની સરખામણીએ કોંગ્રેસના રકાસને વધુ સ્પષ્ટ કરે છે. ૨૦૨૧માં અબડાસા અને લખપત જેવી તાલુકા પંચાયતોમાં કોંગ્રેસે વિજય મેળવ્યો હતો, જોકે પાછળથી પક્ષપલટા અને રાજકીય સમીકરણોને કારણે ત્યાં કેસરિયો લહેરાયો હતો. પરંતુ આ વખતે મતદારોએ પક્ષના નામને બદલે સ્થાનિક પ્રશ્નો, વ્યક્તિગત છબી અને ઉમેદવારોની જનતા વચ્ચેની સક્રિયતાને વધુ પ્રાધાન્ય આપ્યું હોવાનું પરિણામો પરથી ફલિત થાય છે.

તાલુકા પંચાયતોના વિશ્લેષણમાં વાગડના રાપર તાલુકાએ ભાજપને સૌથી વધુ ગૌરવ અપાવ્યું છે. રાપરની ૨૪ બેઠકોમાંથી ૨૧ બેઠકો પર પ્રચંડ વિજય મેળવી ભાજપે અહીં વિરોધપક્ષને હાંસિયામાં ધકેલી દીધો છે. અંજાર તાલુકા પંચાયતમાં ૧૫ બેઠકો સાથે ભાજપે સત્તા જાળવી છે,


### રાપરમાં ભાજપનો શાનદાર દેખાવ

જિલ્લા મથક ભુજ તાલુકા પંચાયતના પરિણામોમા ૩૨ બેઠકોમાંથી ૨૧ બેઠકો સાથે બહુમતી તો મળી છે, પશ્ચિમ કચ્છના અબડાસામાં ભાજપે ૧૮માંથી ૧૧ બેઠકો જીતી છે, માંડવીમાં ૧૬ બેઠકો સાથે ભાજપ સંતોષજનક સ્થિતિમાં છે, જ્યારે મુન્દ્રામાં ૨૦૨૧ જેવી જ સ્થિતિ વચ્ચે ભાજપે ૧૦ બેઠકો મેળવી સત્તા ટકાવી રાખી છે. ભચાઉ અને નખત્રાણાના પરિણામો પણ ભાજપની તરફેણમાં રહ્યા છે. હવે રાજકીય વિશ્લેષકો બૂથ લેવલના ડેટા સાથે એ તપાસશે. કારણ કે આ પરિણામો આગામી વિધાનસભા ચૂંટણીનો પાયો તૈયાર કરશે.

### અબડાસા વિધાનસભા ક્ષેત્રમાં માતાનામઢમાં સીએમએ યોજેલી ચૂંટણીલક્ષી સભા ફળી : હર્ષ સંઘવીએ પણ કરેલ પ્રચારનો પરીણામમો દેખાઈ અસર


**કચ્છ ભાજપના અધ્યક્ષ દેવજીભાઈ, જિલ્લા સાંસદ વિનોદભાઈ ચાવડા, પ્રદેશ મહામંત્રી અનીરૂદ્ધભાઈ દવે, રાજયમંત્રી ત્રિકમભાઈ છાંગા, મહામંત્રીશ્રીઓ ધવલ આચાર્ય, હિતેશ ખંડોર, ભીમજીભાઈ જોધાણી, કચ્છના તમામે તમામ ધારાસભ્યશ્રીઓ સહિતનાઓની સંગઠન વ્યુહરચના અને વિકાસનીતી ભર્યા કાર્યો પર મતદારોએ લગાવી વોટની મહોર**


## જાહેર આભાર



આપે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર **જીવણજી જાડેજા** પર ભરોસો મુકી મુંદરા-બારોઈ નગરપાલિકા વોર્ડ નં. ૩ના વિજયી બનાવવા બદલ દરેક મતદાતાઓનો ખુબ ખુબ આભાર.....

## હાર્દિક અભિનંદન



**શ્રી શીતલભાઈ શાહ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભુજ નગરપાલિકાના નગરસેવક તરીકે વોર્ડ નં. ૯ માં ગૌરવભેર વિજયી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

દોલત તેજવાણી | મનિષ ભાનુશાલી
વિનય બુદ્ધભટ્ટી | કલ્પેશ સોની
જગદીશ તેજવાણી | લલીત તેજવાણી

## જાહેરાત

કંડલા પોર્ટ કર્મચારી સંઘ દ્વારા તારીખ ૦૧.૦૫.૨૦૨૬ ના રોજ અંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ તેમજ ગુજરાત સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં તારીખ ૩૦.૦૪.૨૦૨૬ ગુરૂવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે સ્ટાફ ક્લબ, ગોપાલપુરી મધ્યે કેરમ, ચેસ સ્પર્ધા તથા બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.




"અંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ"

તેમજ તારીખ ૦૧.૦૫.૨૦૨૬ શુક્રવારના સાંજે ૦૫.૦૦ કલાકે સ્ટાફ ક્લબ, ગોપાલપુરી મધ્યે સભાસદો માટે સામાન્ય સભાનું આયોજન કરેલ છે. સામાન્ય સભા બાદ સંસ્કૃતિક કાર્યક્રમ ૦૭:૦૦ કલાકે તેમજ કેરમ, ચેસ અને ચિત્ર સ્પર્ધાના વિજેતાને ઈનામ વિતરણ દીનદયાલ પોર્ટ ઓથોરીટીના અધ્યક્ષશ્રી સુશીલ કુમાર સિંઘના હસ્તે ૦૭:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે દીનદયાલ પોર્ટ ઓથોરીટીના અધ્યક્ષશ્રી સુશીલ કુમાર સિંઘ, માનનીય અતિથિ તરીકે ઉપાધ્યક્ષશ્રી નીલાભ્રા દાસગુપ્તા, વિશેષ અતિથિ તરીકે મુખ્ય સતર્કતા અધિકારી શ્રી જગદીશ કે. રાઠોડ તેમજ તમામ વિભાગીય વડા ઉપસ્થિત રેહશે.

-:: નિમંત્રક ::-

રાણા કે. વિસરીયા, પ્રમુખ | નારી જે. રામદાસાની, મહામંત્રી

કંડલા પોર્ટ કર્મચારી સંઘ પરિવાર

## અભિનંદન



**ચંદનસિંહ આર. રાઠોડ**
વોર્ડ નં. ૧.
નખત્રાણા નગરપાલિકા

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી-૨૦૨૬માં નખત્રાણા નગરપાલિકા વોર્ડ નં. ૧માં વિજયી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. આપશ્રી રાજકીય અને સામજિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો એવી શુભકામના.

**કેતન વેલજીભાઈ શાહ**
પ્રમુખશ્રી, માકપટ જૈન ગુર્જર સમાજ-કચ્છ.

